gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 26 મે 2022

વૈશાખ વદ-11 , વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 03 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



નોરા ફતેહીને રિતિક રોશન પર હતો ક્રશ

પેજ 11

સુવિચાર

દુનિયાનું સૌથી સુંદર છોડ વિશ્વાસ હોય છે... જે જમીન પર નહી પણ વ્યક્તિના હૃદયમાં ઉગે છે...!!

દુનિયાના સુપર પાવર દેશને હવે ગન કલ્ચર ભારે પડી રહ્યો છે, અત્યાર સુધીમાં હજારો નિર્દોષો હોમાઈ ગયા!

# હાહાકાર: અમેરિકામાં 19 બાળકોની કત્લેઆમ

## 18 વર્ષીય યુવકે ટેક્સાસની એક શાળામાં જઈને કર્યો અંધાધૂંધ ગોળીબાર, કુલ 21ના મોત



ગુજરાત | વંદન

અમેરિકાના તાજેતરના ઈતિહાસમાં ગન કલ્ચરના વરવા સ્વરૂપ સમાન એક લોહિયાળ ઘટનામાં એક પ્રાથમિક શાળાના 19 બાળકો સહિત 21 લોકોની કત્લેઆમ કરવામાં આવી છે. આ ઘટનાને એક 18 વર્ષના યુવાને કરૂણ અંજામ આપ્યો હતો. જો કે, નિર્દોષ બાળકોની હત્યાઓ બાદ તેને ઠાર કરવામાં આવ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને આ ઘટના પ્રત્યે ભારે શોકની લાગણી દર્શાવી હતી. તો ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે હથિયારોના લાયસન્સ આપવાના કાયદામાં સુધારો કરવાની હિમાયત પણ કરી હતી. નિર્દોષ બાળકોની હત્યાના પગલે અમેરિકા સહિત વિશ્વભરમાં તેના પ્રત્યાઘાતો જોવા મળ્યા હતા. અને અનેક નેતાઓએ શોકની લાગણી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનિય છે કે, આ અગાઉ આવી જ એક ઘટનામાં રંગભેદની નીતિના રંગેરંગાઈને એક શ્વેત યુવકે સુપર મોલમાં જઈને 10 જેટલા અશ્વેત લોકોની હત્યા કરી હતી. અમેરિકામાં ગન કલ્ચરે માઝા મૂકી છે. આ ઘટનાને પગલે અમેરિકામાં રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

અમેરિકામાં ગન કલ્ચરનું વધુ એક ખતરનાક પરિણામ આવ્યું હોય તેમ માત્ર 18 વર્ષનાં એક યુવકે ટેકસાસની

(અનુ. પાના 6 ઉપર)

## ગન કલ્ચર સામે હવે એકશન જ વિકલ્પ : રાષ્ટ્રપતિ બાઈડન

ગુજરાત | વંદન



ટેકસાસની સ્કૂલમાં બંદૂકધારી યુવકે આચરેલા હત્યાકાંડથી અમેરિકી પ્રમુખ જો બાઈડન પણ વ્યથિત બન્યા છે અને ગન કલ્ચર સામે એકશન લેવા સિવાય કોઈ વિકલ્પ ન હોવાનું આક્રમક વિધાન કર્યું છે.

આ ભયાનક ઘટના વિશે ટિપ્પણી કરતાં તેઓએ કહ્યું કે ભગવાનના નામે હવે આપણે ક્યારે ગન કલ્ચર સામે મેદાને આવશું. હવે તે કરવાની જરુર છે જે કરવું જ પડશે. 19 બાળકોના માતા-પિતા હવે પોતાના સંતાનને ક્યારેય નિહાળી નહીં શકે. હવે તો કાઈક કરવું જ પડશે. ગન કલ્ચર સામે ગન ઉઠાવીને આંદોલન કરતાં લોકોને હવે સમજાવવું પડશે. ગન કલ્ચરને હવે માફ કરવામાં નહીં આવે.




Open a Free Demat A/c* with mastertrust

બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 53,749.26 | 16,025.80 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| એનટીપીસી | +3.74% |
| HDFC લાઈફ | +2.94% |
| SBI લા.ઈન્શ્યો. | +2.12% |

ટોપ લુઝર્સ

| | |
|---|---|
| એશિયન પેઈન્ટ્સ | -7.97% |
| અદાણી પોર્ટ્સ | -5.78 % |
| ડિવાઈસ લેબ્સ | -3.87% |

mastertrust®

BROKING & INVESTMENTS



| સોનું | ચાંદી |
|---|---|
| 52805 | 62000 |




## ન્યૂઝ બ્રિફ

### આતંકવાદીઓને ફંડિંગ આપવાના કેસમાં યાસિન મલિકને આજીવન કેદની સજા

અલગતાવાદી નેતા યાસીન મલિકને ટેરર ફન્ડિંગ કેસમાં આજીવન કારાવાસની સજા કરવામાં આવી છે. અગાઉ યાસીનને NIA કોર્ટ અગાઉ જ દોષિત ઠરાવી ચુકી હતી. યાસીન સામે પાકિસ્તાનનું સમર્થન



કરી કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ફન્ડિંગ કરવા તથા આતંકવાદીઓને શસ્ત્રો-હથિયારો ઉપલબ્ધ કરાવવાને લગતા વિવિધ કેસ હેઠળ આ સજા કરવામાં આવી છે. બીજી બાજુ સજા અગાઉ પટિયાલા હાઉસ કોર્ટની સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. જ્યારે શ્રીનગરના અનેક બજારો બંધ થઈ ગયા છે. લાલ ચોક સહિત અનેક વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે.શ્રીનગરની આજુબાજુના વિસ્તારોમાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી છે.

### બારામુલ્લામાં સેનાએ 3 પાકિસ્તાની આતંકીઓને કર્યા ઠાર, એક જવાન શહીદ

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. અહીં એક ઓપરેશનમાં સુરક્ષા



દળોએ 3 પાકિસ્તાની આતંકવાદીઓને ઠાર કર્યા છે. તે જ સમયે, આ ઓપરેશન દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આતંકીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. જમ્મુ-કાશ્મીર પોલીસે આ માહિતી આપી છે.

### મોદી કેબિનેટનો મોટો નિર્ણય: હિન્દુસ્તાન ઝીંકમાંથી ભાગીદારી વેચશે

પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં મોટો નિર્ણય લેવામા આવ્યો છે. જેમાં હિન્દુસ્તાન ઝીંકમાં ભાગીદારીના વેચાણને મંજૂરી આપી



દીધી છે. સરકારે હિન્દુસ્તાન ઝીંકમાં પોતાની ભાગીદારી વેચશે. આ સરકારી કંપનીમાં સરકારી ભાગીદારી 29.54 ટકા છે. ભાગીદારી વેચાણથી સરકારને લગભગ 36,500 કરોડ રૂપિયા મળવાની આશા છે. કેબિનેટની સ્ટેક સેલના નિર્ણયથી હિન્દુસ્તાન ઝીંકના શેર 7.28 ટકા ચડી ગયા હતા. આપને જણાવી દઈએ કે, પીએમ મોદી જપાનથી પરત ફર્યા બાદ તુરંત કેબિનેટ બેઠક બોલાવી હતી. ઉલ્લેખનીય છે કે, મોદી સરકારે હાલમાં જ એલઆઈસીનો આઈપીઓ ઈશ્યુ કર્યો હતો.

### વાંકી નજરે...




## રાજકારણમાં ગુજરાત અને ગુજરાતીઓનો દબદબો, જયેશભાઈ જોરદાર..ની જેમ નરેન્દ્રભાઈ જોરદાર..!

# સૌથી વધુ છપાયુ-સૌથી વધુ બોલાયુ એ નામ છે: પીએમ નરેન્દ્ર મોદી..!



### આયોજનમાં આગળ મોદી અને શાહ સને 2036માં અમદાવાદમાં ઓલિમ્પિક રમતોત્સવની તૈયારીઓ કરી રહ્યાં છે....!

ગુજરાત | વંદન

વિરોધપક્ષના એક નેતા મને મળવા આવ્યાં અને મને સહજ ભાવે હળવેકથી કહ્યું- તમે બે વાર તો વડાપ્રધાન બન્યા હવે શું જોઈએ છે જીવનમાં...? ત્યારે મેં તેમને કહ્યું કે જુઓ, હું અલગ ધાતુનો બનેલો છું એટલે બે વાર વડાપ્રધાન બન્યા તો ત્રીજીવાર નહીં બનવાનું એમાં હું માનતો નથી, મૈં અલગ ધાતુ કા બના હું..!

આ બાબતનો ખુલાસો દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યો ત્યારે એ નક્કી થઈ ગયું કે 2024માં પણ મોદી હી આયેંગે..અને 2029માં પણ. ! અને તેઓ જીતે તો એમાં કોઈને શું વાંધો હોઈ શકે. દેશની પ્રજા નક્કી કરે છે અને વિરોધપક્ષમાં દમ ના હોય તો ભલે ને ફરી ફરીને જીતે. 2019માં ભાજપ પ્રચંડ બહુંમતિ સાથે, હમ દો સે દોબારા આયે.. અને ભાજપ ફરીથી નહીં જીતે એમ જો કોઈ શરત મૂકે તો ચોક્કસ હારી જ જાય.

નરેન્દ્રભાઈ મોદીને નજીકથી ઓળખનારા કહે છે કે તેઓ 10-10 વર્ષનું આયોજન કરે છે. ઘણાં ઓછા જાણતા હશે કે સને 2036માં અમદાવાદમાં ઓલિમ્પિક રમતોત્સવની તૈયારીઓ તેઓ કરી રહ્યાં છે....! જે રમતોત્સવ અમેરિકા-બ્રિટન, ચીન અને જાપાન જેવા દેશોમાં યોજાય છે તે આંતરરાષ્ટ્રીય સ્તરનો રમતોત્સવ સાબરમતીના તટે યોજાય તેવા આયોજનની તૈયારીઓ ચાલી રહી છે...

તેમનો લક્ષ્ય છે-એક નયા ભારત બનાયે.. એક નયા ઈતિહાસ બનાયે હમ...કહો હૈ કીસી મેં ઈતના દમ...!? નવુ નવુ કરવુ અને એવુ કરવુ કે ભારતની આન-બાન અને શાનમાં વધારો થાય. ભારત હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પાંચમાં પૂછાતો થયો તે તેમના કારણે છે એમ જો કોઈ કહે તો તેમાં દમ છે. 24 ફેબ્રુઆરીના રોજ રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો, યુધ્ધ શરૂ થયુ (અને હજુ પણ યુધ્ધ ચાલી રહ્યું છે) ત્યારે યુક્રેન સહિતના દેશોની નજર ભારત પર હતી કે ભારત કોઈ રસ્તો કાઢશે...! આ અગાઉ ભારતને કોઉ પૂછતુ પણ નહોતું એમ જો કોંગ્રેસવાળાને કહીએ તો ભાજપવાળા મોં મચકોડે તે સ્વાભાવિક છે...


તેમની પ્રથમ શપથવિધિ 24 મે, 2014ના રોજ યોજાઈ અને બીજી શપથવિધિ 30 મે 2019ના રોજ યોજાઈ. ભાજપ દ્વારા તેમની સરકારને 8 વર્ષ અને બીજી ટર્મમાં 3 વર્ષ પૂરા થઈ રહ્યાં છે તેની શાનદાર ઉજવણીની તૈયારીઓ કરી રહી છે.

સરકાર અને ભાજપમાં મોદીની એવી જડબેસલાક પક્કડ છે કે જેમને મંત્રીમંડળમાંથી પડતા મૂક્યા તે પ્રકાશ જાવડેકર, રવિશંકરપ્રસાદ એક ખૂણે મૌન ધારણ કરીને બેસી ગયા. 2019માં તેમણે બીજી ઈનિંગ્સમાં 37 મંત્રીઓને પડતા મૂક્યા જેમાં અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, જયવર્ધનસિંહ રાઠોડ, ઉમાભારતીનો સમાવેશ થાય છે તેઓએ કોઈ અસંતોષ કે બળાપો કાઢ્યો નહોતો. જો કે જેટલી અને સ્વરાજના તો નિધન થઈ ગયા છે પણ અન્યો જે પૂર્વ મંત્રી બની ગયા તેમાંથી કોઈ ચૂં કે ચાં કરી શકે તેમ નથી. ગુજરાતમાં કોઈને મંત્રીમંડળમાંથી પડતા મૂકે તો કાગારોળ કરી મૂકે. સીએમપદેથી વિજય રૂપાણી

(અનુ. પાના 6 ઉપર)

## કપિલ સિબ્બલે કોંગ્રેસને કર્યું ટાટા બાય બાય, હવે સપાના સમર્થનથી જશે રાજ્યસભામાં!

### કપિલ સિબ્બલ સમાજવાદી પાર્ટીમાંથી રાજ્યસભામાં જશે, લખનઉમાં ફોર્મ ભર્યુ : એક દિગ્ગજ નેતાએ કોંગ્રેસનો સાથ છોડ્યો



ગુજરાત | વંદન

રાજ્યસભાની ચૂંટણી રસપ્રદ બની રહી છે. દિગ્ગજ નેતા કપિલ સિબ્બલે આજે લખનઉમાં રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી છે. જો કે અહીં એક વાત ખાસ જણાવવાની કે કપિલ સિબ્બલે હવે કોંગ્રેસને ટાટા બાયબાય કરી દીધુ છે અને આજે સમાજવાદી પાર્ટીના ચીફની હાજરીમાં પોતાની ઉમેદવારી નોંધાવી. એટલે અર્થ સ્પષ્ટ છે કે સપાનું તેમને સમર્થન છે. કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યાનો ખુલાસો તેમણે આજે કર્યો.

કપિલ સિબ્બલે આજે સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવ અને રામગોપાલ યાદવની હાજરીમાં લખનઉ ખાતે રાજ્યસભા ચૂંટણીમાં માટે ઉમેદવારી નોંધાવી. ઉમેદવારી નોંધાવ્યા બાદ તેમણે કહ્યું કે મે 16મી મેના રોજ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધુ હતું.

(અનુ. પાના 6 ઉપર)

#### બંને તરફથી થયેલા ગોળીબારમાં શાર્પશૂટરને પગમાં વાગી ગોળી

## દિલ્હીમાં એન્કાઉન્ટર: બોક્સર ગેંગના શાર્પશૂટરને ઝડપી લેવાયો

ગુજરાત | વંદન



દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ગઈકાલે વહેલી સવારે નરેલા વિસ્તારમાં ભારે મોટી એક્શન લીધી હતી. પોલીસે સવારના સમયે એન્કાઉન્ટર દ્વારા જિતેન્દ્ર ગોગી-દીપક બોક્સર ગેંગના શાર્પશૂટર સંદીપને ઝડપી લીધો હતો. બંને તરફથી થયેલા ગોળીબારમાં શાર્પશૂટર સંદીપને પગમાં ગોળી વાગી છે અને તે ગંભીર રીતે ઘવાયો છે.

દિલ્હી પોલીસના કહેવા પ્રમાણે સ્પેશિયલ સેલે નરેલા ખાતે એન્કાઉન્ટર બાદ જિતેન્દ્ર ગોગી-દીપક બોક્સર ગેંગના શાર્પશૂટર સંદીપની ધરપકડ કરી લીધી છે. તેના પાસેથી એક સેમી ઓટોમેટિક પિસ્તોલ મળી આવી છે. જાણવા મળ્યા મુજબ ધરપકડ કરવામાં આવી છે તે આરોપી સંદીપ ઉર્ફે બસી વોન્ટેડ હતો અને 5થી વધારે જઘન્ય ગુનાઓમાં ફરાર હતો.


LEADING SALON BRAND for NAILCARE

Nail Lacquers
Gel System • Gel Polishes
Acrygel • Chromes
Manicure Pedicure
Nail Art

LYN
LIVE YOUR NOW



Contact no. +91 99300 14987 / +91 98989 98582
www.thelynshop.com marketing@headrushmail.com

### પુરઝડપે વાહન હંકારનારને સ્પીડ ગન- ઈન્ટર સેપ્ટર પકડી પાડશે: ગતિ મર્યાદા નક્કી કરાઈ

# રાજયભરમાં હાઈવે પર ઓવર સ્પીડ માટે આકરો દંડ: IG પિયુષ પટેલ

ગુજરાત | વંદન

રાજયભરના હાઈવે પર પુર ઝડપે વાહન હંકારવાના કારણે અકસ્માતોની હારમાળા સર્જાય છે અને અનેક લોકોને જાન ગુમાવવાનો વખત આવે છે ત્યારે હવે સમગ્ર રાજયમાં ઓવર સ્પીડથી વાહન હંકારનાર સામે આકરા દંડની જોગવાઈનો અમલ શરુ કરાવવાના ટ્રાફીક વિભાગના વડા આઈજીપી પિયુષ પટેલે નિર્દેશ આપ્યા છે.

રાજયના ટ્રાફિક વિભાગના વડા સીનીયર આઈપીએસ અધિકારી પિયુષ પટેલે જણાવ્યું હતું કે હાઈવે પર થતા અકસ્માતો નિવારવા અને નિરંકુશ રીતે ચલાવાતા વાહનો માટે નવી નીતિ અખત્યાર કરવામાં આવી છે. પિયુષ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, હાલ રાજયનાં મહાનગરોને ટ્રાફિક નિયમન માટે 46 જેટલી સ્પીડ ગન અને ઈન્ટર સેપ્ટર ફાળવવામાં આવ્યા છે અને ઓવર સ્પીડના કારણે અકસ્માતોના બનાવો ઘટાડવા માટે નવી 212 જેટલી સ્પીડ ગન ખરીદવા ઓર્ડર આપી દેવાયો છે અને નવા 48 જેટલા તૈયાર કરવામાં આવેલા ઈન્ટર સેપ્ટર પણ શહેરોને ફાળવવામાં આવશે.

ટ્રાફિક વિભાગના વડાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે નવી ખરીદવામાં આવનાર સ્પીડ ગન અને ઈન્ટર સેપ્ટરોને હાઈવે પર જ કામગીરી કરવાની રહેશે અને આ માટે દરેક શહેરોના પોલીસ વડાને રાજયના ટ્રાફિક વિભાગ દ્વારા ખાસ સૂચના આપવામાં આવશે.

ટ્રાફીક વિભાગના વડાએ વાતચીતનાં અંતમાં જણાવ્યું હતું કે ગતિ મર્યાદાનો નિયમ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ તથા અન્ય મેડીકલ ઈમરજન્સીના વાહનોને લાગુ પડશે નહી. ગતિ મર્યાદાનો ભંગ કરનાર વાહનચાલકને સ્થળ પર જ આકરો દંડ ફટકારવામાં આવશે. અમદાવાદ બાદ આગામી ટુંક સમયમાં રાજકોટના ધોરીમાર્ગો પર પણ ગતિમર્યાદાના અમલ માટે કાર્યવાહી હાથ ધરાનાર હોવાના નિર્દેશો સાંપડી રહ્યા છે.

### અમદાવાદમાં એસજી હાઇવે માટે સ્પીડ લિમિટ કરાઇ નક્કી




હાલ અમદાવાદના હાઈવે પર ઓવર સ્પીડમાં વાહનો હંકારનાર ચાલકો માટે આકરા દંડના પાયલોટ પ્રોજેકટનો અમલ શરુ કરી દેવાયો છે. જેમાં સરખેજ ગાંધીનગર હાઈવે સિંધુ ભવન રોડ, સરદાર પટેલ રીંગરોડ સહિતના માર્ગો પર ગતિ મર્યાદા નકકી કરવામાં આવી છે. અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા એક ખાસ જાહેરનામામાં ઉપરોક્ત માર્ગો પર કારની સ્પીડ 70 કી.મી. પ્રતિ કલાક, 100 સીસીના ટુવ્હીલર માટે 60 કી.મી. પ્રતિ કલાક અને બાકીના વાહનો માટે 50 કી.મી. પ્રતિ કલાકની સ્પીડનો માપદંડ રાખવામાં આવ્યો છે. અમદાવાદ પોલીસ કમિશ્નરના આ જાહેરનામાનો ભંગ કરનાર વાહન ચાલકો પ્રથમ વખત પકડાય તો રૂા.2 હજાર, બીજી વખત પકડાય તો રૂા.4 હજાર અને જો ત્રીજી વખત ઓવર સ્પીડથી વાહન હંકારતા મળી આવે તો તેમનું લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

### આરોપી સામે આકરી કાર્યવાહી કરવા બજરંગ દળની પોલીસ સમક્ષ માંગણી

# એર હોસ્ટેસનો અભ્યાસ કરતી યુવતીને વિધર્મી યુવક ભગાડી ગયો, સેકટર - 7 પોલીસ મથકે ફરિયાદ

ગુજરાત | વંદન

ગાંધીનગરમાંથી 19 વર્ષીય યુવતીને વિધર્મી યુવક ભગાડીને જતા સેકટર - 7 પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે. જ્યારે આ અંગે બજરંગ દળ મેદાને આવી ગયું છે. સત્વરે યુવતીને શોધી કાઢવા માટે પોલીસ પાસે માંગ કરવામાં આવી છે. આ મામલે સેકટર - 7 પોલીસ દ્વારા સગીરાની શોધખોળ કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના સેકટર-13 ખાતે રહેતાં




યુવતીના પિતાએ જણાવ્યું હતું કે, મારી 19 વર્ષીય દીકરીએ ધોરણ-12 સુધીનો અભ્યાસ કર્યો છે. જે એર હોસ્ટેસનો પણ કોર્સ કરતી હતો. જોકે, તેણે અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હતો. ગઈકાલે હું શાકભાજીની લારી ઉપર હતો. એ વખતે ઘરે મારી બે દીકરીઓ ઘરે હતી. ત્યારે સાંજના સમયે મોટી દીકરી ઘરેથી પકોડી ખાવાનું કહીને ઘરેથી નીકળી ગઈ હતી.

તેમણે કથિત આક્ષેપ કરતાં ઉમેર્યું હતું કે, દીકરીને સેકટર-14માં રહેતો શખ્સ રિક્ષામાં બેસાડી લઈ ગયો હોવાનું મારી નાની દીકરીએ જોયું હતું. જેની જાણ થતાં અમે બધાએ આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી. આખરે સેકટર-7 પોલીસ મથકે ગયા હતા. જ્યાં શખ્સના પિતા પહેલેથી પોલીસ મથકમાં હાજર હતા. જેનાં પગલે બંને પક્ષે હોબાળો પણ થયો હતો.

વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે. ઘરમાં તપાસ કરતા અંદાજીત પોણા બે લાખ રૂપિયા તેમજ ચાંદીની કાનની શેરો પણ ગાયબ છે. વિધર્મી શખ્સ કરિયાણાની દુકાન ચલાવે છે. આ અંગે જાણ થતાં જ બજરંગ દળના કાર્યકરો સવારથી જ પોલીસ મથકે પહોંચી ગયા છે અને સાંજ સુધીમાં યુવતીને પરત લાવી દેવાની માંગ કરાઈ છે.

આ અંગે બજરંગ દળના પ્રમુખ શક્તિ સિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, સાંજ સુધીમાં યુવતીને શોધવામાં નહીં આવે તો વિધર્મી શખ્સના ઘરે બજરંગ દળના કાર્યકરો પહોંચી જશે. હાલમાં વિધર્મી શખ્સનાં મિત્રને પોલીસ મથકે લઈ આવ્યા છીએ. જેની પોલીસ પૂછતાંછ કરી રહી છે.

## દૂધની થેલી પર MRP કરતાં 1 રૂપિયો વધુ લેવા બદલ તોલમાપ ખાતાની કાર્યવાહી

ગુજરાત | વંદન

દરેક પ્રોડક્ટ પર લખાયેલી એમઆરપી કરતાં વધારે પૈસા લેવા તે ગુનો છે. આમ છતાં કેટલાક વેપારીઓ વધારે રકમ લેતા હોવાથી તોલમાપ વિભાગની સજાનો ભોગ બનવું પડે છે. રાજ્યના કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહકની બાબતોની કચેરી દ્વારા અમદાવાદના સેટેલાઇટ વિસ્તારની જય ગણેશ ડેરી પાર્લર, ગાંધીનગરના કુડાસણની હોટેલ પ્લસ રેસ્ટોરાં અને બેન્કવેટને એમઆરપી કરતાં વધારે કિંમત લેવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. જય ગણેશ ડેરી પાર્લરે અમૂલ દૂધની 500 એમએલની ગોલ્ડ દૂધની થેલી પર રૂ. 30ની કિંમત છાપી હોવાથી રૂ. 30 વસૂલવા જોઈએ.

આમ છતાં વેપારીએ રૂ. 1 વધારે લેતાં નિયામક ગ્રાહકોની બાબતની કચેરીએ કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીમાં ફરિયાદમાં તથ્ય જણાતા છેવટે જય ગણેશ ડેરી પાર્લરને 2 હજાર દંડ ફટકારાયો છે. જ્યારે કુડાસણની હોટેલ પ્લસ રેસ્ટોરાં અને બેન્કવેટમાં તપાસ કરતા હોટેલ દ્વારા પાણીની બોટલ રૂ.20ની એમઆરપી છાપેલી હતી, પણ રૂ. 74 વસુલાતા હતા. ઉપરાંત હોટેલમાં ખાદ્ય પદાર્થ પણ વેચતા હતા.

# રાજપૂત સમાજે લડત આપવા 21 લોકોની સમિતિ બનાવી

### પથરીના ઓપરેશન બાદ યુવકનુ મોત, ડોક્ટરો પર બેદરકારીનો આરોપ

ગુજરાત | વંદન

સરગાસણ સ્થિત આશ્કા હોસ્પિટલમા પથરીના ઓપરેશન કરાવવા દાખલ થયેલા યુવકનુ મોત થયુ હતુ. પરિવારજનોએ તબીબની બેદરકારીના મોતનો આક્ષેપ લગાવ્યો હતો. બે દિવસ સુધી મૃતદેહ સ્વીકારવામા આવ્યો ન હતો. ત્યારબાદ પીએમ રીપોર્ટમા બેદરકારી સામે આવશે તો ગુનો નોંધવામા આવશે તેવી બાહેંધરી આપ્યા પછી મૃતદેહ સ્વીકારવામા આવ્યો હતો.

રાજપૂત સમાજમા શોકસભા



રાખ્યા પછી આગામી લડત ચલાવવા 21 લોકોની સમિતિ બનાવવામા આવી હતી. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષા દ્વારા સુરેન્દ્રસિંહ ચૌહાણનુ આશ્કા હોસ્પિટલ તથા તેમના ડોકટરોની બેદરકારીના કારણે જે મૃત્યુ થયું છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષા તેમની પડખે ઉભા રહી મૃતકના પરિવારને ન્યાય મળી રહે તે માટેની તૈયારી બતાવી છે અને જરૂર પડે સરકારને રજુઆત કરવા પણ બ્રહ્મ સમાજ તેમની સાથે છે.

કુડાસણમા રહેતા આશરે 40 વર્ષિય સુરેન્દ્રસિંહ હુકમસિંહ ચૌહાણ ગત મંગળવાર 17 મેના રોજ સરગાસણમા આવેલી આશ્કા હોસ્પિટલમા પથરીનુ ઓપરેશન કરાવવા દાખલ થયા હતા. પરતુ ઓપરેશન પછી દર્દીનુ મોત થઈ ગયુ હતુ. જ્યારે તબીબ ફરાર થઈ ગયો હતો. દર્દીના મોત પછી હોસ્પિટલ તંત્ર દ્વારા મૃતકના અંગુઠા લગાવી લેવામા આવ્યા હતા.

## સેક્ટર-24માં ચોરીનો મોબાઈલ વેચવા ફરતો ચોર ઝડપાયો

ગુજરાત | વંદન

### પોલીસે રૂ. 35 હજારના 2 મોબાઈલ જપ્ત કર્યો, ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ

સેક્ટર 24માં ચોરીના મોબાઈલ વેચવા આવનારા શખસને પોલીસે ઝડપી લીધો હતો. એલસીબીની ટીમને બાતમી મળી હતી કે એક શખસ શંકાસ્પદ જોવા મળી રહ્યો છે અને તે મોબાઈલ વેચવા માટે ફરી રહ્યો છે. પોલીસે આરોપીને પકડી પૂછતાછ કરતાં ચોરીના મોબાઈલ હોવાનું સામે આવ્યું હતું.

એલસીબી 2ના પીઆઈ જે. એચ. સિંધવની ટીમને બાતમી મળી હતી કે સેક્ટર 24 માર્કેટમાં એક શખ્સ શંકાસ્પદ જોવા મળી રહ્યો છે. આથી પોલીસની ટીમે પહોંચીને



શખસને પકડી તેની પૂછતાછ કરતાં યાસીન અબ્બાસભાઈ મહંમદહુસૈન શેખ (રહે. શહેરી ગરીબ આવાસ યોજના, વટવા, અમદાવાદ) જણાવ્યું હતુ. તેની પાસેથી 2 મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જે જિલ્લાના રખિયાલ પોલીસ મથક વિસ્તારમાંથી ચોર્યા હતા. પોલીસે રૂ. 35 હજારના 2 મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી રખિયાલ પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

# લાલજી પટેલે પાટીદાર સામેના કેસોને લઈ આપી ચિમકી

### સમાજ આંદોલન નહીં કરે પણ અન્ય પક્ષને સમર્થન આપશે

ગુજરાત | વંદન

પાટીદાર અનામત આંદોલન દરમિયાન સમાજના યુવાનો સામે પોલીસ કેસો થયા હતા, જેમાં મુખ્યત્વે રાજદ્રોહના કેસ હતા. રાજદ્રોહના કેસ સહિત તમામ કેસ ઓગસ્ટ સુધીમાં પાછા ખેંચવા એસપીજીના લાલજી પટેલે માગ કરી છે. તેમણે કહ્યું હતું કે, ઓગસ્ટ સુધીમાં કેસ પાછા નહીં ખેંચાય તો પાટીદાર સમાજ ભાજપને બદલે અન્ય પક્ષનું સમર્થન માગશે અને જે પક્ષ મુદ્દા સાથે સહમત થશે તેને ટેકો આપશે. પાટીદારો સામેના એક પછી એક કેસ રાજ્ય સરકાર પરત ખેંચી રહી છે છતાં હજુ સુધી રાજદ્રોહ જેવા કેસ પાછા ખેંચ્યા નથી. જે 14 મૃતકો છે તેમના વારસદારોને સરકારી નોકરી આપવી તે માગણી પણ સ્વીકારાઈ નથી. એસપીજીના નેતા લાલજી પટેલે ભાજપ સરકારને ચીમકી આપી છે કે, અમે ઓગસ્ટ સુધી રાહ જોઈશું, ત્યાં સુધીમાં પાટીદારો સામેના કેસ પાછા ખેંચવામાં આવે. ઉપરાંત 14 મૃતકોના વારસદારોને નોકરી આપવામાં આવે આવે. આ માગ નહીં સ્વીકારાય તો પાટીદાર સમાજ આંદોલન નહીં કરે પણ અન્ય પક્ષને સમર્થન આપશે.

#### આંદોલન પછી કેટલાક લોકો રાજકારણમાં ગયા અને પોતાનો ફાયદો કરી લીધો, હાર્દિકને કટાક્ષ

પાટીદાર સમાજનું અનામત મેળવવાનું આંદોલન કોઈ એક વ્યક્તિથી થયું નથી, સમાજથી થયું છે. કોઈ એક વ્યક્તિ એવું કહે કે, હું આંદોલનનો ચહેરો હતો, પણ લાખો લોકો જોડાયા અને આંદોલન સફળ થયું. આંદોલન પછી જે લોકોએ રાજકારણમાં જવું હતું તે લોકો રાજકારણમાં ગયા અને પોતાનો ફાયદો લેવો હતો તેમણે ફાયદો લઈ લીધો.

## ગલુદણમાં બોગસ પાવર ઓફ એટર્નીથી જમીનના દસ્તાવેજ મુદ્દે છ સામે ગુનો

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં જમીન સંબંધિત છેતરપિંડીની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગલુદણ ગામમાં ટાઈટલ ક્લિયર માટે ખેડૂતની સહીઓ લઈને બોગસ પાવર ઓફ એટર્નીથી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી લેવા મામલે આખરે છ વ્યક્તિઓ સામે ડભોડા પોલીસ મથકમાં ગુનાહિત ષડયંત્ર સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ભૂમાફિયાઓએ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે છેતરપિંડી આચરી હોવાનું બહાર આવી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ જમીનના ભાવ આસમાને આંબી રહ્યા છે ત્યારે ખેડૂતો સાથે છેતરપિંડીની ઘટનાઓ સતત વધી રહી છે. ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામે રહેતા વૃદ્ધ પ્રકાશભાઈ ભીખાલાલ જાનીની જમીન ખરીદવાના બહાને ટાઈટલ ક્લિયર માટે સહીઓ લઈને તેમની જમીનનો બોગસ પાવર ઓફ એટર્ની બનાવી બારોબાર વેચાણ દસ્તાવેજ કરી દેવામાં આવ્યો હતો. કરોડો રૂપિયાની કિંમતી જમીનનો આ પ્રકારે બારોબાર સોદો થઈ જતા ગામમાં પણ ભારે હોહા થઈ ગઈ હતી. જેથી આ મામલે ગ્રામજનો રજૂઆત માટે ગાંધીનગર કલેકટર કચેરીએ પહોંચ્યા હતા અને સબ રજીસ્ટારે પણ દસ્તાવેજ કરવામાં ચૂક થઈ હોવાનું કબૂલ્યું હતું. ત્યારબાદ કલેક્ટરે આ મામલે ગુનો દાખલ કરવા માટે આદેશ આપ્યો હતો.

### અનેક રહીશોને નાછૂટકે પાણી ખરીદવાની ફરજ પડી રહી છે

# સેક્ટર-12ના જ-ટાઈપમાં ડહોળું પાણી આવતાં સ્થાનિકોમાં રોષ

ગુજરાત | વંદન

છેલ્લા ઘણાં સમયથી ડહોળું પાણી નગરના સેક્ટર-12ના જ-ટાઈપના સરકારી મકાનોમાં આવી રહ્યું છે. ડહોળું પાણી આવતું હોવાથી તે અંગે સુવિધા કેન્દ્રમાં લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવામાં આવી છે. તેમ છતાં કોઈ જ નિરાકરણ નહી આવતા સ્થાનિક લોકોમાં પાણીજન્ય રોગચાળાની દહેશત ફેલાઈ છે.

રાજ્યના પાટનગરને સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત રોડ રસ્તા



પહોળા કરવાની સાથે સાથે 24 કલાક પાણી આપવા માટે નવીન પાઈપ લાઈન નાંખવામાં આવી રહી છે. જ્યારે બીજી તરફ રાજ્યના પાટનગરના સેક્ટર-12માં આવેલા સરકારી ક્વાર્ટસ જ-ટાઈપના મકાનોમાં છેલ્લા દસેક દિવસથી ડહોળું પાણી આવી રહ્યું છે. પીવાનું પાણી ડહોળુ આવતા સ્થાનિકોને પાણીજન્ય રોગચાળાની દહેશત ફેલાઈ છે. ડહોળું આવતું પીવાનું પાણી અંગે સ્થાનિક સુવિધા કેન્દ્રમાં લેખિત રજુઆત કરવામાં આવી છે. ત્યારે તમારે અહી રજુઆત નહી ત્યાં રજુઆત કરવી તેવા બહાના સુવિધા કેન્દ્રના કર્મચારીઓ દ્વારા બતાવવામાં આવી રહ્યા છે. આથી સેક્ટરના સરકારી ક્વાર્ટસના રહિશોની સમસ્યાઓના ઉકેલ માટે બનાવેલી સુવિધા કચેરી ડહોળા પાણી અંગે દુવિધા સમાન હોય તેવો આક્ષેપ સ્થાનિક લોકોએ કર્યો છે.

કાળઝાળ ગરમીમાં પીવાનું પાણી જ ડહોળું આવતું હોવાથી જ ટાઈપના સ્થાનિક લોકોને ના છુટકે વેચાતુ પાણી ખરીદવાની ફરજ પડી છે. ત્યારે સેક્ટર-12ના જ-ટાઈપના સ્થાનિક રહિશોને ડહોળા પાણીનું કારણ શોધીને તાકિદે રીપેરીંગ કરવામાં આવે તેવી માંગણી સ્થાનિક રહિશોમાં ઉઠી છે.

## 4 અબજનાં ખર્ચે ગાંધીનગર જૂના સચિવાલયને અપાશે કોર્પોરેટ લુક

ગુજરાત | વંદન

ગાંધીનગરના જૂના સચિવાલયનું 4 અબજનાં ખર્ચે રિડેવલોપમેન્ટ કરવામાં કરવામાં આવશે. જે અન્વયે હાલના 19 બ્લોકને આઠ બ્લોકમાં સમાવી લેવાશે. આ માટેનો માસ્ટર પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. જેનાં પગલે હવે 46 વર્ષ જૂના સચિવાલયના જૂનવાણી સ્ટાઈલના બ્લોક તોડી પાડવામાં આવશે.

ગાંધીનગરમાં 46 વર્ષ જૂના સચિવાલયનાં બ્લોક હવે આગામી દિવસોમાં ઈતિહાસ બની જવાના છે. જૂના સચિવાલયની આયુષ્ય મર્યાદા પૂર્ણ થવાની હોવાથી ચાર અબજના ખર્ચે રીડેવલોપમેન્ટ કરવાનો તખ્તો ઘડી કાઢવામાં આવ્યો છે અને હાલના 19 બ્લોકને 8 બ્લોકમાં સમાવી લેવામાં આવશે.

આ પૈકીના બે બ્લોકનું બાંધકામ 100 કરોડના ખર્ચે નજીકના સમયમાં જ શરૂ કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. આખા કેમ્પસનો નવો લે આઉટ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. નવા જમાનાને અનુરૂપ અને હાલની જરૂરિયાતોને અનુરૂપ બને તેવી સુવિધાઓ અહીં આપવા માટે નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે. દરેક બ્લોકના બાંધકામ પાછળ રૂપિયા 50 લાખ ઉપરાંતનો ખર્ચ થવાનો હોવાથી હાલનાં તબક્કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સમગ્ર યોજના પાછળ રૂપિયા 400 કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો.

**દબાણ** | કમિશનરના આદેશથી દબાણ હટાવવા પહોચેલી ટીમ કોઈનો ફોન આવતા લીલા તોરણે પરત ફરી

# સરકારી જમીન પરનું દબાણ 4 મહિને પણ દૂર ન કરાયું

ગુજરાત | વંદન

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ગેરકાયદે દબાણો સામે કેટલી હદે ઢીલી નિતિથી કામ કરે છે તેનો એક અઠવાડિયામાં બીજો પુરાવો સામે આવ્યો છે. કોંગી કોર્પોરેટરની 4 મહિના જેટલી રજૂઆતો બાદ કોર્પોરેશનની ટીમ ચરેડી પાસે દબાણ હટાવવા ગઈ હતી. કોર્પોરેશનમાંથી કોઈ પદાધિકારીનો ફોન આવતા ટીમ લીલા તોરણે પરત ફરી હતી. સરકારી જમીન લાઈટ-પાણી કનેક્શન સાથેનું વોશિંગ સેન્ટર ઊભુ થઈ જાય અને તંત્ર 4-4 મહિના સુધી પગલાં પણ ન લે તે વાત જ તંત્રની દબાણ સામેની ઢીલી નીતી પૂરવાર કરે છે.

અઠવાડિયા પહેલાં સે-15 ખાતે સ્કૂલ પાસે થયેલા દબાણમાં પણ આ જ પ્રકારનો ઘટનાક્રમ સર્જાયો હતો. ચરેડી પાણીની ટાંકી પાસે જ મનપાના શૌલાયની બાજુમાં આખેઆખુ ગેરકાયદે સર્વિસ સ્ટેશન ઊભુ કરી દેવાયું છે. સરકારી જમીન ઊભા થઈ ગયેલા સર્વિસ સેન્ટર સામે કોંગ્રેસના કોર્પોરેટર ગજેન્દ્રસિંહ વાઘેલાએ 25 જાન્યુઆરીના રોજ જ કોર્પોરેશનમાં લેખિત રજૂઆત કરી હતી. તંત્ર દ્વારા પગલાં લેવાશે માનીને કોંગી કોર્પોરેટર બેઠા પરંતુ, કોઈ હલનચલન ન દેખાતા તેઓએ



તંત્રમાં તપાસ કરી હતી.

જેમાં મૂળ દબાણ શાખા સુધી અરજી પહોંચી ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે તેઓએ ફરીથી રજૂઆતો કરતાં 12 એપ્રિલની આસપાસ મનપાની ટીમ તપાસ માટે પહોંચી હતી. જ્યાં 50 મીટરથી વધુનું દબાણ જોવા મળ્યું હતું, વાહનોના વોશિંગ માટે સિમેન્ટથી બનાવેલ ઓટલા સહિતનું દબાણ સરકારી જમીન પર હતું. જેમાં પાણી અને લાઈટના કનેક્શન પણ લઈ લેવાયા હતા, જેમાં મનપાના શૌચાલયમાંથી પાણી અને લાઈટ કનેક્શન લેવાયું હોવાનું કહેવાય છે.

એપ્રિલમાં થયેલી સ્થળ તપાસ બાદ પગલાં લેવાશે તે લાગતું હતું પરંતુ તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવાયા ન હતા. જેને પગલે બે દિવસ પહેલાં જ કોંગી કોર્પોરેટર મ્યુનિસિપલ કમિશનરને મળ્યા હતા. જેમાં કમિશનરના આદેશને પગલે દબાણ ટીમ સોમવારે ચરેડી પહોંચી હતી. જોકે કોઈ પદાધિકારીનો ફોન આવતા ટીમ લીલા તોરણે પરત ફરી હતી.

### સ્ટેટ મોનીટરીંગ સેલની કાર્યવાહી, માફિયાઓમાં ફફડાટ

# ભચાઉના નારણસરી ખનિજચોરી કેસમાં 1.80 કરોડનાં વાહનો સીઝ

ગુજરાત | વંદન

ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશક નીરજ ગોટરૂ અને તાજેતરમાં અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકપદેથી ગાંધીનગર મોનિટરિંગ સેલમાં મુકાયેલા નિર્લિપ્ત રાય ની સીધી સૂચનાથી ખનીજ માફિયાઓ સામે કડક કામગીરી કરવાનું શરૂ કરવા, મોનીટરીંગ સેલ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જેના પગલે મળતી બાતમીને આધારે ભચાઉ તાલુકામાં રેતીની ચોરી કરતા તત્વોને ઝડપી લેવા માટે ગુજરાત મોનીટરીંગ સેલ દ્વારા પગલાં ભરવામાં આવ્યા હતા. ભચાઉ તાલુકાના નારણસરી ગામની નદીમાંથી રેતી ખનન કરવામાં આવતું હોવાની ચોક્કસ બાતમીનાં આધારે ગઈકાલે સોમવારે આ ખનિજ ચોરો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ રેતી (ખનિજ) ખનન માટે બે હિટાચી મશીન અને ડમ્પર તથા ટ્રક નો ઉપયોગ કરવામાં આવતો. અજંતા હોટલ ની સામે આવેલી ટાઈલ્સની ફેક્ટરી ની બાજુમાંથી બનાવાયેલા કાચા રસ્તા મારફતે આ ખનિજ ચોરો રેતી ખનન કરતા હોવાની વિગતો જણાવવામાં આવી છે.

મોનીટરીંગ સેલ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં, રેતી ખનન માટે વપરાતા હિટાચી કંપની ના બે મોટા મશીનો ઉપરાંત ટ્રક અને ડમ્પરમાં ભરેલી સાદી રેતી મળીને કુલ રૂ. ૧,૮૦,૩૯,૪૫૭/- નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો.

આ કેસમાં પૂર્વ કચ્છ ગાંધીધામ વિસ્તારના લાકડીયા પોલીસ મથક દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કૌભાંડમાં કોઈ ભૂમિકા ન હોવાની રજૂઆત હાઇકોર્ટે સ્વીકારી

## 5400 કરોડના હવાલા કૌભાંડ મુદ્દે આરોપી અફરોઝ ફટ્ટાને રાહત

ગુજરાત | વંદન

સુરતના 5,400 કરોડના હવાલા કૌભાંડના કેસમાં આરોપી અફરોઝ ફટ્ટાને ગુજરાત હાઈકોર્ટે રાહત આપી છે. હાઈકોર્ટે રાજ્ય સરકારની અરજી ફગાવી દેતા આ




હવાલા કૌભાંડમાં અફરોઝ ફટ્ટાની કોઈ ભૂમિકા ન હોવાની વાત સ્વીકારી છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે અફરોઝ ફટ્ટા સામે જે પણ દાવા કરવામાં આવ્યા હતા તે બધા ખોટા છે અને દસ્તાવેજોમાં પણ કોઈપણ પ્રકારની અધિકૃતતા જોવા મળી નથી. આમ અફરોઝને નિર્દોષ છોડવાના સેશન્સ કોર્ટના આદેશને હાઈકોર્ટે યથાવત રાખ્યો છે. સેશન્સ કોર્ટના હુકમને પડકારતી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

ઉલ્લેખનીય છે કે કરોડોના હવાલાના મુદ્દે અફરોઝ ફટ્ટા સામે પીએમએલએ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. સુરતમાં 5,400 કરોડના કૌભાંડમાં અફરોઝ ફટ્ટાની કોઈ ભૂમિકા ન હોવાની વાત સાથે હાઈકોર્ટ સંમત થઈ છે. અફરોઝ ફટ્ટા સામે પીએમએલએ હેઠળ કેસ થયો હતો, તેના પર હવાલા દ્વારા નાણા મોકલવાનો આરોપ હતો. ઈડી દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ લાંબા સમયથી ચાલી રહ્યો છે. હાઈકોર્ટે હવે અફરોઝ ફટ્ટાને રાહત આપી છે.

# ઈસ્કોનથી આંબલીનો રોડ સૌથી પ્રાઈમ એરિયા

## રિયલ એસ્ટેટમાં તેજી:અમદાવાદમાં 1500 કરોડની જમીનના સોદા થયા



ગુજરાત | વંદન

અમદાવાદમાં ઈસ્કોનથી આંબલીનો રોડ નવા પોશ એરિયા તરીકે વિકસી ગયો છે અને અહીં જમીન- મકાનના જંગી રકમના સોદા થઈ રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં ઈસ્કોન-આંબલી રોડ પર માત્ર ચાર કિલોમીટરના પટ્ટામાં રૂ. 1500 કરોડથી વધુ રકમના જમીનના સોદા થયા છે. આ રોડ આલિશાન અને અપમાર્કેટ રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી માટે જાણીતો બન્યો છે. સૂત્રોએ જણાવ્યું કે આ રોડ પર 1.80 લાખથી લઈને 2.70 લાખ રૂપિયા પ્રતિ વારના ભાવે 5000થી 10000 ચોરસ વારના પ્લોટના સોદા થયા છે.

આ રોડ પર પ્રીમિયમ લક્ઝરી હાઈ રાઈઝ એપાર્ટમેન્ટ ઉપરાંત કોમર્શિયલ અને રિટેલ કોમ્પ્લેક્સ અને એક લક્ઝરી હોટેલ આવેલી છે. પોશ ક્લબ્સ પણ આ વિસ્તારની નજીક છે અને હાઈવે સાથે સારી કનેક્ટિવિટી ધરાવે છે.

ક્રેડાઈ ગાહેડના વાઈસ પ્રેસિડન્ટ ધ્રુવ પટેલે જણાવ્યું કે "ઈસ્કોન-આંબલી રોડ પ્રીમિયમ રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ માટે સૌથી વધુ ડિમાન્ડ ધરાવતો રોડ બન્યો છે. કેટલાક જાણીતા ડેવલપર્સ આ એરિયામાં પ્રોજેક્ટ લોન્ચ કરવા જઈ રહ્યા છે કારણ કે અહીં અલ્ટ્રા-લક્ઝરિયસ મકાનોની સારી એવી ડિમાન્ડ છે." સન બિલ્ડર્સ, સ્વાતિ બિલ્ડર્સ, ઈસ્કોન બિલ્ડર્સ, શીતલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પલક ગ્રૂપ, સંકલ્પ ગ્રૂપ વગેરે ડેવલપર્સે છેલ્લા એક વર્ષમાં આ રોડ આસપાસ ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે અને ટૂંક સમયમાં પ્રોજેક્ટ લોન્ચ કરવાની યોજના ધરાવે છે.

અમદાવાદ સ્થિત રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ પ્રવીણ બાવડિયાએ જણાવ્યું કે આ પટ્ટા પર રિયલ્ટી ડેવલપર્સને 5.4 સુધી ઉંચો FSI મળે છે તેથી પ્રોજેક્ટ ફાયદાકારક રહે છે. આ ઉપરાંત આ પટ્ટા પર રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટીની માંગ વધારે છે કારણ કે તે સાણંદ અને ચાંગોદરના ઈન્ડસ્ટ્રીયલ પટ્ટા સાથે જોડાયેલ છે. તેથી ઘણા ઉદ્યોગપતિઓ અને ટોચના એક્ઝિક્યુટિવ્સ આ પટ્ટા પર મકાન ખરીદી રહ્યા છે. આ પટ્ટા પર કોમર્શિયલ પ્રોપર્ટીની ડિમાન્ડ પણ સ્થિર ગતિએ વધી રહી છે.

રિયલ એસ્ટેટ ઉદ્યોગના લોકોએ જણાવ્યું કે કોવિડ-19 રોગચાળો આવ્યા પછી લક્ઝરી એપાર્ટમેન્ટની માંગમાં વધારો થયો છે. લોકો ઘર ખરીદવા માટે બીજી સુવિધાઓની સાથે સાથે સેફ્ટી અને સુરક્ષા પર ભાર મુકી રહ્યા છે.

અમદાવાદ સ્થિત ડેવલપર સાકેત અગરવાલે જણાવ્યું કે, "ઈસ્કોન આંબલી રોડ હાઈ-એન્ડ રેસિડેન્શિયલ વિસ્તારના પટ્ટા તરીકે ડેવલપ થઈ રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે અહીં મિક્સ્ડ ડેવલપમેન્ટ નથી. તેથી તેને પ્રીમિયમ લોકાલિટી તરીકે પ્રમોટ કરવામાં આવે છે અને પ્રોજેક્ટ્સને સારો રિસ્પોન્સ મળે છે. તે એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સાથે પણ સારી કનેક્ટિવિટી ધરાવે છે."


વર્લ્ડ 'નો ટોબેકો ડે' પ્રસંગે વ્યસન મુક્તિનો આપશે સંદેશો

## 'BAPS' દ્વારા 31મી મેના રોજ વ્યસન મુક્તિ ઝૂંબેશ રેલીનું આયોજન

ગુજરાત | વંદન

BAPS સ્વામિનારાણ સંસ્થા દ્વારા એક અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત નાના ભુલકાઓ ઘરેઘરે મહોલ્લે મહોલ્લે જઈ વ્યસનમુક્તિ જ્યારે બાળાઓ સોસાયટીઓમાં શેરીઓમાં ફરી લોકોને પર્યાવરણ જતન, પાણી બચવો, વીજળી બચવોનો સંકલ્પ લેવડાવી રહી છે. 8 મેથી શરૂ થયેલું આ અભિયાન 22 મે સુધી ચાલ્યુ હતુ. આગામી 31મી મે, 2022ના રોજ વર્લ્ડ નો ટોબેકો ડે પર એક ભવ્ય રેલી કાઢવામાં આવશે.

પ્રમુખ સ્વામી મહારજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે BAPS સ્વામિનારયણ સંસ્થા દ્વારા વ્યસનમુક્તિ અને પાણી વીજળી બચાવો અભિયાન ચલાવવામાં આવ્યું. જે અંતર્ગત આ ઝુંબેશના વોલેન્ટીયર પ્રશાંતભાઈ જણાવે છે કે, 15મી ડિસેમ્બર, 2022 થી 13મી જાન્યુઆરી, 2023 સુધી અમદાવાદમાં એક મહિનાના ભવ્ય કાર્યક્રમ દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામીજી



મહારાજની જન્મ શતાબ્દી 100 વર્ષની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત બાલ મંડળ વ્યસનમુક્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં, સંસ્થાના બાલ મંડળના 30,000 બાળ સ્વયંસેવકો, 8,000 જૂથો બનાવીને, એક-થી-એક, વ્યસન-મુક્તિ અભિયાન ચલાવ્યું છે.

ગુજરાત, મહારાષ્ટ્ર મુંબઈ, પુણે, નાસિક, ધુલે, નાગપુર વગેરે દિલ્હી, જલંધર, જયપુર, ઉદયપુર, કોલકાતા, બેંગ્લોર, ચેન્નાઈ, હૈદરાબાદ વગેરેમાં સંસ્થાની હાજરી હોય ત્યાં ભારતના તમામ શહેરો અને નગરોમાં આ બાળકો લોકોને વ્યસનો છોડવા અને સ્વસ્થ જીવનને અનુસરવા પ્રેરિત કર્યા છે.

આ 15 દિવસની ઝુંબેશ 8મી મે, 2022થી 22મી મે, 2022 સુધી ચાલુ રહી હતી. 31મી મે, 2022ના રોજ વર્લ્ડ નો ટોબેકો ડે પર એક ભવ્ય રેલી કાઢવામાં આવશે. મહત્વનું છે કે, પ્રમુખ સ્વામી મહારાજ પોતે તેમના સંપર્કમાં આવનાર દરેક નાગરિકને વ્યસનથી દુર રહેવાનો ઉપદેશ આપતા હતાં.

ત્યારે તેમના આ શતાબ્દી મહોત્સવને ધ્યાનમાં રાખી ને સંસ્થાના નાના બાળકોએ લોકોને વ્યસનમુક્તિ અભિયાન સાથે જોડવા અને વ્યસન નહિ કરવાનો સંકલ્પ લેવડાવવાનો આ પ્રયાસ સરાહનીય છે.

## કેરાલાના વેપારીએ લાખોના દાગીના ખરીદી 22 લાખની ઠગાઈ આચરી

ગુજરાત | વંદન

કેરાલાના વેપારીએ નવરંગપુરા સીજી રોડ પર વેપાર કરતા સોના ચાંદીના વેપારી પાસે લાખોના દાગીના ખરીદ્યા હતા. વિશ્વાસ રાખી અમદાવાદના વેપારીએ તેને દાગીના આપ્યા હતા. દરમિયાનમાં અડધા પૈસા આપ્યા અને બાકીના 22 લાખ રકમ કેરાલાના સોનાના વેપારી રફીમુસલ્લઈ એલામ્પરાએ આપી ન હતી. આ અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. શહેરના પાલડી વિસ્તારમાં આવેલી આયોજનનગર સોસાયટીમાં આર્યન શાહ પરિવાર સાથે રહે છે અને નવરંગપુરા સીજી રોડ ખાતે આવેલા અસલ જવેલરી નામથી સોના ચાંદીના દાગીના વેચવાનો વેપાર કરે છે. દુકાનના એજન્ટ પપ્પુભાઈ ઉર્ફે નારાયણલાલ સુથાર કામે કરે અને પોતાનું કમીશન લઈ જતા હોય છે. દરમિયાનમાં રફીભાઈ એલામ્પરા સાથે પપ્પુ સુથાર દ્વારા કેરાલા કન્નુર જિલ્લામાં ટર્મીનલ બિલ્ડીંગ થાવકરા બસ સ્ટેન્ડ પાસે કેન્નોર જવેલર્સ નામે દુકાન ધરાવતા વેપારી સાથે મુલાકાત થઈ હતી. દરમિયાનમાં તેમણે દુકાનમાંથી 363.560 ગ્રામ વજનના બાવીસ કેરેટ સોનાના દાગીના 14.45 લાખના દાગીના 2019માં મોકલી આપ્યા હતા. બાદમાં બીજા 27.66 લાખના દાગીના પણ મોકલી આપ્યા હતા. અત્યાર સુધીમાં તેમણે 20 લાખ મોકલી આપ્યા હતા. હજુ તેમની પાસે 22.11 લાખ લેવાના બાકી હતા. બાદમાં એક ચેક આપ્યો હતો તે પણ પરત ગયો હતો. વારંવાર પૈસાની માંગણી કરવા છતાં વાયદા કરી પૈસા આપતા ન હતા. આ અંગે વેપારીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. જે આધારે પોલીસે બે મહિના પછી ફરિયાદ લીધી હતી.




ફેક્ટરી માલિકે કરેલા વોઇસ રેકોર્ડિંગથી આરોપીઓ સુધી પહોંચ્યા : કણભા PI

## બાકરોલમાં ફેક્ટરીનો વીડિયો ઉતારી 1.10 લાખ પડાવનાર બોગસ પત્રકાર પકડાયો

ગુજરાત | વંદન

કણભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાકરોલ ઈન્ડસ્ટ્રીઝ ખાતે આવેલ વચનામૃત એસ્ટેટમાં ઠંડા પીણા બનાવવાની ફેક્ટરીના વીડિયો ઉતારી બ્લેક મેલ કરવાની ધમકી આપી ત્રણ વાર 1,10,000 ઉઘરાવનાર બોગસ પત્રકાર સામે ફેક્ટરી માલિકે કણભા પોલીસમાં ફરિયાદ નોંધાવતા કણભા પોલીસે તપાસ કરી બોગસ પત્રકારને પકડી પાડ્યો હતો.

ઠંડા પીણાની ફેક્ટરીના માલિકે ફેક્ટરીનુ લોકેશન બદલેલ હોય નવા લાઈસન્સ માટે અરજી કરેલ હોય અને હાલમાં લાઈસન્સ ના હોય તકનો લાભ લઈ બોગસ પત્રકારે ફેક્ટરીમાં ગેરકાયદે પ્રવેશ કરી આરોપી જયેંદ્રસિંહ કરણસિંહ ચંડાવતનાઓએ હું પ્રેસ રીપોર્ટર રાઠોડભાઈ છુ તેવી ખોટી ઓળખ આપી સાચુ નામ છુપાવી તેમજ કેતનભાઇ નામના ઈસમ તથા બીજા ત્રણ અજાણ્યા માણસોએ પણ પ્રેસમાંથી આવું છું તેમ કહી અવાર નવાર ઠંડા પીણાની કંપની ઉપર જઈ માલિકને ગર્ભીત ધમકીઓ આપી ડરાવી માલિક પાસેથી કુલ રૂ. 1,10,000 પડાવી લીધા હતા.



આ મુદ્દે ફેક્ટરી માલિકે કણભા પોલીસમાં ફરીયાદ આપતા કણભા પોલીસ સ્ટેશનના પીઆઈ શેલાના એ ફરિયાદના આધારે તપાસ કરી જયેંદ્રસિંહ કરણસિંહ ચંડાવત (રહે. નરોડા અમદાવાદ)ને પકડી પાડી આરોપીની અટક કરી કોર્ટને હવાલે કર્યા છે.

કણભા પીઆઇ આર.એસ.શેલાનાએ જણાવ્યું કે આરોપીઓ અવારનવાર ફેક્ટરી માલિકને મોબાઈલ પર કોલ કરી પૈસા પડાવતા વિવિધ જગ્યાએ બોલાવતા આથી નંબરને આધારે તેમજ ફેક્ટરી માલિકે કરેલા વોઇસ રેકોર્ડિંગથી આરોપીઓ સુધી પહોંચ્યા હતા

# ગાંધીજીના માર્ગે ચાલ્યો અને 102 યુવતીઓએ કહ્યું- નો, સોરી!

## પાંચ વર્ષની સજા ભોગવનાર વ્યકિતએ લગ્ન પ્રસ્તાવ વખતે સાચુ બોલવાની હિંમત તો કરી પણ..



ગુજરાત | વંદન

અમદાવાદમાં 32 વર્ષીય સુનીલ પટેલે જ્યારે લગ્ન માટે કન્યા શોધવાની શરુઆત કરી તો 102 છોકરીઓ તરફથી તેમણે ના સાંભળવુ પડ્યું. તમને જાણીને નવાઈ લાગશે પરંતુ વાસ્તવમાં 102 છોકરીઓએ તેમની સાથે લગ્ન કરવાથી ઈનકાર કરી દીધો. આની પાછળનું કારણ સુનીલ પટેલની એક હકીકત છે. સુનીલ પટેલ તમામ યુવતીઓને હકીકત જણાવી દેતા હતા કે, તે એક કેસમાં દોષી સાબિત થયો હતો અને પાંચ વર્ષ જેલની સજા પણ કાપીને આવ્યો છે. ઉલ્લેખનીય છે કે સુનીલ પટેલ પર સત્ય અને અહિંસાની ગાંધીવાદી વિચારધારાનો ઘણો પ્રભાવ હોવાને કારણે તે દરેક યુવતીને સત્ય કહી દેતો હતો.

ઉલ્લેખનીય છે કે સુનીલ પટેલ જ્યારે જેલમાં બંધ હતો ત્યારે તેને ગાંધીયન વિચારધારા વિશે જાણકારી મેળવી અને તેણે નક્કી કર્યું કે ભવિષ્યમાં તે હંમેશા પારદર્શી રહેશે અને પોતાની કેદ વિશે પણ કોઈનાથી છુપાવે નહીં. લગભગ એક વર્ષની શોધ પછી સુનીલ પટેલના આખરે નિરાલી ચિત્રોડા સાથે તાજેતરમાં જ લગ્ન થયા છે. સુનીલ પટેલ જ્યારથી જેલમાંથી બહાર નીકળ્યો ત્યારથી જ કોઈ કામના સંદર્ભમાં નિરાલી તેના સંપર્કમાં હતી.

નિરાલી તો સુનીલ પટેલની જેલની સજા વિશે જાણતી હતી પરંતુ તેના પિતાને સમજાવવામાં ઘણો સમય લાગી ગયો. આખરે તેના પિતા માની ગયા પરંતુ એક શરત મૂકી કે સુનીલ પટેલ હવે દરેક વ્યક્તિને પોતાની જેલની સજા વિશે નહીં જણાવે. નિરાલીના પરિવારના અન્ય લોકો અને સમાજના લોકોને તે વાતની જાણ ના થવી જોઈએ. આ શરત પર સુનીલ જણાવે છે કે, લોકોને મારા ભૂતકાળ વિશે ખબર પડે તેની સાથે મને કોઈ સમસ્યા નથી. પરંતુ અત્યારે મારા સસરા સાથેના સંબંધો સારા છે અને હું નથી ઈચ્છતો કે આ કારણોસર તેમની લાગણીઓને ઠેસ પહોંચે.

સુનીલ પટેલે ધોરણ 10 સુધી જ અભ્યાસ કર્યો છે. વર્ષ 2014માં તેની અન્ય મિત્રો સાથે બનાવટના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી અને 10 વર્ષની સજા સંભળાવવામાં આવી હતી. 2016માં જ્યારે ગાંધીજી દ્વારા સ્થાપિત કરવામાં આવેલી નવજીવન સંસ્થા તરફથી સાબરમતી સેન્ટ્રલ જેલના કેદીઓ માટે ગાંધીયન સિદ્ધાંતો અને ફિલોસોફીની શિક્ષા શરુ કરવામાં આવી તો સુનીલ પટેલે તેમાં ભાગ લીધો હતો. ત્યારપછી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેણે પોતાનો ગુનો સ્વીકારી લીધો અને પસ્તાવાનો પણ એકરાર કર્યો. જેના કારણે તેની સજા અડધી થઈ ગઈ. વર્ષ 2019માં તેને જેલમુક્ત કરવામાં આવ્યો હતો

જેલમુક્ત થયા પછી નવજીવન સંસ્થામાં જ તેને નોકરી આપવામાં આવી હતી. નોકરીની સાથે સાથે સુનીલ પટેલે 80 એવા કેદીઓને જેલમુક્ત થવામાં મદદ કરી જેઓ નજીવા કારણોસર જેલમાં હતા અને જામીન કેવી રીતે મેળવવી વગેરે બાબતોથી અજાણ હતા. જ્યારે સુનીલ પટેલને લાગ્યું કે આર્થિક રીતે તે હવે સદ્ધર છે તેણે લગ્ન માટે યુવતીની શોધ શરુ કરી. તેણે આ માટે મેટ્રિમોનિયલ વેબસાઈટની મદદ લેવી પડી હતી. સુનીલ જણાવે છે કે, મેં નક્કી કર્યુ હતું કે હું જેલની સજા વિશે છુપાવુ નહીં. શરુઆતમાં હું ઘણી યુવતીઓને મળ્યો જેમને હું મુલાકાત દરમિયાન જેલની સજા વિશે કહેતો તો વાત કરવાનું બંધ કરી દેતા હતા. ઘણીવાર તો ફોન પર હું જેલની વાત કરું અને ફોન કાપી કાઢે અથવા કોઈ બહાનુ કરીને ફોન મૂકી દેતા હતા. અને ત્યારપછી મારો નંબર પણ બ્લોક કરી દેવામાં આવતો હતો.

(ઓળખ છુપાવવા માટે નામ બદલવામાં આવ્યા છે)

## ભાજપે રામ મંદિરનો ઉપયોગ રાજકારણ માટે કર્યો, ભરતસિંહ સોલંકીનો આરોપ



ગુજરાત | વંદન

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ રામ મંદિર અંગે નિવેદન આપતા કહ્યું કે, રામ મંદિર માટે શિલાઓ એક્ઠી કરી હતી. તે સિલાઓ એક ખૂણામાં પડી છે. મહિલાઓએ કુમકુમ તિલક કરીને ગામના પાદરે શિલાઓ મૂકી હતી. રામ મંદિર બનશે અને બધા સુખી થઈ જશે તેવું માનતા હતા પણ એવું થયું નહીં. ભાજપ ભગવાનના નામનો ઉપયોગ રાજકારણમાં કરે છે. રામશીલા લોકોએ ગામે ગામથી અયોધ્યા મોકલાવી હતી. કુમ કુમ ચાંદલાઓ અને પૂજા કરી રામશીલા અયોધ્યા મોકલી હતી.

મંદિરના નામે ઉઘરાવેલા રૂપિયાનો હિસાબ ભાજપે ના આપ્યો. સરકારે મંદિર માટે બજેટ આપ્યું છે છતાં ફરીવાર રૂપિયા ઉઘરાવ્યાં. ભાજપે રામનો ઉપયોગ રાજનીતિ કરવા માટે કર્યો છે. હું રામ મંદિર નો પ્રસંશક છું, મારુ નામ જ રામ ના પરિવારજન તરીકે ભરત પાડવામાં આવ્યું હતું.

### તસવીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



અમદાવાદના એક જોવાલાયક સ્થળ સાબરમતી રિવરફ્રન્ટ પર બાગ, બગીચા અને મ્યુ.કચેરીઓ આવેલી છે. જેમાં હવે એક નવા આકર્ષણમાં વીવીઆપી બગીચો તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે.



**બુલડોઝર હૈ કી માનતા નહીં:** મણિનગર જવાર ચોકથી ભૈરવનાથ રોડ વચ્ચે આવેલા નૂતન પાટીદાર સોસાયટીમાં બંધાયેલ ગેરકાયદેસર બિલ્ડિંગને કોર્પોરેશન દ્વારા તોડવામાં આવી હતી. જેમાં વિવાદાસ્પદ બનેલ બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત સાબરમતી આશ્રમમાં સુશોભન માટે બનાવવામાં આવેલ મીની તળાવ હાલ સુકાઈ ગયું છે. એક સમયે તેમાં સ્વચ્છ પાણીની સાથે માછલીઓ પણ જોવા મળતી હતી. સાફ-સફાઈના અભાવે મચ્છરોનો ઉપદ્રવ વધતા મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા તેને નોટિસ આપીને બંધ કરી દેવામાં આવ્યું છે.




ફળોના રાજા ગણાતા કેસર કેરીનો પાક તૈયાર થઇ ગયો. અને અમદાવાદમાં પણ ધામ-ધૂમ સાથે કેસર કેરીનું આગમન થઈ ગયું છે. કેસર કેરીના વધામણાં માટે આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી મુકેશ પટેલે પણ તેના ભરપૂર વખાણ કર્યા હતા.

## અમદાવાદમા પાળેલા શ્વાનો માટે વેન્ટિલેટર સહિતની સુવિધા શરૂ કરાઈ

ગુજરાત | વંદન

જો નજીકમાં કોઈ આરોગ્ય કેન્દ્ર ન હોય તો શું તમે કોઈ પ્રિય વ્યક્તિને સારવાર વિના છોડી દેશો? શું તમે વેદનાથી રાહતના નામે શાંત થવા માટે સંમત થશો અથવા ફક્ત એટલા માટે કે શહેરમાં વ્યાવસાયિક પશુ આરોગ્ય સુવિધાઓ નથી?

ઓછામાં ઓછા એમ્ડિસ્ટ્સને હવે આવી પરિસ્થિતિઓમાં તેમના પાલતુ પ્રાણીને છોડવાની જરૂર નથી. કારણ કે અહીં શૈવાલ દેસાઈ છે, જેમની શહેરની "બેસ્ટબડ્સ હોસ્પિટલ" પાલતુ પ્રાણીઓને સમયસર અને સચોટ સારવાર પૂરી પાડવા માટે તમામ સુવિધાઓ અને સેવાઓથી સજ્જ છે. આ સુવિધા માંડ એક વર્ષ જૂની છે. તેમ છતાં 700 થી વધુ પાલતુ પ્રાણીઓની સફળતાપૂર્વક સારવાર કરવાની સિદ્ધિ તેમના નામે નોંધાયેલી છે.




દેસાઈ કહે છે, "મારો પ્રિય અને પાલતુ જીવન સાથેના યુદ્ધમાં હારી ગયો હતો. હું તેના માટે કંઈ કરી શક્યો નહીં. તેણીને પેટમાં અલ્સર હતું, જે તેના પાચન તંત્રની સામાન્ય કામગીરીમાં અવરોધ ઉભો કરી રહ્યું હતું. હું ઈચ્છું છું કે આપણે તેના માટે કંઈક કરી શકીએ." તેમણે આ કહ્યું તેમ તેમના અવાજમાં તેમના પાલતુ કૂતરાના દુઃખદાયક અંતની યાદની સ્પષ્ટ લાગણી હતી. "બેસ્ટબડ્સ" એક મિત્ર સમાન છે. "બેસ્ટબડ્સ," એક બિન-લાભકારી વિશિષ્ટ સરનામું જ્યારે તમને પશુવૈદની જરૂર હોય અથવા તમારા પાલતુ પ્રાણીની આરોગ્યસંભાળ માટે ફક્ત ચેક-અપની જરૂર હોય.

આ ક્લિનિકે પશુ આરોગ્ય સંભાળના ક્ષેત્રે સ્ટાન્ડર્ડ વધાર્યું છે. પાલતુ પ્રાણીઓની ઈમેજિંગ માટે ઉપયોગમાં લેવાતા અત્યાધુનિક મશીનો હોય કે પછી તે પોસ્ટ માટે ડાયેટ ટેબલ બનાવવા માટે કે ડાયેટિશિયન માટે કે બીમારીમાંથી સાજા થવા માટે, "બેસ્ટબડ્સ" ખરેખર આવી બધી ચિંતાઓનો જવાબ છે. આ કેન્દ્ર કૂતરા અને બિલાડીઓથી લઈને પક્ષીઓ, કાચબા, સસલા અને માછલીઓ તેમજ ઢોર અને બોવાઈન્સ સુધીના રોગોની સારવાર કરે છે. હોસ્પિટલ DR એક્સ-રે રૂમ, ડેન્ટલ સ્ટેશન, "V" ઓપરેટિંગ ટેબલ સાથેની સર્જરી રૂમ અને એનેસ્થેસિયાથી લઈને કૂતરાઓ માટે વેન્ટિલેટર સુધીની સુવિધાઓથી સજ્જ છે.

હાલમાં નિષ્ણાતોમાં વરિષ્ઠ પશુચિકિત્સક અને ઈન્ચાર્જ દિવ્યેશ એન. કેળા છે. તેમની સાથે વરિષ્ઠ પશુચિકિત્સક વૈભવી ડી. સંઘવી અને પશુચિકિત્સક કૃણાલ પટેલ પણ છે. કેલાવાલા કહે છે, "સચોટ નિદાન અને સમયસર સારવાર એ સૌથી મહત્ત્વની બાબત છે. સારવારની કુશળતા, અદ્યતન પરીક્ષણ સાધનો અને બેસ્ટબડ્સ ખાતેના અમારા ડોકટરોનું ચોક્કસ ડેટા-આધારિત વિશ્લેષણ ખાતરી કરે છે કે પરિસ્થિતિ ક્યારેય નિયંત્રણની બહાર ન જાય."

સંપાદકીય સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# ચાલો આપણે પણ શેરીના નામ લાડકીના નામે રાખીએ..તેમને સન્માનિત કરીએ..!

પોઝીટીવ મન્ડેમાંથી બે સારા અને પ્રેરણાદાયક સમાચારોને આવકાર આપવા સમાન છે. એક હકારાત્મક અને રચનાત્મક સમાચાર એ છે કે જ્યાં દિકરીઓ પ્રત્યે વધારે પડતો ભેદભાવ અને ઘૂંઘટપ્રથા આજે પણ અમલમાં છે તે રાજસ્થાનના બુંદી




શહેરમાં 7 શેરી માર્ગોના નામ દિકરીઓ પરથી રખાયા છે. પૂર્ણિમા,અક્ષિતા,કીર્તિકા, સૃષ્ટિ,ભાવિન, અનુપ્રિયા અને અંજલિ. આ છે એ સાત ભાગ્યશાળી દિકરીઓના નામો કે જેમના નામ પરથી શેરીઓના રસ્તાઓને એક નવી ઓળખ મળી છે. બીજા પોઝીટીવ સમાચાર મહારાષ્ટ્રથી છે કે જ્યાં વિધવાઓ પ્રત્યેની વિચારધારામાં બદલાવ આવ્યો અને વિધવાઓને પણ સારી રીતે રહેવાનો, સારા કપડાં પહેરવાનો અને માથે ચાંલ્લો કરવાની સામાજિક મંજૂરી આપવાના પ્રયાસો શરૂ થયા છે.

રાજસ્થાનની જેમ ગુજરાત અને ઘણાં રાજ્યોમાં દિકરીઓની સંખ્યા ઓછી છે. ગુજરાતમાં એક જ્ઞાતિમાં તો વર્ષો પહેલાં દિકરી અવતરે તો તેને દૂધ પીતી કરવાનો કૂરિવાજ હતો. દૂધના તપેલામાં નવજાત દિકરીને નાંખીને તેનો નિકાલ કરવાની ધૃણાસ્પદ અને કુદરતની વિરૂધ્ધની પ્રથાને દૂર થતાં વર્ષો વિત્યા અને આજે કંઈક સ્થિતિ એવી છે કે દિકરી અવતરે તો કોઈ મોં મચકોડતા નથી. દિકરીઓને દૂધ પીતી કરવાના કૂરિવાજથી સ્થિતિ એવી થઈ કે એ જ્ઞાતિમાં દિકરીઓની તંગીથી લગ્ન માટે અન્ય જ્ઞાતિઓની દિકરીઓ પર આધાર રાખવો પડી રહ્યો છે...

દિકરો-દિકરી એક સમાન...એવા સૂત્રો પણ છેલ્લાં ઘણાં સમયથી પ્રચલિત છે. સમાજ પર પ્રભાવ પાડનાર સાધુ-સંતો-મહંતો પણ પોતાના પ્રવચનમાં દિકરીઓનું મહત્વ સમાજાવીને દિકરી વગર બધુ જ અધૂરૂ છે એવો ઉપદેશ આપે છે અને તે એક સારી બાબત છે. રાજસ્થાને જે રસ્તો દર્શાવ્યો તેનું અનુશરણ કરીને બીજા રાજ્યોએ પણ પોતપોતાના શહેરમાં શેરીઓના નામો સ્થાનિક દિકરીના નામે રાખે તો દિકરીઓનું પ્રભુત્વ વધે, તેમના માન સન્માનની રીતે જોવામાં આવે અને જેની અસર પરિવારમાં થાય તો દિકરી અવતરે ત્યારે સૌના ચહેરા મલકાય તો એમ કહેવાય તે નારી તુ નારાયણી...! અગાઉ ગર્ભ પરીક્ષણ કરીને જો દિકરી હોય તો તેને જન્મ આપવાને બદલે ગર્ભમાં જ તેનો નિકાલ કરાતો જે એક પ્રકારે હત્યા કહી શકાય. આખરે ગર્ભ પરીક્ષણ પર પ્રતિબંધ મૂકાયા બાદ વધુ પ્રમાણમાં દિકરીઓને અવતરવાની તક મળી. ગર્ભમાં દિકરો કે દિકરી એ કુદરતના હાથમાં છે અને તેની સાથે છેડછાડ કરવાનો માનવીને કોઈ અધિકાર નથી. કુદરત પોતાની રીતે જે કરે તે યોગ્ય જ હોય. એટલે સમાજમાં પરિવારમાં દિકરીઓના માન-પાન વધે તે માટે ચાલો, આપણે પણ શેરીના નામ લાડકીના નામે રાખીએ..તેમને સન્માનિત કરીએ.

અમેરિકામાં સૌથી રહસ્યમય અને સામાન્ય લોકોને તેનાથી કાયમ દૂર રખાતા એવા એક વિશાળ એરિયાની રસપ્રદ જાણકારી...

# એરિયા 51, U.F.O., ઉડતી રકાબી અને એલિયન્સ...!

સમગ્ર વિશ્વમાં લશ્કરી શસ્ત્ર સંરજાંમમાં અમેરિકા સુપર પાવર છે. અમેરિકા પાસે જેટલી સૈન્ય શક્તિ છે એટલી રશિયા પાસે પણ નથી. જો કે એક સમયના સુપર પાવર રશિયા પણ લશ્કરી તાકાતમાં પાછળ નથી. ભારતે રશિયા પાસેથી એસ-400 નામન રોકેટ મિસાઈલો ખરીદી તે અમેરિકાને ન ગમ્યુ અને અમેરિકા દ્વારા છાશવારે તેને લઈને ભારતને ધમકીઓ આપવામાં આવે છે. અમેરિકા પાસે અલગ અલગ પ્રકારના વિમાનોનો કાફલો છે જેમાં દુશ્મનના રડારમાં ન દેખાય એવા આવરણ વાળા વિમાનો પણ છે.. ઉપરાંત પરગ્રહવાસી એલિયન વાપરતા હોય તેવી કલ્પના કરીને ખાસએવા ત્રિકોણાકાર કે ઉડતી રકાબી જેવા વિમાનો પણ છે., આ પ્રકારના વિમાનોનો ઉપયોગ જાસુસી કાર્ય માટે થાય છે. ખાસ કરીને દુનિયાના કયા દેશ પાસે પરમાણુ હથિયારો છે અથવા કોઈ દેશે પરમાણુ પ્રયોગ કર્યો હોય તો હવામાંથી તેના પુરાવા મેળવવા સહિતની ગોપનીય કામગીરીનો ઉપયોગ આ પ્રકારના વિમાનો કરે છે.

અમેરિકામાં એરિયા 51 એક એવો વિસ્તાર છે કે જે ઘણાં વર્ષો સુધી એક ગુપ્ત સ્થળ ગણાતું હતું. અને એ અફાટ રણ વિસ્તારમાં ઉડતી રકાબીઓ (યુફો-અનઆઈડેન્ટટીફાય ફ્લાઈંગ ઓબજેક્ટ) ઉડતી હોવાનું ઘણાં લોકોએ અમેરિકન મિડિયા અને સત્તાવાળાઓને જાણ કરી હતી. આમ પણ અમેરિકાની પેન્ટાગોન લશ્કરી એજન્સી અને નાસા દ્વારા અનેક લશ્કરી ગુપ્ત પ્રયોગો થાય છે. હોલીવુડની એક ફિલ્મ ઈન્ડીપેન્ટ્સમાં એરિયા 51 જેવો રણ વિસ્તાર બતાવ્યો છે કે જ્યાં પેન્ટાગોનનું ગુપ્ત લશ્કરી મથક છે અને તેની લેબમાં એક જીવતો એલિયન છે. એ વિસ્તારમાં પરગ્રહવાસી એલિયન્સ દ્વારા હુમલો કરવામાં આવે છે. અને છેવટે એલિયન દ્વારા ઉપયોગમાં લેવાતા વિત્રિત્ર આકારના વિમાનમાં બેસીને અમેરિકાનો પાયલોટ એલિયન્સના શહેરને નષ્ટ કરવામાં સફળ થાય છે.

એરિયા 51 દાયકાઓથી રહસ્યમાં ઘેરાયેલો છે, તેથી તે માત્ર એટલો જ અર્થમાં છે કે દૂરસ્થ રણ સાઈટની અંદર રાખવામાં આવેલા અફવાવાળા એલિયન રહસ્યો સોશિયલ મીડિયા યુગમાં રીબૂટ થયા કરે છે.. 1950 ના દાયકામાં, લોકોએ અમેરિકાના લાસવેગાસના દક્ષિણ નેવાડા લશ્કરી થાણા પર અજાણી ઉડતી વસ્તુઓ (યુફો- U.F.O.'s) જોઈ હોવાની જાણ કરી હતી.

17 જૂન, 1959ના રોજ, રેનો ઈવનિંગ ગેઝેટે "ક્લાર્ક સ્કાયમાં વધુ ઉડતી વસ્તુઓ જોવા મળે છે" શીર્ષક સાથે એક સમાચાર પ્રકાશિત કર્યા અને તેમાં ઉલ્લેખ કર્યો કે કેવી રીતે. સ્થાનિક શેરિફ ઑફિસના સાર્જન્ટ વેઈન એન્ડરસન સમક્ષ ઘણા સ્થાનિક લોકોએ જેમણે ગેઝેટપેપરને "ચળકતો લીલો રંગનો અને એરોપ્લેન ન હોય તેટલી વધુ ઝડપે પૃથ્વી તરફ ઉતરતા" પદાર્થ તરીકે જોયાનો દાવો કર્યો હતો.

યુ.એફ.ઓ.ના અહેવાલોની આસપાસ, અમેરિકન સૈન્યએ 1955માં U-2 CIA જાસૂસી વિમાનોનું પરીક્ષણ કરવાનું શરૂ કર્યું ત્યારથી આ વિસ્તારમાં ગુપ્ત ફ્લાઈટ પરીક્ષણ થઈ રહ્યું છે. એ વિસ્તારના દશ્યો બહાર આવવાનું શરૂ થયા - પરંતુ તે સમાચારોએ અન્ય દુનિયાના લોકોમાં આ સ્થળ ફરતે રહેલા રહસ્યોને ભેદવામાં નિષ્ફળતા મેળવી છે. એરિયા 51 ના ઈતિહાસ વિશે જાણવા માટે બધું જ છે અને એક મિલિયનથી



વધુ લોકો "ત્યાં એલિયન્સ જોવા" માંગે છે...કેમ કે તેઓ એવુ માને છે કે ત્યાં એલિયન્સ રાખવામાં આવ્યાં છે.

એરિયા 51, જેને સત્તાવાર રીતે ગ્રૂમ લેક ખાતે નેવાડા ટેસ્ટ એન્ડ ટ્રેનિંગ રેન્જ નામ આપવામાં આવ્યું છે, તે દક્ષિણ નેવાડામાં યુએસ એર ફોર્સ માટે ઉચ્ચ-સુરક્ષાવાળી ખુલ્લી તાલીમ શ્રેણી છે – અને આજે પણ જોકે તે સ્થળ હજુ અત્યંત ગુપ્ત સ્થળ છે. ત્યાં પ્રવેશવાની સખતમાં સખત મનાઈ છે. અને જે કોઉ વારંવાર ચેતવણીઓ છતાં ન માને તો ત્યાંજ ઠાર કરી દેવા સુધીની સત્તા ચોકીયતોને આપવામાં આવી છે અને એવા એક-બે બનાવો પણ બન્યા છે.

જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટી નેશનલ સિક્યોરિટી આર્કાઈવના વરિષ્ઠ ફેલો ડો. જેફરી ટી. રિચેલ્સને CIAના લોકહીડ U-2 વિમાન વિશે માહિતી માટે 2005માં ફ્રીડમ ઑફ ઈન્ફર્મેશન એક્ટની વિનંતી સબમિટ કર્યા પછી ઑગસ્ટ 2013માં એટલે કે સાત વર્ષ બાદ એરિયા 51 સત્તાવાર રીતે અસ્તિત્વમાં હોવાનું લોકોને જાણવા મળ્યું. પ્લેન રિકોનિસન્સ પ્રોગ્રામ, ગુપ્ત માહિતી એકત્ર કરવા માટે ઉપયોગમાં લેવાતા જાસૂસી વિમાનોનું ગુપ્ત બાંધકામ અને પરીક્ષણ માટેનું સ્થળ એવો ખુલાસો અમેરિકન સત્તાવાળાઓએ કર્યો હતો.

અનેક વિનંતીઓ બાદ અમેરિકાના ગુપ્તચર એજન્સી સીઆઈએ (CIA) ને એરિયા-51 પર દસ્તાવેજો જાહેર કરવાની ફરજ પડી અને જાહેર કર્યું કે આ સ્થળે અત્યંત શક્તિશાળી અને ગુપ્ત પ્રકારના વિમાનો U-2 અને A-12 OXCART પ્રોગ્રામના ઈતિહાસ અને લશ્કરી બેઝ છે કે જ્યાં વિમાનોનું નિર્માણ અને પરીક્ષણ કરવામાં આવે છે.

2017માં મૃત્યુ પામેલા જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટી નેશનલ સિક્યોરિટી આર્કાઈવના વરિષ્ઠ ફેલો રિચેલ્સને 2013માં ધ ન્યૂ યોર્ક ટાઈમ્સને કહ્યું, "તમે અપેક્ષા રાખશો તેમ ચોક્કસપણે હતું – અહીં નાના લીલા માણસોની એટલે કોઈ પરગ્રહવાસીઓની કોઈ ચર્ચા નથી. "આ U-2 નો ઈતિહાસ છે. એકમાત્ર ઓવરલેપ U-2 ફ્લાઈટ્સ અને U.F.O.ની ચર્ચા છે. દશ્યો, હકીકત એ છે કે તમારી પાસે હવામાં આ ઉંચા ઉડતા વિમાનોના દ્રશ્યો છે કે જે

**એમ મનાય છે કે નેવાડાના એ અફાટ રણ વિસ્તારની નીચે અમેરિકાએ ભૂગર્ભમાં એક આખુ શહેર વસાવ્યુ છે અને ત્યાં અતિ ગુપ્ત પ્રયોગો થાય છે..**

એવો ભ્રમ પેદા કરે છે અહીં ઉડતી રકાબી યુફો આવે છે...

આ વિસ્તારની વિગતો જાહેર થયા બાદ ઘણાં અમેરિકન ઉત્સાહી લોકો અને સંસ્થાઓ દ્વારા તેમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો અને વર્ષોથી એવા પ્રયાસો સતત ચાલતા હોય છે. તેઓ ત્યાં ખરેખર એલિયન્સ છે કે નહીં તે જાણવા માટે ત્યાં પહોંચે છે પણ તેમને ખૂબ દૂરથી જ રોકી દેવામાં આવે છે.


એરફોર્સના પ્રવક્તા એલ. મેકએન્ડ્રુઝે વોશિંગ્ટન પોસ્ટને જણાવ્યું કે, "[એરિયા 51] યુએસ એર ફોર્સ માટે ખુલ્લી તાલીમ શ્રેણી છે, અને અમે અમેરિકન સશસ્ત્ર દળોને જ્યાં અમે તાલીમ આપીએ છીએ તે વિસ્તારમાં આવવાનો પ્રયાસ કરતા અમે કોઈપણને નિરાશ કરીશું." "યુએસ એર ફોર્સ હંમેશા અમેરિકા અને તેની સંપત્તિના રક્ષણ માટે તૈયાર છે."

એરિયા 51માં કાવતરાં થાય છે, ષડયંત્રો રચાય છે, યુધ્ધ વિમાનો બને છે, અનેક પ્રકારના યુધ્ધ સંબંધિત બાયોલોજીકલ વાઈરસના વેપન્સ લેબ ટેસ્ટીંગ થાય છે એવા સતત દાવાઓને

(અનુસંધાન પેજ નં.૬ પર)

ધર્મ

# અપરા એકાદશી વ્રતકથા - ધન આપનારી એકાદશી



આ અપરા એકાદશી પર આ રીતે ભગવાન વિષ્ણુની પૂજા અને વ્રત કરીને તેમને રાજી કરો, મળશે આવા ફળ.

વૈશાખ માસમાં કૃષ્ણ પક્ષની એકાદશી તિથિ પર અપરા એકાદશીનું વ્રત રાખવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા વિધિ-વિધાન પ્રમાણે કરવાથી ઈચ્છિત ફળ મળે છે. અપરા એકાદશીના દિવસે 'વિષ્ણુસહસ્રનામ' નો પાઠ કરવાથી પણ ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા થાય છે. આ વખતે અપરા એકાદશીનું વ્રત 26 મે ને ગુરુવારે રાખવામાં આવશે. આવો અમે તમને આ વ્રતની પૂજા વિધિ અને શુભ મુહૂર્ત જણાવીએ.

**અપરા એકાદશીનું મહત્વ :**

અજાણતા થયેલી ભૂલો અને પાપોનો નાશ કરવા માટે અપરા એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. આ એકાદશી વ્રત રાખવાથી વ્યક્તિના જીવનની તમામ પરેશાનીઓ દૂર થઈ જાય છે અને તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અપરા એકાદશી પર વિષ્ણુ યંત્રની પૂજા કરવાનું પણ મહત્વ છે.

આ એકાદશી પર, ભક્તો આખો દિવસ ઉપવાસ કરે છે અને સાંજે ભગવાન વિષ્ણુની પૂજા કરે છે. અપરા એકાદશી પર ભગવાન વિષ્ણુની પૂજા વિધિ-વિધાન સાથે કરવાથી અપાર આશીર્વાદ મળે છે.

**પૂજા વિધિ :**

અપરા એકાદશી પર ભગવાન વિષ્ણુની પૂજા એક દિવસ પહેલા દશમ તિથિની રાત્રિથી શરૂ થાય છે.

દશમના દિવસે સૂર્યાસ્ત પછી ભોજન લેવાની મનાઈ છે. સવારે સૂર્યોદય પહેલા ઉઠો અને નહાવાના પાણીમાં ગંગાજળ નાખીને સ્નાન કરો. પૂર્વ દિશામાં પીળું કપડું પાથરીને ભગવાન વિષ્ણુની મૂર્તિની સ્થાપના કરો. આ પછી દીવો પ્રગટાવો અને કળશ સ્થાપિત કરો.

ભગવાન વિષ્ણુને ફળ-ફૂલ, પાન, સોપારી, નારિયેળ, લવિંગ વગેરે અર્પણ કરો. આખો દિવસ ઉપવાસ કરીને સાંજે અપરા એકાદશીની વ્રત કથા સાંભળો અને ફળાહાર કરો. સાંજે ભગવાન વિષ્ણુની મૂર્તિની સામે ઘી નો દીવો પ્રગટાવો અને તેમની પૂજા કરો.

**અપરા એકાદશી શુભ મુહૂર્ત :**

એકાદશી તિથિ 25 મે, બુધવારે સવારે 10:32 વાગ્યાથી 26 મે, ગુરુવારના રોજ સવારે 10:54 વાગ્યા સુધી રહેશે. ઉપવાસના પારણાંનો સમય 27 મે, શુક્રવારે સવારે 5:25 થી 8:10 સુધીનો રહેશે.


# લગ્નમાં પ્રેમીએ પ્રેમિકાને ગિફ્ટમાં મોકલ્યો બૉમ્બ, વરરાજાએ ખોલ્યો અને ધડાકો થયો

## વાંસદાના મીંઢાબારી ગામની ચોંકાવનારી ઘટના, પૂર્વ પ્રેમીની ધરપકડ

ગુજરાત | વંદન

"રાજુએ મારી મોટી દીકરીને સાત વર્ષ સુધી પ્રેમના નામે છેતરી અને એક દીકરીની મા બનાવી. મારી નાની દીકરીનાં લગ્નમાં ભેટના નામે એણે ટેડીબીયરમાં બૉમ્બ મોકલ્યો અને મારા જમાઈની આંખો લઈ લીધી. હું લાચાર બાપ બીજું તો શું કરું, મારા જમાઈને એક આંખ આપી દઈશ." આ શબ્દો છે કે દીકરીના રંગેચંગે લગ્ન કરાવ્યાના બીજા દિવસે ભેટમાં મોકલાયેલા બૉમ્બમાં વિસ્ફોટ થતાં બન્ને આંખ અને હાથ ગુમાવનારાં જમાઈના દુઃખી સસરા હરીશ દળવીના...

નવસારીના વાંસદાના મીંઢબારી ગામમાં રહેતા હરીશ દળવીએ દીકરી સલમાનાં ધામધૂમથી લગ્ન કરાવ્યાં હતાં. દીકરીની જાન વળાવીને હરીશભાઈ અને તેમનો પરિવાર નિરાંતનો દમ લઈ જ રહ્યો હતો કે ત્યાં જ સલમાનો ફોન આવ્યો કે 'ઘરે બ્લાસ્ટ થયો છે અને પતિ લતેશને બહુ વાગ્યું છે.' હરીશભાઈ જણાવે છે, "હું ઘરે આરામ કરતો હતો અને અચાનક જ મારી નાની દીકરી સલમાનો ફોન આવ્યો કે લગ્નની ભેટમાં મળેલી કોઈ વસ્તુમાં વિસ્ફોટ થયો છે. હું મોટરસાઈકલ લઈને





સીધો જ મારા જમાઈ લતેશના ઘરે પહોંચ્યો. ત્યાં જઈને જોયું તો લતેશ અને એનો ભત્રીજો જિયાંશ લોહીલુહાણ હાલમાં પડ્યા હતા."

"ઘરમાં વિસ્ફોટને પગલે બધું જ વેરવિખેર થઈ ગયું હતું. લતેશ અને એના ભત્રીજાને અમે હૉસ્પિટલમાં લઈ ગયા. મારી દીકરીએ કહ્યું કે એ લોકો લગ્નની ભેટો જોતાં હતાં એવામાં એ પોતાની નણંદ સાથે ચા બનાવવા રસોડામાં ગઈ અને ધડાકાનો અવાજ આવ્યો. તેમણે દોડીને જોયું તો ઈલેક્ટ્રિક પ્લગમાં ભરાવાયેલા ટૅડીબીયરમાં વિસ્ફોટ થયો હતો અને એમનો પતિ અને ભત્રીજો લોહીલુહાણ પડ્યા હતા." હરીશભાઈ ઉમેરે છે, "અમે યાદ કર્યું તો ખબર પડી કે મારી મોટી દીકરી જાગૃતિની બહેનપણી આરતીએ ટૅડીબીયર દીકરીની જિંદગી બગાડી હતી એણે જ આ જ કામ કર્યું છે. મોટી દીકરીનું જીવન તો બરબાદ કરી નાખ્યું પણ નાની દીકરીનો શો ગુનો? મારા જમાઈનું ડાબું કાંડું ઊડી ગયું છે અને ડૉક્ટર કહે છે કે એની આંખો પણ હવે કામ નહીં કરે. " "મારા નિર્દોષ જમાઈ માટે હું બીજું તો કંઈ કરી શકું એમ નથી પણ મારી એક આંખ એને આપી દઈશ."

આ કેસની તપાસ કરી રહેલા વાંસદાના પી.એસ. આઈ. વીરેન્દ્રસિંહ વાઘેલા કહે છે, "લતેશને ટૅડીબીયર આપનાર મોટી દીકરી જાગૃતિની બહેનપણી આરતીની પૂછપરછ કરી. પૂછપરછમાં જાણવા મળ્યું કે જાગૃતિ જેની સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી એ રાજેશ પટેલે આ ટૅડીબીયર જાગૃતિની દીકરીને આપવા એને કહ્યું હતું." "આરતીના જણાવ્યા અનુસાર રાજેશ એની પાસે ખૂબ રડ્યો હતો અને કહેતો હતો કે જાગૃતિ એની કોઈ ગિફ્ટ નહીં લે પણ એ આ ટૅડીબીયરને એની દીકરીને આપી દે. એણે લગ્નના દિવસે ટૅડીબીયર આપ્યું હતું, જેના આધારે અમે રાજેશ પટેલની ધરપકડ કરી છે."

રાજેશ અને જાગૃતિ અંગે વાત કરતાં હરીશભાઈ જણાવે છે, "મારી દીકરી નોકરી કરતી હતી ત્યારે એને રાજેશ પટેલ સાથે પ્રેમ થઈ ગયો હતો. એણે મારી દીકરીને લગ્નનું વચન આપ્યું હતું અને એક દીકરીને મા પણ બનાવી હતી. પણ એણે વચન પાળ્યું નહીં અને જાગૃતિ અમારા ઘરે આવી ગઈ." "રાજેશ અવારનવાર જાગૃતિને મારી નાખવાની ધમકી આપતો હતો. પણ એ ખરેખર આવું કૃત્ય કરશે એવી અમને ખબર હોત તો અમે પોલીસમાં ફરિયાદ કરી દીધી હોત."

આ મામલે વાત કરતાં સુરતના રેન્જ આઈ.જી. રાજુકમાર પાંડિયને જણાવ્યું, "ટૅડીબીયર એફ.એસ.એલ.માં મોકલતાં જાણવા મળ્યું કે એમાં ડિટોનેટર અને જીલેટીનનો ઉપયોગ થયો છે. રાજેશ પટેલની અમે આકરી પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે કૂવા ઊંડા કરવા માટે ડિટોનેટર અને જીલેટીન વેચતી એક કંપનીમાં કામ કરતા એના મિત્ર મહેશ પંડ્યા પાસેથી એણે આ વસ્તુઓ ખરીદી હતી. " "એને ટૅડીબીયરમાં એવી રીતે ફિટ કરી હતી કે એને ઈલેક્ટ્રિક પ્લગમાં ભરાવતાં જ વિસ્ફોટ થાય. એની સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી જાગૃતિ અને એની બાળકીને ખતમ કરવા માટે એણે કૉમન ફ્રેન્ડ આરતી માટે એ ટૅડીબીયર મોકલ્યું હતું."

રેન્જ આઈ.જી. પાંડિયન જણાવે છે કે રાજેશ પહેલાંથી જ પરણેલો હતો અને તેને પહેલી બે પત્નીથી બે બાળકો પણ હતાં. એણે જાગૃતિને કથિત રીતે પ્રેમમાં ફસાવી હતી અને સાત વર્ષથી એની સાથે લગ્ન કર્યાં વગર રહેતો હતો. એમને એક દીકરી પણ છે. જાગૃતિ દ્વારા વારંવાર લગ્નની વાત કરાતાં બન્ને વકીલ પાસે ગયાં હતાં અને વકીલે બીજાં લગ્ન કરાવવાની ના પાડતાં જાગૃતિ પોતાની છ વર્ષની બાળકીને લઈને પિતાના ઘરે આવી ગયાં હતાં.

એ બાદ રાજેશ એને હેરાન કરતો હતો અને મારી નાખવાની ધમકી આપતો હતો. પોલીસે આ મામલે રાજેશને વિસ્ફોટકો આપનારા એના મિત્ર મહેશ પંડ્યાની પણ ધરપકડ કરી છે.

વિસ્ફોટમાં ગંભીર રીતે ઘાયલ થયેલા અને બને આંખો ગુમાવનારા લતેશ તડવીનાં બહેન અમિતાએ આ અંગે વાત કરતાં જણાવ્યું, "રાજેશ પટેલને મારી ભાભીની બેહેન સાથે ઝઘડો હતો તો એમાં મારા ભાઈનો શો વાંક? ભાઈએ તો એની બન્ને આંખ અને કાંડુ ગુમાવી દીધાં. મારી ભાભીના પિતા કહે છે કે હું એક આંખ આપીશ પણ મારા ભાઈની જિંદગી તો બરબાદ થઈ ગઈને!" આ મામલે આરોપીની માનસિકતા અંગે વાત કરતાં મનોચિકિત્સક ડૉક્ટર પ્રશાંત ભીમાણી જણાવે છે, "આવા લોકો ઈમ્પલ્સ કંટ્રોલ ડિસઑર્ડરથી પીડાતા હોય છે. આ પ્રકારના મનોરોગીઓ 'મારી નહીં તો કોઈની નહીં' એવી ભાવના ધરાવતા હોય છે. આવા લોકોને ઍબનોર્મલ પઝેસિવનેસ પણ ધરાવતા હોય છે. એવામાં જો એની પ્રિય વ્યક્તિ રિસાઈ જાય તો તેઓ એને પાઠ ભણવવા માગતા હોય છે."

ઑગઠ

# પેલા ભૂખ્યા ગરીબ બાળકો ઢોળાયેલા તપેલા બાજુ જોઇને હીબકાં ભરતા હતા!

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

"હાશ! આ રેઢિયાર ઢોર તો હવે લોહી પીય ગયા છે. માણસો દૂધ દોહીને પાકડીયા થઈ જાય એટલે કાઢી જ મેંલે છે. પેલા તો વાછડો આવે એટલે એને હાચવતા હતા. મોટો થાય એટલે એને બળદ બનાવતા. હવે તો વાછડાને બે ગામ વટાડીને રઝળતો મૂકી દે. બચારા રખડી રખડીને કોકનાં ખેતર ભેળી અને ઉકડા ભંભોળી મોટા થાય ને ખૂંટિયા થઈ ગામને ગોથે ચડાવે." હાથમાં લાકડીને માથે વાસીદાનો ટોપલો લઈ વેણુ ઉકરડે વાસીદુ નાખવા જતા બબડતી હતી.

વેણુના ઘરે ચાર ભેંસો અને બે દેશી ગાય હતી. વાડીએ પાણીનું સારું હતું. એટલે લીલી નીરણ, રજકો, મકાઈનો ઢોરને ધરવ રહેતો. ઢોરને ધરવથી નીરણ મળે એટલે તે નિરણના પાંદડા ખાય અને દાંડા પડ્યા મૂકે. વેણુ વાસીદુ કરે એમાં છાણની સાથે ઢોરે પડી મુકેલ આ ઑગઠ પણ હોય. એટલે જ જ્યારે વેણુ વાસીદું નાખવા આવે ત્યારે રેઢીયાર ઢોર તેની રાહે ઉકરડે ઉભા હોય. વેણુને આવતી જોઈને ભૂખ્યા વરુની જેમ ઑગઠ ખાવાની લાલચે એકબીજાને શિંગડે ચડાવેને ધમાચકડી બોલાવે. એટલા માટે જ વેણુ હાથમાં લાકડી લઈ વાછીદુ નાખવા આવે. જેવું છાણને ઑગઠનો ટોપલો ઉકરડે ઊંધો વાળે એટલે બધા રેઢીયાળ ઢોર જેના ભાગમાં જેટલી ઑગઠ આવે એટલી ઝડપથી ખાઈને પેટની અગ્ની ઓછી કરવા અધીરા થઈ એકબીજાને માથા પણ મારી લે. આ ધમાલમાં પોતાને વગાડી ના દે એટલે ઘણી વખત વેણુ આ ભૂખ્યા ઢોરને લાકડીથી ઢીબી પણ નાખતી હતી.

માથાભારે ખુટીયાને મારકણી ગાયો તો પોતાનો ભાગ ઑગઠમાંથી ઝૂંટવી લેતા પણ દુબળાને માંદલ વાછરડા બિચારા તાકી રહેતા. ક્યારેક આ મહાસંગ્રામમાં એકાદી ઑગઠનો ટુકડો તેમના ભાગે આવી જતો ત્યારે આ માંદલ વાછરડાના પેટની આગ થોડી ઘણી ઓછી થતી.

ઉકરડાની સામેના ઘરે રસ્તો વટીને લગ્નનો પ્રસંગ હતો. લોકો નવા નવા કપડાં પહેરી લગ્નમાં મહાલતા હતા. સ્ત્રીઓ પોતપોતાની સાડીના વખાણ કરતી, તે ક્યાંથી લીધી, કેટલામાં લીધી, ને કેમ લીધી તેનો ઈતિહાસ વર્ણવવામાં મશગુલ હતી. બધી જ સ્ત્રીઓ બોલતી હતી, જાણે કોઈ કોઈનું સાંભળતી ન હતી. છોકરાઓ નવા કપડા ને મેલા કરવાની હરીફાઈમાં ભાગ લઈ રહ્યા હોય તેમ પ્રસંગના મેલા ગાદલા પર અલગોટીયા ખાતા હતાં, ને સામસામે ઓશીકા યુદ્ધ છેડી દીધું હતું. યુવાનો માવા ચોળી રહ્યા હતા. વડીલો જાણે કંઈક ગંભીર વાત કરી રહ્યા હોય તેવી મુખમુદ્રા ધારણ કરી બેઠા હતા. એટલામાં એક વડીલે સાદ પાડ્યો, "હાલો લ્યો જમી લ્યો."બન્ને કાઉન્ટર પર લાંબી લાઈનો થઈ ગઈ. એકબાજુ પુરુષોને બીજી બાજુ સ્ત્રીઓ. ચાર પાંચ જાતના સલાડથી શરૂ કરી. ત્રણ જાતની મીઠાઈ, એક સ્વીટ લિક્વિડ, બે શાક, બે ફરસાણ, દાળ, ભાત બધું મળી આખી ડીશ ભરાય જાય એટલી વાનગી હતી. ટેવ પ્રમાણે લોકોએ જરૂર કરતાં વધારે ડીશ ભરેલી હતી. દરેક વાતો કરતા કરતા જમવામા લાગી ગયા. વચ્ચે વચ્ચે ઘરધણી મીઠાઈ ભરેલી ડીશ લઈ આગ્રહ કરી કરીને મોઢામાં અને ડિશમાં બટકા મુકતા જતા હતા.


જેમ જેમ બધા જમતા જતા હતા,જમી લીધા પછી જમણવારના શમિયાણાની બહાર વાસણ સાફ કરવા વાળા બેઠા હતા ત્યાં ડીશો મૂકાવા લાગી. લગભગ મોટાભાગની ડિશોમાં મીઠાઈ, રોટલી, શાક, ફરસાણ જેવું કંઈનું કંઈ બચેલું પડ્યું હતું. તેમાં પણ સ્ત્રીઓની ડિશમાં તો વધારે બગાડ થયેલો હતો.વાસણ સાફ કરવા વાળાની બાજુમાં બે સ્ત્રીઓ બેઠી હતી. દેખાવે એકદમ દુબળીને ગરીબ લાગતી હતી. બંનેની સાથે એક નાનો છોકરો જેણે ફાટેલી ચડ્ડીને ફાટેલો મોટી સાઈઝનો શર્ટ પહેરેલો હતો અને એક છોકરી જેણે તેના માપ કરતાં નાનુ, ફાટેલું ફ્રોક પહેરેલું હતું. માથા ઓળવ્યા વગરના અને વાળ મેલા હતાં. પેલી બંને સ્ત્રી બે-ત્રણ તપેલા લઈને આવી હતી. મહેમાનો એંઠી ડીશ ત્યાં ઢગલામાં મૂકીને જતા રહેતા. પેલી બંને સ્ત્રીઓ એઠવાડમાંથી વધેલી મીઠાઈ એક તપેલામાં ભેગી કરતી. દાળ શાક અલગ અલગ તપેલામાં ભેગા કરીને ડીશ ધોવા વાળાને આપતી.આ વધેલા એઠવાડથી તેના પરિવારના બે ત્રણ દિવસ ટૂંકા થઈ જાશે. એઠી ડિશ મુકવા આવનાર આ સ્ત્રીઓ સામે તિરસ્કારથી જોતા જતા. પેલા બંને બાળકો વધેલી

(અનુસંધાન પેજ નં.૬ પર)

(ઑગઠ : ગાય ભેંસને ખાતા વધેલી નિરણ.)



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.



# જામનગરમાં છે વિશ્વનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય

## દક્ષિણ આફ્રિકાના મોરાક્કોથી વિમાન મારફતે 95 પ્રાણીને લાવવામાં આવ્યાં

ગુજરાત | વંદન

જામનગરમાં આકાર લેનારાં વિશ્વના સૌથી મોટા પ્રાણી સંગ્રહાલય માટે વિમાન મારફતે દક્ષિણ આફ્રિકાના મોરાક્કોથી અલગ અલગ 95 પ્રાણીઓને અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યાં હતા. જે બાદ પ્રાણીઓને વિશેષ વ્યવસ્થા દ્વારા જામનગર પહોંચાડી દેવામાં આવ્યા છે.

જામનગરના આંગળે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ગ્રીન્સ ઝુલોજિકલ', 'રેસ્ક્યૂ એન્ડ રિહેબિલિટેશન કિંગ્ડમ'ના નામે વિશ્વનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય બની રહ્યું છે, તેના માટે બુધવારે 10: 30 કલાકે રશિયન કાર્ગો વિમાન મારફતે દક્ષિણ આફ્રિકાના મોરાક્કોથી અલગ અલગ 95 પ્રાણીઓને અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યાં હતાં. જેમાં વાઘ, જંગલી બિલાડી સાહુડીનો સમાવેશ થાય છે. આ પ્રાણીઓને વિશેષ વ્યવસ્થા સાથે જામનગર પહોંચાડવામાં આવ્યા છે.

આગામી સમયમાં અન્ય પ્રાણીઓ પણ લાવવામાં આવશે. મહત્વનું છે કે આ સંગ્રહાલય વિશ્વનાં સર્વશ્રેષ્ઠ પ્રાણી સંગ્રહાલયમાં સ્થાન પામશે. ઉલ્લેખનીય છેકે, કોરોના અને લોકડાઉનના કારણે આ પ્રોજેક્ટમાં થોડો વિલંબ થયો છે. પણ હાલ ઝડપથી તેણે આખરી ઓપ આપવાનું કામકાજ ચાલી રહ્યું છે.

**રેસ્ક્યૂ સેન્ટર લોકો માટે બંધ રાખવામાં આવશે**

જામનગરનું રેસ્ક્યૂ સેન્ટર પ્રાણી સંગ્રહાલયથી અલગ છે. આ સંગ્રહાલય આમ જનતા માટે ખૂલ્લુ નહીં રહે. આઆરઆઇ એલની સામાજિક ઉત્તરદાયિત્વની કામગીરીનો ભાગ છે. તે ઈજાગ્રસ્ત કે માનવભક્ષી માંસાહારી પ્રાણીઓને સાચવવા માટે રાજ્ય સરકારના વનવિભાગને સહાય કરવા માટે બનાવવામાં આવ્યું છે.

**કેટલા-કયા પ્રાણીઓ આવ્યા**

27 વાઘ, 10 રીંછ, 10 ચિત્તા, 10 શાહુડી, 10 જગુઆરેંડી, 10 લિંક્સ, 04 ટેમાનાડોસ, 03 ઓકેલોટ, 10 અમેરિકન મોટી બિલાડી

**વિશેષ વ્યવસ્થા સાથે લવાયા**

પ્રાણીઓને મુશ્કેલીઓ સર્જાય તે માટે વિધાનમાં એક ખાસ પ્રકારના એસીનું ટેમ્પરેચર જણાવવામાં આવ્યું હતું.

આ સાથે જ તમામ પ્રાણીઓને ફ્લાઈટમાં ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે દિવસ દરમ્યાન ગરમીનો સામનો કરવો પડે તેમજ એરપોર્ટ પર અન્ય વિમાન અને અડચણ ઉભી ન થાય તે માટે કાગી વિમાનને જેટલા ટ્રેલર ફ્લાઈટ ની આસપાસ ગોઠવવામાં આવ્યા હતા.



## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) નવા રોકાણ કરવાથી દૂર રહેવું. જુના રોકાણો, રોકડા કરી લેવા. પરિવારજનો સાથે વધુ નિકટતાનો અનુભવ થાય. તમારી ઘણી પ્રવૃત્તિઓમાં અનેક ઘટનાઓ આકાર લેશે. મિત્રતા અને શત્રતા જેવી વિરોધી લાગણીઓ અનુભવશો.

**વૃષભ** (બ.વ.ઉ) સફળતાના સંજોગો નિર્માણ થાય. સતત વ્યસ્ત રહેશો. મિત્રો અને રોમાન્સને લગતાં જોડાણો થાય. વ્યવસાયમાં ભાગીદારી, પ્રવાસ અને વેપાર, વિવાહ વગેરેની તૈયારી માં વ્યસ્ત રહેશો, આ સમયગાળામાં, મિત્ર અને સગાઓ તમારા માટે કામ કરી રહ્યા છે.

**મિથુન** (ક.છ.ઘ) ગણત્રી પ્રમાણેનું કામ ન થવાથી થોડો ઉચાટ કે ઉદ્વેગ રહે. જોકે ધીરે ધીરે આપના કામ અંગે સાનુકુળતા પ્રગતિ જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી હર્ષ લાભ રહે. જમીન, મકાન કે વાહન અંગેના કામમાં સાનુકુળતા જણાય. મિત્રવર્ગથી લાભ રહે.

**કર્ક** (ડ.હ) વેપાર ધંધામાં નવી તકો આવી મળે તે ઝડપી લેશો. જમીન, મકાન જેવી બાબતોમાં સાનુકૂળ સમય ચાલી રહ્યો છે. ચાલુ કાર્યોમાં પ્રગતિ થાય. કૌટુંબિક, સામાજિક, લગ્ન, સંતાન અંગેના પ્રશ્નો ચિંતા કરાવે. આપના મનની મૂંઝવણ વધતી જણાય.

**સિંહ** (મ.ટ) તમારી ઘણી પ્રવૃત્તિઓમાં અનેક ઘટનાઓ આકાર લેશે. મિત્રતા અને શત્રુતા વિરોધી લાગણીઓ અનુભવશો. આથી તમારા લાભમાં હોય, તેમાંથી સેરવી લેવાની વૃત્તિ રાખશો તો વાંધો નહીં આવે. નાણાકીય બાબતો આ સમયગાળાની તમારી જરૂરિયાતોમાં પ્રથમ રહેશે.

**કન્યા** (પ.ઠ.ણ) નોકરિયાત વર્ગને બઢતી-બદલી અંગે ધાર્યું થાય. આર્થિક બાબતો અંગે. વધારાના પ્રયત્નોની જરૂર પડે. તમારા માનસમાં વિષાદ અને અજંપાની લાગણી ઘર ન કરી જાય તે માટે ખાસ તકેદારી રાખવાની સલાહ છે. ઉપરીથી વાદવિવાદ ટાળવો. વેપાર ધંધાના ક્ષેત્રે મહેનત વધારવી પડે.

**તુલા** (ર.ત) આ સપ્તાહે, અચાનક જ આપનું નસીબ જાગે, તેવી પણ શક્યતા છે. નાણાં, આપનાં દ્વાર ખખડાવશે. તમારા પોતાના નિર્ણય ઉપર આવીને તેનો ત્વરિત અમલ કરવા તરફ આગળ વધો તો સદ્નસીબે નિર્ણય સાચો સાબિત થાય, તેવી શક્યતા છે.

**વૃશ્ચિક** (ન.ય) તમારા ગત અઠવાડિયાના કાર્યોમાં આગળ પ્રગતિ થાય. તમે નવી રેસ્ટોરાં કે નવો વ્યવસાય શરૂ કરો એવી પ્રબળ સંભાવના છે. મુલાકાત, ઈન્ટરવ્યું, નિમણૂક, લગાવ જેવી બાબતોમાં તમે વ્યસ્ત રહેશો. તમારામાં રોમાંચની લાગણી બળવત્તર બને.

**ધન** (ભ.ધ.ફ) ધંધો અને નોકરિયાત વર્ગને કામનો બોજ વધે. જોકે, ઉપરી અધિકારીઓનો સહકાર મળી રહે. માનસિક શાંતિ, સ્વસ્થતા અને ઉત્સાહના અનુભવ માટે, સકારાત્મક વિચારસરણી સાથે સતત કાર્યરત રહેવું જરૂરી બનશે. નાણાકીય રીતે આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધે નહીં તે જોવું.

**મકર** (ખ.જ) આ અઠવાડિયે યુવાનોનું મન મોટેભાગે પ્રેમ અને પ્રેમલગ્ન જેવા વિચારોમાં જ રોકાયેલું રહેશે. જીવનસાથીની પસંદગી માટે, નવી મિત્રતા માટે, તથા કોઓર્ડિનેશન માટેનો શ્રેષ્ઠ સમયગાળો છે. તમારા શોખની પુર્તિ થાય. બાળકો અને કુટુંબ સાથે સારો સમય પસાર કરશો.

**કુંભ** (ગ.સ.શ.ષ) પરિવર્તન આવી રહ્યું છે. જીવનના દરેક ક્ષેત્રમાં તેની અસર વર્તાશે. વ્યસ્ત રહેવા માટે તૈયાર રહો. આ સમયગાળામાં નવીન તકો અને તમારા ભાવિના ઘડતર માટે અતિ મહત્ત્વના સંજોગોનું નિર્માણ થાય. સ્વાભાવિક રીતે જ આધ્યાત્મિક બાબતો તરફ વિશેષ ઝોક ધરાવતા થશો.

**મીન** (દ.ચ.ઝ) નોકરિયાત વર્ગને કામનો બોજ વધે. જોકે, ઉપરી અધિકારીઓનો સહકાર મળી રહે. માનસિક શાંતિ, સ્વસ્થતા અને ઉત્સાહના અનુભવ માટે, સકારાત્મક વિચારસરણી સાથે સતત કાર્યરત રહેવું જરૂરી બનશે. નાણાકીય રીતે આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધે નહીં તે જોવું. વેપાર ધંધામાં ફાયદો કરાવે તથા નવી તકોનું નિર્માણ થાય. પ્રેમપ્રસંગ, મિલન-મુલાકાતમાં અડચણો, વિઘ્નો આવે.

## નકલી માર્કશીટ દ્વારા 250 વિદ્યાર્થીઓએ મેળવી સરકારી નોકરીઓ

# છેલ્લાં 38 વર્ષથી ધમધમી રહેલા બોગસ ડિગ્રી અને સર્ટિફિકેટ કૌભાંડનો પર્દાફાશ


ગુજરાત | વંદન

રાજકોટમાં 38 વર્ષથી ફૂલીફાલી રહેલા બોગસ ડિગ્રી અને માર્કશીટ કૌભાંડમાં ઓછામાં ઓછા 250 યુવાનોએ નકલી માર્કશીટના આધારે સેના સહિત વિવિધ સરકારી વિભાગોમાં નોકરી મેળવી હોવાનું બહાર આવ્યું છે. આ કેસની તપાસ કરી રહેલી રાજકોટની ડિટેકશન ઓફ ક્રાઈમ બ્રાંચએ આ રેકેટના મુખ્ય સાગરીત અમરેલી જિલ્લાના ખાંભાના રહેવાસી કેતન જોષી, દિલ્હીના તનુજા સિંહ, જામનગરના જીતેન્દ્ર પીઠડિયા અને રાજકોટના પારસ લાખાણીની ધરપકડ કરી છે. રાજકોટમાં જે સંસ્થા પર દરોડો પાડવામાં આવ્યો હતો તે 62 વર્ષીય જયંતિ પટેલ ચલાવતો હતો, જેની અગાઉ ધરપકડ કરવામાં આવી છે.

તપાસ અધિકારી વાય બી જાડેજાએ જણાવ્યું હતું કે આરોપીઓએ દેશની રાજધાની દિલ્હીમાં દિલ્હી ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના નામથી ઓફિસની બનાવી હતી અને જેનું સંચાલન તનુજા દ્વારા કરવામાં આવતું હતું. "જોશી સમગ્ર રેકેટનો માસ્ટરમાઈન્ડ છે. તેઓએ 2011માં દિલ્હીનું ડુપ્લિકેટ એજ્યુકેશન બોર્ડ બનાવ્યું હતું અને 14 રાજ્યો અને 49 શહેરોની 54 શાળાઓને નકલી જોડાણ આપ્યું હતું. રાજ્યોમાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, મેઘાલય, પંજાબ, બિહાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્હી, કેરળ અને ઉત્તરાખંડનો સમાવશે થાય છે.'' ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન આ વિગતો બહાર આવી હતી.

ડીસીબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે એકલા ગુજરાતમાંથી 8,500 જેટલા લોકોએ આરોપી પાસેથી રૂ. 10,000 થી રૂ. 15,000 સુધીની રકમ ચૂકવીને નકલી માર્કશીટ અને પ્રમાણપત્રો લીધા હતા. ત્યારબાદ આ વિદ્યાર્થીઓએ રેલવે, પેટ્રોલિયમ વિભાગ, વાયુસેના, અર્ધલશ્કરી દળો, પોસ્ટ ઓફિસ સહિત અન્ય કેટલાક વિવિધ સરકારી વિભાગોમાં નોકરીઓ મેળવી હતી. તાજેતરમાં, ડીસીબીએ એક વિદ્યાર્થી સામે ગુનો દાખલ કર્યો હતો, જે બારમા ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો, પરંતુ આરોપી પાસેથી મેળવેલી નકલી માર્કશીટના આધારે ઉદયપુરની ડેન્ટલ કોલેજમાં પ્રવેશ મેળવવામાં સફળ થયો હતો.

"એટલું જ નહીં તેણે કોવિડ -19 મહામારી દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પણ ત્રણ મહિના સેવા આપી હતી.'' જાડેજાએ જણાવ્યું હતું. 10મી મેના રોજ ડીસીબીએ નાના માવા રોડ પર માધવ કોમ્પ્લેક્સમાં આવેલી જયંતિ પટેલની ઓફિસ પર દરોડો પાડ્યો હતો અને 1983થી વિકસી રહેલા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. 62 વર્ષીય જયંતિ પટેલે હજારો ડિગ્રીઓ અને નકલી માર્કશીટ ઈશ્યૂ કર્યાની કબૂલાત કરી હતી કે જેમાં મોટાભાગે સ્થાનિક ઉદ્યોગોમાં નોકરીઓ ઈચ્છતા યુવાનોને ડીગ્રી આપવામાં આવી હતી.



RECOGNISED BY ITES, MUMBAI (INDIA)
Saurashtra Electronics Institute of Technology
SEIT
MARKSHEET
Student's Name: BHATT PRAFUL RANCHHODBHAI


| Sr. No. | G.R.No. | Examination held on | Centre |
|---|---|---|---|
| 951 | RJT-061 | MAY-2008 | RAJKOT |

Name of Course: MECHANICAL FITTER

| Subject | Total Marks | Minimum Marks | Marks Obtained |
|---|---|---|---|
| Theory | 100 | 40 | 66 |
| Practical | 100 | 40 | 75 |
| Project | 100 | 40 | 79 |

Grand total marks: 220 Result: PASS
Percentage: 73.33 % Duration: JUNE-2006 TO MAY-2008
Rank: FIRST Date of Result: 11-06-2008

Sign. of Centre Head Sign. of Principal



## રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રીના પુત્ર વિરુદ્ધ ફરિયાદ દાખલ

ગુજરાત | વંદન



રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી નાગદાન ચાવડાના પુત્રએ રામાપીર ચોકડીએ આવેલી તેના માસાની ઓફિસે જઇ રૂ.1.25 કરોડની માંગ કરી કાચની બોટલ ફોડી ધમાલ કરી હતી અને કાલ સાંજ સુધીમાં પૈસા નહીં મળે તો જીવવા નહી દઉં તેવી ધમકી આપતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. અને ગાંધીગ્રામ પોલીસમાં સુરેશ ચાવડા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે DCP ઝોન 2 સુધીરકુમાર દેસાઈએ મીડિયાની જણાવ્યું હતું કે, નાગદાન ચાવડાના પુત્ર સુરેશ ચાવડા વિરુદ્ધ 452, 540,387, 506/2 મનીલેન્ડિંગ 540,42 અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરિયાદી નિર્મળભાઈએ રૂપિયા પરત આપી દીધા હતા. જેથી તેને શોધવા તપાસ હાથ ધરાઈ છે. નિર્મળભાઈ રતાભાઈ ડાંગરે જણાવ્યું હતું કે, પોતે તથા તેના મોટાભાઈ મહિપતભાઈ ડાંગર સંયુક્તમાં ઉપરોક્ત સ્થળે વેપાર કરે છે. નાગદાન ચાવડા તેમના સગા સાઢુભાઈ થાય છે.નાગદાન ચાવડાના પુત્ર સુરેશે વર્ષ 2017માં નિર્મળભાઈના મોટાભાઈ મહિપતભાઈને હાથઉછીના રૂ.39 લાખ આપ્યા હતા અને આઠ મહિના બાદ જ રૂ.1.92 કરોડની ઉઘરાણી કરી હતી.

## રાજકોટમાં એક મહિલાએ પોલીસ સ્ટેશનમાં જ કરી આત્મહત્યા

ગુજરાત | વંદન

કોઈ અન્ય ગુનામાં માહિતી એકત્ર કરવા પૂછપરછ માટે લાવવમાં આવેલી એક મહિલાએ રાજકોટના આજી ડેમ પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. નયના નામની આ મહિલાને કોઈ વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ હતા. આ વ્યક્તિ ઉપર થોડા દિવસો પહેલા કોઈ અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો.

## બનાસકાંઠામાં 21 હજાર લોકોને રાતા પાણીએ નવડાવનાર મહાઠગ અંતે ઝડપાયો

### 'એક કા તીન, એક કા દો' એવી લાલચો આપી 150 કરોડ ખંખેર્યા

ગુજરાત | વંદન

બનાસકાંઠા LCBએ એક એવા મહાઠગને ઝડપ્યો છે કે જેણે પાંચ શહેરના 21 હજાર લોકોને 150 કરોડનો ચૂનો ચોપડ્યો હતો. આ મહાઠગે ડેટા એન્ટ્રીના નામે રાજ્યના કેટલાંક શહેરોના નાગરિકો સાથે મોટી છેતરપિંડી આચરી હતી. મહાઠગે કંપની ખોલીને હજારો લોકોને તેમાં કરોડો રુપિયાનું રોકાણ કરાવ્યું હતું. બાદમાં લોકોનાં કરોડો રુપિયા લઈને ચાલાક મહાઠગ ફરાર થઈ ગયો હતો. ત્યારે આ કંપનીના મહાઠગ અને મુખ્ય ડિરેક્ટર રાહુલ વાઘેલાને બનાસકાંઠા LCBએ ઝડપી પાડ્યો છે. પોલીસે આ મામલે આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે. આ સિવાય તેણે આવા કેટલાં કાંડ કર્યા છે એ દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, આરોપીએ બે વર્ષ પહેલાં નડિયાદ શહેરના ડભાણ રોડ પર માસ્ટર ડિજીટલ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ખોલી હતી. એ પછી તેણે લોકોને મોબાઈલમાં




માસ્ટર ડિજીટલ નામની એપ્લિકેશન આપી હતી. જેમાં તે 6થી 8 ડિજીટના બારકોડ આપી ડેટા એન્ટ્રી કરવાનું કહી અંદાજે 21 હજાર લોકોને આઈડી આપ્યા હતા. આ માટે તેણે વ્યક્તિ દીઢ રુપિયા 25થી 90 હજારનું કંપનીમાં રોકાણ કરાવ્યું હતું. આ લોકોને તેણે વધુ વળતરની લાલચ આપીને વધારે કામ કરવાની લાલચ આપી હતી. બાદમાં અલગ અલગ પ્રકારના કામ સોંપ્યા હતા.

એટલું જ નહીં કેટલાંય લોકોને વધુ વળતર આપવાની લાલચ આપીને કંપનીની થાપણો આપી હતી. જેને લઈને શરૂઆતમાં લોકોને સારુ વળતર મળ્યું હતું. જે બાદ આ કંપનીમાં નડિયાદ સહિત અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ સહિતના કેટલાંક શહેરોના નાગરિકોએ મોટુ રોકાણ કર્યું હતું. અચાનક એક દિવસ કંપની દ્વારા વળતર આપવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. જેથી ઉશ્કેરાયેલા લોકોએ કંપનીની ઓફિસે જઈને હલ્લાબોલ કર્યો હતો. એટલે કંપનીના માણસોએ લોકોને તેમના નાણાં ક્રિપ્ટોમાં કન્વર્ટ કરવાની વાત કરી હતી.

જો કે, આ ઘટના બાદ કંપનીનો મુખ્ય ડિરેક્ટર અને આરોપી રાહુલ વાઘેલા અચાનક ફરાર થઈ ગયો હતો. એટલે કંપનીમાં કરોડો રુપિયાનું રોકાણ કરનારાઓના કરોડો રુપિયા ડૂબ્યા હતા અને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો. આરોપી રાહુલ વાઘેલા લોકોને છેતર્યા હોવાનો અહેસાસ થયા બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસ પણ આ મામલે તપાસ કરી હતી. આ દરમિયાન બનાસકાંઠા LCBને બાતમી મળી હતી કે, રાહુલ વાઘેલા ધાનેરા પાસે આવેલી ગુજરાત-રાજસ્થાન બોર્ડર પાસેની એક હોટલમાં છે. તે બસમાં બેસીને રાજસ્થાન તરફ જવાની તૈયારી કરી રહ્યો છે.

પોલીસે અહીં પહોંચીને કૌભાંડના મહાઠગ આરોપી રાહુલ વાઘેલાને ઝડપી પાડી તેની કડક પૂછપરછ કરી હતી.

## શબ્દોની સંતાકૂકડી 11 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | 5 |
| 6 | | ■ | 7 | | | |
| | ■ | 8 | | ■ | | ■ |
| ■ | 9 | | | 10 | ■ | 11 |
| 12 | | | ■ | 13 | | |
| ■ | | ■ | 14 | | ■ | |
| 15 | | | | ■ | 16 | |

**ઊભી ચાવી**

(1) એક સૂકોમેવો [3]
(2) એક ધાન્ય [2]
(3) સંગીતમાં ઠેકાનું માપ, રિધમ [2]
(4) અહીં તાકાત શબ્દ આડોઅવળો થયો છે [3]
(5) શરીર, દેહ, કાયા [2]
(7) સરળતાથી મળે તેવું, સુલભ [3]
(8) આંખનો પલકારો [3]
(9) હેતુ, આશય [4]
(10) લચી પડવું એ [3]
(11) ઘડિયાળનો અવાજ [4]
(14) માંકડ (અંગ્રેજીમાં) [2]

**આડી ચાવી**

(1) હનુમાનની માતાનું નામ [3]
(3) કૌવત, બળ, શક્તિ [3]
(6) પ્રાણ, ચેતન [2]
(7) બાદશાહ [4]
(8) ચરણ [2]
(9) એક પ્રકારનું મુલાયમ કાપડ [4]
(12) હત્યા કરનારું, જલ્લાદ [3]
(13) વરસાદની રાહ જોનાર પક્ષી, બપૈયો [3]
(14) કિંતુ, પરંતુનું અંગ્રેજી [2]
(15) અતિશય, પુષ્કળ [4]
(16) શાળામાં પાટિયા ઉપર આનાથી લખાય [2]

**શબ્દોની સંતાકૂકડી-11 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-10નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ચં | 2 ચ | ળ | ■ | 3 લ | ■ | 4 વ |
| 5 દ | સ | ■ | 6 દા | વા | ન | ળ |
| ન | ■ | 7 ખો | ■ | દ | ■ | ત |
| ■ | 8 લ | ડ | 9 ત | ■ | 10 વા | ર |
| 11 અ | ટ | ■ | 12 ર | 13 જ | ત | ■ |
| સ | ■ | 14 સ | ફ | ર | ■ | 15 ત |
| 16 લ | હે | ર | ■ | 17 જ | હા | જ |

## કોયડો નં. 13 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | 4 | 3 | | | |
| | 3 | 5 | | | 9 | | | 1 |
| 4 | | | 1 | | | 3 | 5 | |
| | | 3 | 4 | | | | | |
| | 6 | 7 | | | | 2 | | |
| | 5 | | | 7 | | 1 | | |
| | | 2 | | | 1 | | 6 | 7 |
| 6 | | | 7 | | | | | |
| | | | | 3 | | | | 4 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-13નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 9 | 5 | 4 | 3 | 7 | 8 | 6 |
| 7 | 3 | 5 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |
| 4 | 8 | 6 | 1 | 2 | 7 | 3 | 5 | 9 |
| 2 | 1 | 3 | 4 | 9 | 8 | 6 | 7 | 5 |
| 9 | 6 | 7 | 3 | 1 | 5 | 2 | 4 | 8 |
| 8 | 5 | 4 | 2 | 7 | 6 | 1 | 9 | 3 |
| 3 | 4 | 2 | 9 | 8 | 1 | 5 | 6 | 7 |
| 6 | 9 | 1 | 7 | 5 | 4 | 8 | 3 | 2 |
| 5 | 7 | 8 | 6 | 3 | 2 | 9 | 1 | 4 |

## 5 ટકા લોકોને હજુ ભય છે કે આવતા 3 મહિનામાં ઘરખર્ચ વધુ 10 ટકા વધશે : સર્વેમાં ચોંકાવનારા તારણો

# મોંઘવારીનો માર : ત્રણ જ મહિનામાં પરિવારોનો ઘરખર્ચ 10 ટકા વધી ગયો



ગુજરાત | વંદન

ભારતમાં કેટલાક મહિનાઓથી મોંઘવારીએ માઝા મુકી છે. આવશ્યક ચીજોથી માંડીને તમામે તમામ વસ્તુઓમાં બેફામ ભાવવધારો છે અને ફુગાવો પણ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે ત્યારે છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ભારતીય પરિવારોના ઘર ખર્ચમાં 10 ટકાનો મોટો વધારો થયાનું ચોંકાવનારો રિપોર્ટ જારી થયો છે.

ખાનગી એજન્સી દ્વારા મોંઘવારી વિશે કરાવવામાં આવેલા સર્વેમાં 92 ટકા પરિવારોએ એમ જણાવ્યું હતું કે, છેલ્લા 3 મહિનામાં માસિક ઘરખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. પેટ્રોલ-ડીઝલ, ખાદ્યતેલ, ખાદ્યચીજો, ઘરવપરાશની આવશ્યક ચીજો તથા અન્ય વસ્તુઓ તથા સેવાઓના ભાવમાં વધારો થવાને કારણે ઘરખર્ચ વધી ગયો છે. 70 ટકા લોકોએ એમ કહ્યું કે માસિક બજેટમાં 10 ટકાનો વધારો થયો છે. જ્યારે 55 ટકા લોકોએ એવી ભીતિ દર્શાવી હતી કે આવતા 3 મહિનામાં ઘરખર્ચ હજુ 10 ટકા વધી જશે.

લોકલ સર્કલ દ્વારા દેશભરના 323 જિલ્લાઓમાં 12000 પરિવારોને સાંકળી લઈને 23,500 લોકોનાં પ્રતિભાવો મેળવવામાં આવ્યા હતા અને તેના આધારે સામાન્ય સૂર એવો નીકળ્યો હતો કેમોંઘવારીના કારણે પરિવારોના બજેટ વેરવિખેર થઈ ગયા છે. છેલ્લા 3 મહિનામાં જ ઘરખર્ચમાં 10 ટકા જેવો વધારો થયો છે.

આવતા મહિનાઓમાં પણ હજુ ઘરખર્ચ વધતો રહેવાના સંજોગોમાં બેછેડા ભેગા કરવાનું વધુને વધુ મુશ્કેલ બનશે.

સર્વે રિપોર્ટમાં લોકોએ એવું પણ તારણ દર્શાવ્યું છે કે, સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલમાં ભાવઘટાડો કરવામાં આવે તો સરેરાશ મોંઘવારીમાં પણ રાહત મળશે અને ઘરખર્ચમાં થતો વધારો અટકી શકશે. લોકોએ એવો મત દર્શાવ્યો હતો કે કેન્દ્ર તથા રાજ્યોએ સંકલન સાધીને ઈંધણમાં પ્રતિ લિટરે રુા. 10નો ઘટાડો થાય તેવા કદમ ઉઠાવવા જોઈએ. એક્સાઈઝ ડ્યુટી અથવા વેટમાં ઘટાડો કરીને આમ આદમીને રાહત આપવી જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી મોંઘવારી બેકાબૂ બની ગઈ હોય તેમ રિટેઈલ અને જથ્થાબંધ ફુગાવો પણ નવી-નવી ઉંચાઈને આંબી રહ્યા છે. અનાજ-કઠોળથી માંડીને પેટ્રોલ-ડીઝલ, ગેસ સહિતની ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. મોંઘા ઈંધણને કારણે પરિવહન મોંઘુ થતાં તમામેતમામ ચીજોમાં ભાવવધારાનો ડામ લાગ્યો છે. જેમાંથી શાકભાજી પણ બાકાત નથી.

અનુસંધાન પેજ 4 પરથી...

### પેલા ભૂખ્યા...

મીઠાઈના બટકા ખાતા ખાતા કાઉન્ટર પર મીઠાઈ થી ભરેલા પાત્ર તરફ નિરાશ નજરે તાકી રહ્યા હતા. એટલામાં એંઠવાડ ભેગો કરવા બીજી બે સ્ત્રીઓ આવી, એટલે એંઠવાડ લેવામાં હરિફાઈ થવા લાગી. કોઈ ડિશ મુકવા આવે એટલે આ સ્ત્રીઓ સામે દોડી એંઠવાડની ડીશ મહેમાનોના હાથમાંથી લઈ લે ને ડિશમાં વધેલું પોતાના પાત્રમાં એકઠું કરે. એઠવાડની ડિશ મહેમાનના હાથમાંથી ખેંચતી બે સ્ત્રીઓને ઘરધણીએ જોઈ લીધી.

વેણુ ઉકરડે બાવેરો નાખીને ઉભી રહીને જોઈ રહી છે. તેણે જોયું કે ખૂંટિયા અને માથાભારે ગાયો ઑગઠ ખાઈ જાય છે. ને માંદલાને ભૂખ્યા વાછરડા સામે તાકી રહે છે. તેના ભાગમાં કંઈ આવતું નથી વેણુને દયા આવી. "બિચારાને કાયમ ધોકા મારું છું, એનો શું વાંક છે! ભૂખના માર્યા ગોથા મારે છે ને! લાવ બિચારાનું પેટ ઠારું."વેણુ ઘરે ગઈ. ઘરેથી નિરણના ચાર પાંચ પૂળા લઈ આવીને બધાને અલગ અલગ નીરી દીધા. ભુખથી બળતા પેટવાળા બધા પશુ જાણે નીરણ ગળી જતા હોય તેમ ખાવા લાગ્યા માંદલા વાછરડાએ તો કોને ખબર ક્યારે આવી નીરણ જોઈ હશે! ખાતા ખાતા તેની આંખોમાંથી ટપ...ટપ.. આસુ પડતા હતા.

ઘરધણીએ જોયું કે પેલી સ્ત્રીઓ મહેમાનના હાથમાંથી ડિશ ઝુંટવી રહી છે. તે હાથમાં ધોકો લઈ તાડુકતો આવ્યો. "અલ્યા આ ભિખારાઓ ક્યાંથી ઘુસી ગયા છે. કાઢો એને બારા, એ ચોરના પેટના કંઈક ઉઠાવી જાશે તો ખબર પણ નહિ પડે. નાખો એક એક ધોકો એટલે વેતા પડે." એમ કહી તે ધોકો પછાડતો દોડ્યો. તેનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈ પેલી સ્ત્રીઓ ડરીને ભાગી, તેને ભાગતી જોઈ પેલા ભૂખ્યા છોકરા પણ ભાગ્યા. આ જોઈ ઘરધણી ને વધારે જુસ્સો ચડ્યો. તેણે પેલી સ્ત્રીઓએ ભેગા કરેલા એંઠવાડના તપેલાને ઠેબુ મારીને ઢોળી નાખ્યા.

પેલી સ્ત્રીઓ અને બાળકો ઉકરડા પાસે આવીને મોં વકાસી જમણવાર બાજુ જોઈ ઉભા રહ્યા. માંદલા વાછરડા પૂછડા હલાવતા નિરણ ખાતા હતાને આંખમાંથી આંસુ વહેતા હતા. પેલા ભૂખ્યા ગરીબ બાળકો ઢોળાયેલા તપેલા બાજુ જોઈને હીબકા ભરતા હતા... અનેક લોકોએ એરિયા51ની આસપાસ વિચિત્ર પ્રકારના વિમાનો, ચિત્ર-વિચિત્ર આકારના સાધનોને ઉડતા જોયા હતા અને તેને ચળકતી લાઈટ સાથે જમીન પર ઉતરતા જોયા હતા....

### એરિયા 51...

છે.અને તે એલિયન ટેકનોલોજી પર આધારિત છે.

બોબ લાઝર નામની એક વેયક્તિએ 1989માં દાવો કરીને સૌને ચોંકાવ્યાં કે તેણે એરિયા 51ના સેક્ટર ફોર-એસ-4માં કામ કર્યું હતું જે પાપૂઝ લેક નજીક પાપૂઝ રેન્જની અંદર ભૂગર્ભમાં છે...! તેણે એવો પણ દાવો કર્યો કે સરકારના કબજામાં રહેલા એલિયનના અવકાશયાન સાથે કામ કરવા તેને કરારબધ્ધ કરવામાં આવ્યો હતો... ! 2004માં, ડેન બુરિશએ એરિયા 51 ખાતે એલિયન વાયરસના ક્લોનિંગ પર કામ કર્યું હોવાનો દાવો કર્યો હતો, જે "જે-રોડ" નામના એલિયન સાથે પણ હતો.

રોઝવેલ નામનું વિમાન જેને યુફો સમજવામાં આવતુ હતું અને તે એલિયન્સ દ્વારા ચલાવવામાં આવતુ હતું તેવા દાવાઓ, આ વિમાન ન્યુ મેક્સિકોમાં 1947માં ક્રેશ થયું તે પછીથી થવા લાગ્યા હતા. જેના માટે આર્મી એર ફિલ્ડે પાછળથી એવો ખુલાસો કરીને વિવાદને શાંત પાડવાનો પ્રયાસ કર્યો કે, તે હવામાન જાણવા માટે છોડવામાં આવેલ બલૂન હતો. જો કે એમ મનાય છે કે તે એલિયન્સનું વિમાન હતું અને ક્રેશ થયા બાદ તેના કાટમાળને પરિક્ષણ માટે તથા તેની એન્જિન ટેકનોલાજી જાણવા વગેરે માટે તેને એરિયા51માં લઈ જવાયુ હતું.તેમ છતાં એર ફોર્સે U.F.O ના દાવાઓની તપાસ શરૂ કરી, જે પાછળથી 1952માં પ્રોજેક્ટ બ્લુ બુક તરીકે જાણીતી બની. 1969માં પ્રોજેક્ટ બ્લુ બુકનો અંત આવ્યો ત્યાં સુધીમાં એરફોર્સે 12,000 એવા દાવાઓની તપાસ કરી હતી કે જેમાં અનેક લોકોએ એરિયા51ની આસપાસ વિચિત્ર પ્રકારના વિમાનો, ચિત્ર-વિચિત્ર આકારના સાધનોને ઉડતા જોયા હતા અને તેને ચળકતી લાઈટ સાથે જમીન પર ઉતરતા જોયા હતા....


## કાર્તિ ચિદમ્બરમના ચાઈનીઝ કનેક્શનમાં હવે ઈડીની એન્ટ્રી

ગુજરાત | વંદન

ભૂતપૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે ચીની નાગરિકોના ભારતીય વીઝા ઈશ્યુ કર્યા હતા. આ મામલે CBI બાદ હવે ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે.

આ પહેલા સોમવારે ચીનના નાગરીકોને વિઝા અપાવવાના કેસમાં આરોપી પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભાસ્કર રમણના રિમાન્ડની મુદત કોર્ટે વધુ 3 દિવસ લંબાવી હતી. તપાસ એજન્સીએ મંગળવારે પૂછપરછ કર્યા બાદ ભાસ્કર રમનની ધરપકડ કરી હતી.કાર્તિ ચિદમ્બરમની 26મેના રોજ CBI પૂછપરછ કરી શકે છે. આ પૂછપરછ દિલ્હીમાં કેન્દ્રીય તપાસ એજન્સી CBI હેડક્વાર્ટરમાં કરવામાં આવશે.

## લોકોને મુર્ખ બનાવવાનુ બંધ કરે સરકાર, પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડા પર બોલ્યા રાહુલ ગાંધી



ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં લગભગ આઠ રુપિયા અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં છ રુપિયાનો ઘટાડો કર્યો છે ત્યારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ ઘટાડાને લઈને પણ કેન્દ્ર સરકારને આડે હાથ લીધી છે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, સરકારે લોકોને મૂર્ખ બનાવવાનુ બંધ કરવુ જોઈએ અને મોંઘવારીથી હેરાન થયેલા લોકોને ખરા અર્થમાં રાહત આપવી જોઈએ.

રાહુલ ગાંધીએ સરકાર કેવી રીતે લોકોને મૂર્ખ બનાવે છે તેવી પોતાની દલીલના સપોર્ટમાં આંકડા રજૂ કર્યા છે. તેમણે કહ્યુ હતુ કે, એક મે,2002ના રોજ પેટ્રોલનો ભાવ 69.5 રુપિયા પ્રતિ લિટર હતો. આ વર્ષે એક માર્ચે પેટ્રોલનો ભાવ 95.4 રુપિયા પ્રતિ લિટર અને એક મેના રોજ 105.4 રુપિયા પ્રતિ લીટર થયો હતો. સરકારે હવે રેટ આજે 96.7 રુપિયા પ્રતિ લીટર કરી દીધો છે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, સરકાર પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવ સતત વધારે છે અને એ પછી થોડો ભાવ ઘટાડીને લોકોની આંખમાં ધૂળ નાંખવાનુ કામ કરે છે.

## દેશમાં કોરોનાના 2124 નવા કેસ નોંધાયા, એક દિવસમાં જ વધી ગયા 27 ટકા નવા કેસો

ગુજરાત | વંદન

છેલ્લા 24 કલાક દરમિયાન કોરોનાના 2124 નવા દર્દીઓ મળી આવ્યા છે. જ્યારે આ દરમિયાન 17 દર્દીઓના મોત થયા છે. અગાઉ મંગળવારે 1675 કેસ સામે આવ્યા હતા. એટલે કે કુલ આંકડાઓમાં લગભગ 27 ટકાનો વધારો જોવા મળ્યો છે. એક્ટિવ કેસોની સંખ્યા હવે 14,971 પર પહોંચી ગઈ છે. જ્યારે પોઝિટિવિટી રેટ 0.46% પર પહોંચી ગયો છે.

દિલ્હીમાં ફરી એકવાર કેસ વધવા લાગ્યા છે. મંગળવારે અહીં કોરોના સંક્રમણના 418 નવા કેસ નોંધાયા છે. અહીં પોઝિટિવિટી રેટ 2.27% પર પહોંચી ગયો છે. સોમવારે અહીં 268 નવા કેસ નોંધાયા હતા. જ્યારે રવિવારે અહીં 365 દર્દીઓ મળી આવ્યા હતા.




મંગળવારે કુલ 18451 કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ મહારાષ્ટ્રમાં પણ કેસ વધ્યા છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### 19 નિર્દોષ બાળકો...

સ્કૂલમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કરતાં 19 બાળકો અને 2 શિક્ષકો સહિત 21નાં મોત નિપજ્યા છે. આ હત્યાકાંડથી સમગ્ર અમેરિકામાં હાહાકાર સર્જાયો છે અને પ્રમુખ બાઈડન સહિતનાં રાજકીય નેતાઓએ આકરી આલોચના કરીને હવે એકશન લેવાનો સમય પાકી ગયો હોવાનું જાહેર કર્યું છે.

અમેરિકન રાજ્ય ટેકસાસમાં ઉવાલ્ડેમાં થયેલા આ હત્યાકાંડની વિગતો પ્રમાણે 18 વર્ષીય યુવકે પોતાના સગા દાદીની હત્યા કર્યા બાદ કાર રોબ એલીમેન્ટરી સ્કૂલમાં ઘુસાડી દીધી હતી અને અંધાધૂંધ ગોળીબાર શરુ કરી દીધો હતો. ધો. 2થી 4માં ભણતા 7 થી 10 વર્ષની ઉંમરનાં 19 બાળકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યા હતા. આ સિવાય બે શિક્ષકોનો પણ ભોગ લેવાયો હતો. આ હત્યાકાંડને ધસી ગયેલી પોલીસે હત્યારાને ઠાર કરી દીધો હતો. માસુમ બાળકોનો ભોગ લેનારા આ હત્યાકાંડે સમગ્ર અમેરિકાને ધ્રુજાવી દીધું છે.

તપાસનીસ એજન્સીનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે માત્ર 18 વર્ષનો હત્યારો યુવક સ્કૂલમાં ત્રાટક્યો તે પૂર્વે પોતાના સગા દાદીને ઠાર કરીને નાસી ગયો હતો અને ત્યાંથી સીધી જ કાર સ્કૂલમાં ઘૂસાડી દીધી હતી અને રાયફલથી બેફામ ગોળીઓ વરસાવવાનું શરુ કરી દીધું હતું.

આ શખ્સની ઓળખ સલ્વાડોર રામોશ તરીકે થઈ છે. 20 હજારથી પણ ઓછી વસ્તી ધરાવતા આ ગામનો જ રહેવાસી છે અને ગામની જ સ્કૂલ પર ધસી જઈને હત્યાકાંડ આચર્યો હતો. ગોળીબારમાં કેટલાક લોકો ઘાયલ થયા હતા જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અમેરિકામાં હથિયાર રાખવાની છૂટ હોવાથી આ પ્રકારના હત્યાકાંડ વારંવાર થઈ રહ્યા છે. સ્કૂલના હત્યાકાંડ ગણવામાં આવે તો 2012માં ટેકસાસની જ સેન્ડી હૂક પ્રાયમરી સ્કૂલમાં ગોળીબારની ઘટના બની હતી.

### સૌથી વધુ છપાયું...

અને આખી સરકારને રવાના કરી દીધી તેમ છતાં કોઈએ આંખ ઉંચી કરીને જોવાની હિંમત કરી નથી. કોંગ્રેસમાં એવુ થઈ શકે..?

તેમના નેતૃત્વમાં ભાજપ બે પાંદડે થયું છે અને ભારતમાં સૌથી ધનિક પાર્ટી ગણાય છે.એમ કહેવાય છે કે ભાજપ પાસે 3500 કરોડની જમા રાશિ છે. પક્ષને આત્મનિર્ભર બનાવ્યાં બાદ જે રાજ્યોમાં સરકારો બની તે રાજ્યોમાં પણ સરકારના બજેટો પુરાંતવાળા રજૂ થઈ શક્યા. જે અગાઉની સરકારો કે કોંગ્રેસ ન કરી શક્યા તેવા ઐતિહાસિક નિર્ણયોમાં જમ્મુ-કાશ્મિરને વિશેષ દરજ્જો આપતી કલમ 370ને એક ઘા બે કટકાની જેમ વાઢી નાંખી, તીન તલાકને તલાક..તલાક.. કહી દીધુ.અને હવે સમાન નાગરિક ધારો અમલમાં મૂકવાની તૈયારીઓ થઈ રહી છે. 370ની કલમને ઉચ્ચારવામાં કોંગ્રેસના નેતાઓ ડરતા હતા, તેને દૂર કરવાની વાત જ ક્યાં રહી પણ મોદીએ પોતાના ખાસ વિશ્વાસુ અને ગૃહમંત્રી અમિત શાહનો બીજી ઈનિંગ્સમાં મંત્રીમંડળમાં સમાવેશ કરીને 370ની કલમનો નિકાલ કરીને ભારતના ઈતિહાસમાં નામ અંકિત કરાવ્યું. મોદી કોઈને ગમે કે ના ગમે પણ તેમનું નામ તો લેવુ જ પડે. તેમના એટલા વિરોધીઓ છે કે આજદિન સુધી કોઈ રાજકીય નેતાના નહીં હોય. કોઈ દિવસ એવો ખાલી નહીં ગયો હોય કે તેમની ટીકા ટિપ્પણી ન થઈ હોય. ભારતના અખબારોમાં 2013 પછી જે નામ સૌથી વધુ લખાયું અને ટીવી મિડિયામાં જે નામ સૌથી વખત બોલાયું અને ચર્ચાયુ તે છે નરેન્દ્ર મોદી...! પ્રેમ કરો કે ધિક્કારો પણ નામ તો લેવુ જ પડે..! સારી દુનિયા કા બોજ હમ ઉઠાતે હૈ..ની જેમ તેઓ સમગ્ર પાર્ટી અને સમગ્ર સરકારનો ભાર વહન કરી રહ્યાં છે. સતત નવુ અને ઐતિહાસિક...એ તેમનો જીવનમંત્ર છે. બોલર તરીકે બેટ્સમેનને ગૂંચવી નાંખે કે બોલ ક્યાં ટપ્પો ખાશે અને ક્લીન બોલ્ડ..ફૂટબોલની રમતમાં ગોલકિપર આમતેમ દોડે ફૂટબોલને રોકવા પણ એવી કીક મારે કે રોનાલ્ડોની જેમ ગો.....લ !

આપ પાર્ટીના કેજરીવાલ જેવા સર્જીકલ સ્ટ્રાઈક કે બાલાકોટ એર સ્ટ્રાઈકના પુરાવા માંગે ત્યારે તેમને જે જવાબ મળે તે પછી કેટલાય કેજરીવાલોની બોલતી બંધ થઈ ગઈ છે. ગુજરાતના બે આગેવાનો નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ આખો દેશ ચલાવી રહ્યાં છે તે ગુજરાત માટે ગૌરવ સમાન છે. દેશના રાજકારણમાં ગુજરાત અને ગુજરાતીઓનો દબદબો જયેશભાઈ જોરદાર..ની જેમ નરેન્દ્રભાઈ જોરદાર છે..!

### કપિલ સિબ્બલે...

અહીં એ ખાસ જણાવવાનું કે તેમણે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે પણ તેમને સમાજવાદી પાર્ટીનું સમર્થન મળેલું છે. આ અંગે નિવેદન આપતા તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે 2024માં એક એવો માહોલ બને જે જેનાથી મોદી સરકારની જે ખામીઓ છે તેને જનતા સુધી પહોંચાડી શકાય. હું તેનો પ્રયાસ કરીશ.

અનુસંધાન પેજ 12 પરથી...

### તેરા ક્યા હોગા...

વિચાર્યુ પણ નહીં હોય કે ગુજરાતમાં પણ કોઈ આઈએએસની ફરજ દરમ્યાન પૂજાની જેમ ધરપકડ થશે...? પરંતુ ઉભા રહો, પૂજાની ધરપકડ થઈ, નોટોની થપ્પીઓનો વિડિયો ઉતારવામાં આવ્યો પણ કે. રાજેશ નામના ગુજરાત કેડરના અધિકારીની ધરપકડના ફોટા, નોટોની થપ્પીઓ મળી હોય તો તેનો વિડિયો, લોકરમાંથી મળેલા દસ્તાવેજોમાં જેમના નામો હોવાનું મનાય છે તે નામો કે એવુ બધુ કોઈ મિડિયા પાસે નથી. કારણ જે હોય તે પણ નોટોની થપ્પીઓના ફોટા કે વિડિયો આવ્યો હોત તો લોકો બિચ્ચારા જોઈને હરખાત કે અમારો કે. રાજેશ પણ કાંઈ પૂજાથી કમ નથી...મ્હારો છોરો છોરી સે કમ હૈ કી...?!

ભલે કે. રાજેશની ધરપકડવાળા ફોટો કે વિડિયો બહાર ન આવ્યો હોય પણ તેમના ફેશનેબલ ફોટાઓ મિડિયાએ જાહેર કર્યા છે જેમાં એકમાં સાફો પહેરેલો છે તો એકમાં જોધપુરી સુટમાં સુસ્જ્જ છે. કહે છે કે ભાઈ રાજેશને ડિઝાઈનર કપડાં પહેરવાનો શોખ છે એટલે સુરતમાં ફરજમાં હતા ત્યારે જિન્સ કોર્નર નામના શોરૂમના માલિકની સાથે પરિચયમાં આવ્યાં અને એ જિન્સ કોર્નરવાળો પછી મોટા સાહેબના દિલના કોર્નરમાં એવા સમાઈ ગયા..કે પછી લેતી અને દેતીના વ્યવહારો કોર્નરમાં રહેલાં "કોર્નર" દ્વારા થતાં ગયા અને ભાઈ રાજેશની ધરપકડ થાય તે પહેલાં જિન્સ કોર્નર વાળાને સીબીઆઈએ "કોર્નર"માંથી ઉપાડી લીધા.

ભાજપના પૂર્વ સાંસદ સોમાભાઈ પટેલે રાજેશભાઈ સુરેન્દ્રનગરમાં કલેકટર હતા ત્યારે અધિકારીએ કરેલા કામો અંગેની 40 કરતાં વધારે ફરિયાદો સીએમઓ અને પીએમઓને કરી હતી. કે. રાજેશભાઈની સામે જે ફરિયાદો થઈ તેમાં મુખ્યત્વે સુરેન્દ્રનગર કલેકટરપદે રહેલા સમયગાળાની છે. 400 કરોડના વ્યવહારો મળી આવ્યાં, સુરતમાં બે દુકાનો મળી આવી અને મહિને 5.5 લાખનું ભાડુ બંધ દુકાનનું કોણ જમા કરતુ હતું, પોલીસનો નેગેટીવ અભિપ્રાયવાળાઓને પણ હથિયાર માટેના પરવાના આપ્યા, તેમની સામે 100 કરતાં વધુ ફરિયાદોનો ઢગલો થયો અને પડ્યા પર પાટુની જેમ હવે કોંગ્રેસના સુરત-માંડવીના ધારાસભ્ય આનંદ ચૌધરીએ પણ બહતી ગંગા મેં હાથ ધો લો... કહેવતની જેમ દાવો કર્યો કે કે. રાજેશ સુરત બારડોલી વગેરેના ડીડીઓ હતા ત્યારે બેફામ અને વ્યાપક ભ્રષ્ટાચાર કર્યો હતો....! ભાઈ આનંદજી, કે. રાજેશની સામે સીબીઆઈએ કાર્યવાહી ન કરી હોત તો...?

નવા નવા ફણગા ફૂટે તેમ રાઈના દાણા તમતમતા ગરમ તેલમાં તમતમાટ મચાવે તેમ રાજેશની સામે વધુ એક ગેરરીતિનો આક્ષેપ એ થયો કે તેઓ સુરેન્દ્રનગરમાં હતા ત્યારે તેમની જેમ સરકારી અધિકારીની પરીક્ષા આપનાર કોઈ એચપી નામના યુવકને રાજેશભાઈ એટલુ બધુ માન આપતા કે કલેકટરની સત્તાવાર મિટીંગમાં કે. રાજેશભાઈ પેલા એચપીને પોતાના સ્થાને એટલે કે કલેકટરની ખુરશીમાં બેસાડતા અને પોતે સામાન્ય અધિકારીની જેમ તેમની સામે ખુરશીમાં બિરાજમાન થતાં...! ના કભી ઐસા સુના..ના કભી ઐસા હુવા...?! લેકિન અબ ઐસા સુના ભી ઔર ઐસા હુવા ભી..કેમ કે દર્પણની જેમ અખબાર ઝુઠ ન બોલે રે,,,? કે. રાજેશ સંબંધિત રસપ્રદ અને ચૌંક ગયે...જેવી બાબતો એક પછી એક બહાર આવી રહી છે...ઐસે મેં તેરા ક્યા હોગા કિંકાપતીજી..રાજેશપતીજી....? .જેલ જશે..? હોતુ હશે...જેમની ધરપકડના ફોટા અને તેમને ત્યાંથી શું મળી આવ્યું તેની વિગતો હજુ દર્શાવવામાં આવતી નથી તે જેલમાં જાય અને મોઢુ ખોલશે તો...?!

### અમદાવાદના મેયર ...

આ મેસેજ પાયાવિહોણો છે. જે નંબરથી મ્યુનિ.અધિકારીઓના ગ્રુપમાં મેસેજ મોકલવામાં આવ્યો હતો એ નંબર ઉપર આર્થિક વ્યવહાર કે સંવાદ ના કરવા અંગેની અપીલ કરવાની સાથે આ મેસેજ અંગે આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ,સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ કરાઈ છે.થોડા સમય અગાઉ મેયરના નામે ટવીટર એકાઉન્ટ હેન્ડલ કરાતુ હોવા અંગેના વિવાદ બાદ મેયરે એ ટવીટર એકાઉન્ટ સાથે તેમને કોઈ સંબંધ ના હોવાની સ્પષ્ટતા કરવી પડી હતી.

### પ્લાસ્ટિક પર પ્રતિબંધ...

અન્ય વસ્તુઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાથે જ ઈયર બડ્સના પ્લાસ્ટિક, પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિ ઝનડા, ચોકલેટ અને આઈસ્ક્રીમ સ્ટીક સહિતની વસ્તુઓ પ્રતિબંધિત જાહેર કરાઈ છે. 1 જુલાઈથી પ્લાસ્ટિકની આ વસ્તુઓના વપરાશ પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત કેન્ડી સ્ટીક, થર્મોકોલનું ડેકોરેશન, પ્લેટ-કપ, ગ્લાસ, સ્ટ્રો, ટ્રે, બોક્સને લગાવવાની ટેપ, સિગારેટના પેકેટ પરનું પ્લાસ્ટિક પણ પ્રતિબંધિત રહેશે.

## શું પેટીએમ દ્વારા તમારી સાથે થાય છે છેતરપીંડી?

ગુજરાત | વંદન



તેજ દફતરી (સાયબર અને ડિજિટલ ફોરેન્સિક્સ એક્સપર્ટ)

ગયા લેખમાં આપણે જોયું કે કેવી રીતે જટિલ બગ્સ એમ્બેડેડ ડિવાઈસેસ માટે લોકપ્રિય રીઅલટેક વાઈ-ફાઈ મોડ્યુલમાં જોવા મળી છે. હવે આપણે આ લેખમાં જોઈશું કે PayTm દ્વારા કેવી રીતે આપની સાથે છેતરપિંડી થઈ શકે છે.

હવે આપણે જોઈશું કે આ છેતરપિંડી કયા પ્રકારે થાય છે, જેની રીત નીચે મુજબ જણાવેલ છે.

ઉત્તર ભારતના ઉત્તરપ્રદેશના ગુરુગ્રામ શહેરમાં આવેલા એક મોલના (અમ્બીએન્સ મોલ) મેનેજર સાથે હમણાં જ તાજેતરમાં બનેલો બનાવ જે PayTm સાથે સંકળાયેલો છે. આ મોલના મેનેજર અરવિંદ કપૂરની પાસેથી અંદાજિત રૂપિયા ૧.૮૫ લાખ ની છેતરપિંડી કરવામાં આવેલ છે. એક વ્યક્તિ જે પોતાને Paytmનો એમ્પ્લોયી છું તેવું જણાવી અરવિંદ કપૂર પાસેથી Paytmમાં તમારી KYC પુરી ભરેલ નથી માટે Paytmનું એકાઉન્ટ બંધ થઈ જશે તેવું જણાવેલ. તે જાણી અરવિંદ કપૂરે પોતાની બેંકની અંગત માહિતી ઓનલાઈન ફોર્મમાં ભરી આપેલ. અરવિંદભાઈએ જોયા જાણ્યા અને તપાસ્યા વગર એ માણસને પોતાની અંગત માહિતી આપી જે તેમની મોટામાં મોટી ભૂલ છે. આ સાયબર ગુનેગારે કપૂરને હું તમને કહું એ પ્રમાણે તમારા સ્માર્ટ ફોનમાં માહિતી ભરો અને થોડા નાણાકીય વ્યવહાર પુરા કરો. કપૂરે તેના કહ્યા પ્રમાણે એક પછી એક માહિતી તેમના સ્માર્ટ ફોનમાંથી ફોર્મ ભરતા રહ્યા અને આ રીતે ઓનલાઈન ફોર્મ પૂરું કર્યું અને સાથે સાથે તેમણે રૂપિયા ૧,૧૦,અને ૧ એમ ત્રણ નાણાકીય વ્યવહાર કર્યા અને પછી તેમને તેમના બેંક એકાઉન્ટના સ્ટેટમેન્ટમાં જોયું કે રૂપિયા સંતોષપૂર્વક કપાઈ ગયા છે ત્યારબાદ તેમણે એવો સંતોષ માન્યો કે હવે મારુ Paytm એકાઉન્ટ બંધ નહિ થાય. અને પછી આ સાયબર હુમલા કરવા વાળા ગુનેગારે એમની પાસથી એમનો નાણાકીય વ્યવહાર કર્યો હોય તેવો મોબાઈલમાંથી સ્ક્રીનશોટ એટલે કે સ્ક્રીન નો ફોટો માંગ્યો જે હેકરની સંતુષ્ટિ માટે તેમણે આપ્યો આ પ્રકિયા દ્વારા હેકરને ખાતરી થઈ ગઈ કે અરવિંદભાઈએ આપેલી તમામ માહિતી સાચી છે. આ તમામ વ્યવહાર થઈ ગયા પછી તે હેકરએ અરવિંદભાઈ પાસે નાણાકીય વ્યવહારનો OTP નંબર માંગ્યો. પછી અરવિંદભાઈએ આ OTP નંબર તપાસ્યા વગર આપતા ગયા. અને જયારે અરવિંદભાઈએ ત્રણ OTP નંબર જે તેઓએ ગુનેગારને આપ્યા હતા તેના થોડાજ સમયમાંજ એમનું એકાઉન્ટ તે હેકરએ એકજ નાણાકીય વ્યવહાર કરીને અંદાજિત રૂપિયા ૧,૮૫,૦૦૦/- ઉપાડી તેમનું એકાઉન્ટ ખાલી કરી નાખ્યું. અને પછી જે મોબાઈલ નંબર પર અરવિંદભાઈને ફોન આવ્યો હતો તે નંબરનો સંપર્ક કરતા જાણવા મળ્યું કે તે ફોન બંધ આવતો હતો. પોલીસે આ મોબાઈલ નંબર ની તાપસ કરતા જાણવા મળ્યું કે જે વ્યક્તિના નામ પર આ SIM કાર્ડ ખરીદવામાં આવેલું હતું તે વ્યક્તિ તદ્દન અભણ હતો અને તેણે ક્યારેય કમ્પ્યુટર નો ઉપયોગ કરેલ ન હતો. તે વ્યક્તિ પાસેથી વધારે માહિતી પોલીસ દ્વારા કઢાવવામાં આવતા જાણવા મળ્યું કે આ ભાઈએ રૂપિયા ૫૦૦ લઈને કોઈ અજાણી વ્યક્તિને પોતાનું SIM કાર્ડ આપી દીધેલ.

**આવી છેતરપિંડીથી કઈ રીતે બચી શકાય**

હંમેશા જયારે પણ કોઈપણ કંપની દ્વારા (Paytm, Bharatpe, વગેરે) અથવા કોઈપણ મોબાઈલની ફ્રી એપ દ્વારા તમારી પાસેથી KYC ફોર્મ ભરવાની નોબત આવે તો ૧૦૦ વાર વિચાર કરીને તમારી વિગતો આપવી. લેખક દ્વારા ગુજરાત મેલ ના કોઈપણ વાચકને આ લગતી સેક્યુરીટી(કંપની અથવા પર્સનલ)* આપવામાં આવશે. (*શરતોને આધીન) અને આપ આ રીતે છેતરપિંડી થી બચી શકો છો.


# સેન્સેક્સ 303 અંક લપસ્યો, નિફ્ટી 16050ની નીચે બંધ

■ તેજી સાથે શરૂઆત બાદ છેલ્લે બાજી પલટાઈ જતાં ઘટાડા સાથે બંધ થયું માર્કેટ

ગુજરાત | વંદન

સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે ભારતીય શેરબજાર શરૂ તો તેજી સાથે થયું હતું. જોકે, છેલ્લે શેરબજારમાં બાજી પલટાઈ જતાં શેરબજાર ઘટાડા સાથે બંધ થયું છે. બપોરે 3.30 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 303.35 પોઈન્ટ (0.56 ટકા)ના ઘટાડા સાથે 53,749.26ના સ્તર પર બંધ થયો છે. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 99.35 પોઈન્ટ (0.62 ટકા)ના ઘટાડા સાથે 16,025.80ના સ્તર પર બંધ થયો છે.

સૌથી વધુ ઉંચકાયેલા શેર્સ પર નજર કરીએ તો એનટીપીસી 3.74 ટકા, એચડીએફસી લાઈફ 2.94 ટકા, એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ 2.12 ટકા, ઓએનજીસી 1.63 ટકા, બ્રિટેનિયા 1.46 ટકા. જ્યારે સૌથી વધુ ગગડેલા શેર્સ પર નજર કરીએ તો એશિયન પેઈન્ટ્સ -7.97 ટકા, અદાણી પોર્ટ્સ -5.78 ટકા, ડિવાઈસ લેબ્સ -3.87 ટકા, યુપીએલ -3.59 ટકા, ટીસીએસ -3.44 ટકા.જો કે મિડકેપ શેરો નબળાઈ અને સ્મૉલકેપ શેરો મજબૂતી જોવાને મળ્યા છે. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 1.93 ટકા ઘટીને બંધ થયા છે, જ્યારે નિફ્ટીના મિડકેપ 100 ઈન્ડેક્સમાં 2.45 ટકાનો ઘટાડો દર્જ કરવામાં આવ્યો છે. બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 2.94 ટકા ઉછળીને બંધ થયા છે. ઑટો, એફએમસીજી, આઈટી, મેટલ, ફાર્મા, પીએસયુ બેન્ક, રિયલ્ટી, હેલ્થકેર, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઑયલ એન્ડ ગેસ 0.21-3.38 ટકા સુધી વેચવાલીનું દબાણ જોવામાં આવ્યુ. બેન્ક નિફ્ટી 0.14 ટકાના વધારાની સાથે 34,339.50 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે ફાઈનાન્શિયલ સર્વિસ અને પ્રાઈવેટ બેન્કના શેરોમાં ખરીદારી જોવાને મળી.




## બજારોનાં અંતરંગ

ગુજરાત | વંદન

### વેલસ્પન કોર્પોરેશનને 5000 કરોડનો USAમાં પાઈપ પૂરા પાડવાનો ઓર્ડર

વેલસ્પન કોર્પોરેશન કંપનીએ યુ.એસ.એ.માંથી 5 હજાર કરોડનો ઓર્ડર પાઈપ સપલાઈ કરવા માટેનો મળ્યો છે. મળતી માહિતી મુજબ 3 લાખ મેટ્રિક ટન મોટા વ્યાજથી (લાર્જ ડાયામિટર)ની પાઈપો નિકાસ કરાશે. આ પાઈપોનો ઉપયોગ યુ.એસ.એ.માં હસ્ટન નજીક નેચરલ ગ્યાસના પરિવહન માટે પાઈપલાઈન સ્થાપવા માટે ઉપયોગમાં લેવાશે. તેમ કંપનીના સેક્રેટરી શ્રી વિપુલ માસ્ટરે જણાવ્યું હતું. કંપનીને આટલો મોટો ઓર્ડર મળવાથી નવો રેકોર્ડ સ્થાપ્યો છે. કંપની યુ.એસ.ના માર્કેટમાં સારો પ્રતિસાદ સાંપડે છે. આ વિકાસ કંપનીનો બિઝનેસ તેમજ નફા ક્ષમતા સારા પ્રમાણમાં મળશે. કંપની પાસે હાલ 704000 મેટ્રિક ટનનો રૂ. 10,500 કરોડનો ઓર્ડર તેની ઓર્ડર બુકમાં છે. કંપનીના શેરનો ભાવ બોમ્બે સ્ટોક એક્ષચેન્જમાં 17.37 ટકા વધીને 245થી આસપાસ બોલાય છે.

### IRB ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ દ્વારા 2500 કરોડની નિકાસ યોજના

આઈ.આર.બી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ 2500 કરોડની એસેટ ઈન્ફ્રસ્ટ્રક્ચર ટ્રસ્ટને ટ્રાન્સફર કરવાનો નિર્ણય કર્યો છે. આ રકમ ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા ચાલુ નાણાકીય વર્ષમાં પરિપૂર્ણ કરવામાં આવશે. આનાથી હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને મૂડીરોકાણ પ્રાપ્ત થશે. જેથી તેના પ્રોજેક્ટની કામગીરી વધુ પ્રગતિશીલ બનશે. તેમ કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી મહીશંકરે જણાવ્યું હતું. આમ કરવાથી કંપનીનો વિકાસ વધુ વિકાસશીલ બનશે. અત્યારે આઈ.આર.બી.ને 33,800 કરોડનું દેવું છે. આ દેવું એન્જીનિયરીંગ પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન કંપનીનું છે. ચાલુ વર્ષના ચોથા ત્રિમાસિક સમયગાળામાં રૂ. 1683 કરોડની કૂલ આવક પ્રાપ્ત કરી છે. કંપનીનો કોન્સોલીટેડ રેવન્યુ 510 કરોડ વધી છે. જે એક વર્ષ અગાઉ 488 કરોડની હતી. કંપનીની કોન્સોલીટેડ રેવન્યુ રૂ. 1162 કરોડની હતી તે વૃદ્ધિ પામીને 1173 કરોડની થવા પામી છે. કંપનીનો નફો 805 કરોડથી વધીને 851 કરોડ થવા પામ્યો છે. એપ્રિલ મહિનામાં આઈ.આર.બી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રસ્ટે 243 કરોડની કિંમતનો રાઈટ ઈશ્યુ કરીને જરૂરી નાણાકીય સાધનો પ્રાપ્ત કર્યા છે.

### ઈન્દ્રપ્રસ્થ ગ્યાસ લિ. 8 હજાર કરોડના ખર્ચે વિકાસ યોજના હાથ ધરશે

ઈન્દ્રપ્રસ્થા ગ્યાસ લિ. નામની સૌથી મોટી સી.એન.જી. રિટેલર કંપની વિકાસ યોજના હાથ ધરવા માટે 8 કરોડનું રોકાણ હાથ ધરનાર છે. આ વિકાસ યોજના પાંચ વર્ષમાં પરિપૂર્ણ થશે. પાઈપલાઈનથી ગેસ પૂરી પાડીને કંપની દિલ્હીના લોકોની પિઓલની માંગને સંતોષશે. કંપની ઉત્તર પ્રદેશ તેમજ રાજસ્થાન અને હરિયાણા સ્થપાશે. આ માટે તેણે જરૂરી લાઈસન્સ પ્રાપ્ત કર્યા છે. 7 જેટલા નવા વિસ્તારોમાં સુવિધા ઊભી કરવા માટે રૂ. 6 હજાર કરોડની રકમ ઊભી કરશે. જ્યારે 2 હજાર કરોડ દિલ્હીના અન્ય વિસ્તારોમાં ગ્રાહકોની માંગને સંતોષવા કરશે. કંપનીએ 167 સીએનજી સ્ટેશનો છેલ્લા નાણાકીય વર્ષમાં સ્થાપ્યા છે. આ ઉપરાંત કંપની એલ.એન.જી માટેની સુવિધા પણ ઊભી કરનાર છે. જે એલ.એન.જી. ટ્રક અને બસની જરૂરિયાતને સંતોષશે. આ ઉપરાંત કંપની 50 જેટલી બેટરી ઈલેક્ટ્રીક વ્હીકલ દિલ્હી શરૂ કરનાર છે.

### IDBI બેંક તેના ઈન્શ્યો. બિઝનેસમાં સંયુક્ત સાહસમાંથી નિકળી જશે

આઈડીબીઆઈ બેંક ઈન્શ્યોરન્સ બિઝનેસમાં સંયુક્ત સાહસમાંથી નિકળી જવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈડીબીઆઈ બેંકને એજીઆસ ઈન્શ્યોરન્સ ઈન્ટરનેશનલ સાથે સંયુક્ત સાહસ છે. આ સૌથી મોટી ઈન્શ્યોરન્સ કંપની છે જેમાં આઈડીબીઆઈએ 20 કરોડ ઈક્વિટી શેર એ.આઈ.જી.એસ. ફેડરલ બેંક લાઈફ ઈન્શ્યોરન્સને વેચી દેશે.

- વ્યવસાયિક

## રશિયા | યુક્રેન યુદ્ધમાં સર્જાયેલી ફૂડ ક્રાઈસિસ ભારત માટે તકનું સર્જન કરશે

# ઘઉંની નિકાસ એપ્રિલ 2022માં વધી 473 મિલિયન ડોલરની સપાટીએ પહોંચી

ગુજરાત | વંદન

**છેલ્લા 1 વર્ષમાં ઘઉંના ભાવ સરેરાશ 20% સુધી વધ્યા**

છેલ્લા એક વર્ષમાં ઘઉં અને ઘઉંના લોટના ભાવ 14થી 20 ટકા સુધી વધ્યા છે. જેના પર અંકુશ લાદવા તેમજ માગ સામે પૂરતો પુરવઠો મળી રહે તે હેતુ સાથે સરકારે 13 મેએ ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો. જી7 દેશોએ કેન્દ્ર સરકારના આ નિર્ણયની ટીકા કરી હતી.

**ઘઉંનો ઉત્પાદન અંદાજ કૃષિ મંત્રાલયે 5% ઘટાડી 10.64 કરોડ ટન મુક્યો**

કૃષિ મંત્રાલયે ઘઉંનુ ઉત્પાદન ગત પાક વર્ષની તુલનાએ આ વર્ષે 3 ટકા ઘટી 10.64 કરોડ ટન રહેવાની સંભાવના છે. આ ઉત્પાદનનો અંદાજ 2021-22માં અંદાજિત 11.13 કરોડ ટન કરતાં 4.61 ટકા ઓછો છે.



ઘઉંની નિકાસ માર્ચમાં 177 મિલિયન ડોલર સામે બમણી થઈ એપ્રિલમાં 473 મિલિયન ડોલર નોંધાઈ છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થતાં અન્ય દેશોમાં ફૂડ ક્રાઈસિસમાં મદદરૂપ થવા ભારતમાંથી મોટાપાયે ઘઉં નિકાસ થયા હોવાનું સુત્રોએ જણાવ્યુ હતુ. યુક્રેન, બેલારૂસ, તુર્કી, ઈજિપ્ત, કઝાકિસ્તાન, કુવૈત સહિત આઠ રાજ્યોમાં ઘઉં પર નિકાસ પ્રતિબંધો લાગૂ થયા તે સમયે ભારતમાંથી ઘઉંની નિકાસ થઈ હતી.

24 ફેબ્રુઆરી, 2022માં રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆત સાથે ઘઉંના ઉત્પાદન અને નિકાસ પડકારો વૈશ્વિક સ્તરે વધ્યા હતા. અસહ્ય ગરમીના કારણે પણ ઘઉંના પાકને નુકસાન થયુ હોવા છતાં એપ્રિલમાં નિકાસો વધી 473 મિલિયન ડોલર નોંધાઈ છે. ડીજીએફટીના નોટિફિકેશન અનુસાર, ઘઉંની નિકાસને ભારત સરકાર દ્વારા અન્ય દેશોને તેમની ખાદ્ય સુરક્ષાની જરૂરિયાતો પૂરી કરવા માટે આપવામાં આવેલી પરવાનગીના આધારે અને તેમની સરકારોની વિનંતીના આધારે મંજૂરી આપવામાં આવે છે.

ઘઉંની નિકાસમાં ટોચના નિકાસકાર દેશોમાં ભારત 2020માં 19માં ક્રમે હતો. 2019માં 35, 2018 , 2017માં 36માં ક્રમે હતો. જે ઘઉંની નિકાસમાં ભારતનો 0.47 ટકા હિસ્સો દર્શાવે છે. છેલ્લા પાંચ વર્ષમાં રશિયા, યુએસ, કેનેડા, ફ્રાન્સ, યુક્રેન, ઓસ્ટ્રેલિયા અને આર્જેન્ટિનામાં ઘઉંની સૌથી વધુ નિકાસ થાય છે.

ઘઉં ઉપરાંત, અસંખ્ય અન્ય ખાદ્ય ઉત્પાદનોની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમાં આર્જેન્ટિના, કઝાકિસ્તાન, કેમરૂન અને કુવૈત દ્વારા વનસ્પતિ તેલની નિકાસ પર નિયંત્રણો સમાવિષ્ટ છે. યુક્રેન, બેલારૂસ, તુર્કી, ઈજિપ્ત, કઝાકિસ્તાન, કુવૈત સહિત આઠ રાજ્યોમાં ઘઉં પર નિકાસ પ્રતિબંધો લાગૂ થયા તે સમયે ભારતમાંથી ઘઉંની નિકાસ થઈ હતી.

# ફુગાવો 6.9%ની નવી ઊંચી સપાટીએ 9 વર્ષ પછી પહોંચ્યો

- ક્રૂડની આક્રમક તેજીના કારણે ઈંધણ, ખાદ્યપદાર્થોની કિંમતોમાં આક્રમક તેજીથી
- કોમોડિટીના ભાવોમાં વૃદ્ધિના કારણે આ વર્ષે ફુગાવો 6.9 ટકાની નવ વર્ષની ટોચે રહેવાનો અંદાજ છે. જેને ધ્યાનમાં લેતાં આરબીઆઈ વધુ 75 બેઝિસ પોઈન્ટનો વધારો કરી શકે છે. ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં આરબીઆઈ કુલ 1.25 ટકા (125 બેઝિસ પોઈન્ટ)નો વધારો કરે તેવી શક્યતા ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચે જણાવી છે.
- RBI તબક્કાવાર જૂન, 2022માં 0.50 ટકા બાદમાં ઓક્ટોબરમાં 0.25 ટકાનો વધારો કરશે. કેશ રિઝર્વ રેશિયો 0.50 ટકાથી 5% વધશે. એપ્રિલમાં રિટેલ ફુગાવો વધવાની ભીતિ વચ્ચે 4 મેએ આરબીઆઈએ અચાનક જ રેપો રેટમાં 0.40 ટકા અને સીઆરઆરમાં 0.50 ટકાનો વધારો કર્યો હતો. એપ્રિલમાં રિટેલ ફુગાવો આરબીઆઈની 6 ટકા લીમિટ સામે વધી 7.8 ટકા નોંધાયો હતો.
- રિટેલ ફુગાવો સપ્ટેમ્બર, 2022 સુધી વધવાની સંભાવના છે. ત્યારબાદથી તેમાં ઘટાડો નોંધાશે. 2021-22ના ચોથા ત્રિમાસિકથી ચાલુ નાણા વર્ષના ત્રીજા ત્રિમાસિક સુધી ફુગાવો 6 ટકાથી વધુ નોંધાશે. જેને અંકુશમાં લેવા વ્યાજદરોમાં વધારો આવશ્યક છે.

## અદાણી ગ્રુપ અંબુજા સિમેન્ટ અને એસીસીને હસ્તગત કરવા ઓપન ઓફર 6 જુલાઈથી 19 જુલાઈ માટે રજુ કરશે




અંબુજા સિમેન્ટ અને એસીસીના શેર હોલ્ડરો માટે ઓપન ઓફર 6ઠ્ઠી જુલાઈ 2022 ના રોજ ખુલશે અને 19 જુલાઈ 2022 ના રોજ બંધ થશે. આ પ્રમાણેની જાહેરાત અદાણી કુટુંબ દ્વારા કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મોરેશિયસ સ્થિત અદાણી ગ્રુપની કંપની તેના દ્વારા અંબુજા સિમેન્ટ 63 ટકાનું શેર હોલ્ડીંગ તેમજ 4.5 ટકાનું એસીસીનું શેર હોલ્ડીંગ હસ્તગત કરાયુ છે. સ્વિઝની સિમેન્ટ ક્ષેત્રની અગ્રગણ્ય કંપની હોલસીમ કંપની પાસેથી 65.5 બિલિયન ડોલરમાં સંપાદન કરાયું છે. જ્યારે આ બે કંપનીઓનું સેર હોલ્ડીંગ રૂ. 31139 કરોડ (4 બિલિયન ડોલર) ઈન્વેસ્ટમેન્ટ સાથે બે ઓફર સાથે સંકળાયેલું છે. ભારતીય કોર્પોરેટ ઈતિહાસમાં આ સૌથી મોટી ઓફર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 2013 ના વર્ષમાં યુનિલિવર દ્વારા 29230 કરોડની ઓપન ઓફર હિન્દુસ્તાન લિવરના 487 બિલિયન રૂ. નાં શેર ખરીદવા માટે રજુ કરાઈ હતી, જેમાં 22 ટકા ઈક્વીટી શેર હોલ્ડીંગ સંપાદન કરાયું હતું.

અદાણી ગ્રુપ અંબુજા સિમેન્ટના 26 ટકા શેરો ઓફર દ્વારા શેર દિઠ રૂ. 385 ના ભાવે ખરીદશે જેની પાછળ 19839 કરોડનો કુલ ખર્ચ થશે. આવી જ રીતે એસીસીના ઈક્વિટી શેર રૂ. 2300 ના ભાવે ખરીદવા માટે 11254 કરોડનો ખર્ચ થશે. આ હેતુસર અદાણી ગ્રુપે મુંબઈ ખાતેની બાર્કલેઝ બેંકમાં એસ્ક્રો એકાઉન્ટ ખોલાવ્યું છે. જેમાં બંને કંપનીના શેરો વેચનારા શેર હોલ્ડરોને માટે રોકડ રકમ જમા કરાશે.


અંબુજા સિમેન્ટ અને એસીસીના પ્રવર્તમાન સિમેન્ટ પ્લાન્ટોની કુલ ઉત્પાદન ક્ષમતા 70 મિલિયન ટનની છે. આ બંને કંપનીઓ પાસે 23 સિમેન્ટ પ્લાન્ટો, 14 ગ્રાઈન્ડીંગ સ્ટેશન ઉપરાંત 80 રેડી મિક્સ કોંક્રેટ પ્લાન્ટો અને 50000 ચેનલ પાર્ટનર છે. આ સિમેન્ટ કંપનીઓ હસ્તગત કર્યા પછી દેશનાં સિમેન્ટ ઉદ્યોગમાં અદાણી ગ્રુપ બીજા ક્રમની અદાણી ગુપ બીજા ક્રમની સિમેન્ટ કંપની બનશે. હાલ દેશમાં અલ્ટ્રાટેક સૌથી મોટી ઉત્પાદક કંપની છે.

# ઈક્વિટી શેરોના બજારમાં વિદેશી રોકાણકારોનો હિસ્સો 6 ટકા ઘટ્યો

ગુજરાત | વંદન

**વિદેશી રોકાણ ઘટવા પાછળના કારણો**

- યુએસ ફેડ દ્વારા વ્યાજમાં વધારો
- રશિયા-યુક્રેન યુદ્ધના કારણે મોંઘવારીમાં વૃદ્ધિ
- ડોલર સામે રૂપિયો નબળો પડ્યો



ભારતીય ઈક્વિટી બજારમાંથી વિદેશી રોકાણનો હિસ્સો સતત ઘટી રહ્યો છે. જાન્યુઆરી-માર્ચ દરમિયાન એફપીઆઈ હોલ્ડિંગ ત્રિમાસિક ધોરણે 6 ટકા ઘટી 612 અબજ ડોલર નોંધાયું છે. મોર્નિંગસ્ટારના અહેવાલ અનુસાર, ઈક્વિટી માર્કેટમાં આવેલા કરેક્શન તેમજ વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલીને કારણે FPI હોલ્ડિંગ સતત ઘટી રહ્યુ છે.

ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં 654 અબજ ડોલર એફપીઆઈ હોલ્ડિંગ હતું. માર્ચ 2021 દરમિયાન ભારતીય ઈક્વિટી માર્કેટમાં એફપીઆઈ રોકાણ 552 અબજ ડોલર હતું. પરિણામે, ભારતીય ઈક્વિટી માર્કેટકેપમાં એફપીઆઈનું યોગદાન ઘટી 17.8 ટકા રહ્યું હતું જે અગાઉ 18.3 ટકા હતું. વિદેશી રોકાણમાં ઓફશોર મ્યુચ્યુઅલ ફંડ મહત્વનો ભાગ ભજવે છે. તદુપરાંત ઓફશોર ઈન્સ્યોરન્સ કંપનીઓ, હેજ ફંડ્સ, અને સોવરિન વેલ્થ ફંડ્સ દ્વારા પણ મોટાપાયે રોકાણ થાય છે.

માર્ચ ત્રિમાસિકગાળામાં એફપીઆઈ દ્વારા 14.59 અબજ ડોલરની વેચવાલી થઈ હતી. ડિસેમ્બર, 2021થી વિદેશી રોકાણકારો ભારતીય શેર બજારમાંથી પ્રોફિટ બુકિંગ શરૂ કર્યુ હતું. રશિયા-યુક્રેન યુદ્ધ, ફેડ સહિત વિશ્વની અન્ય સેન્ટ્રલ બેન્કો દ્વારા વ્યાજ વધારો કરવામાં આવતાં વિદેશી રોકાણકારોએ સાવધાનીનું વલણ અપનાવ્યું હતું. ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યારસુધી એફપીઆઈએ 18 અબજ ડોલરની વેચવાલી દર્શાવી છે.

## ઝોમેટોની આવક વધી સાથે-સાથે ખોટ પણ વધી

ગુજરાત | વંદન

ફુડ ડીલીવરીના બિઝનેસ સાથે સંકળાયેલી ઝોમેટો કંપનીએ 31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં 359.70કરોડની ચોખ્ખી ખોટ કરી છે.જે આગલા વર્ષના તુલનાત્મક સમયગાળામાં 134.20 કરોડની હતી. કંપની તેની આવક 1211.80 કરોડ થવા પામી છે. જે 75 ટકાની વૃદ્ધિ ધરાવે છે. આગલા વર્ષના ત્રિમાસિક સમયગાળામાં 612.40 કરોડ હતી. કંપનીએ ત્રિમાસિક સમયગાળામાં 100 નવા શહેરોમાં તેની કામગીરીનો પ્રારંભ કર્યો છે. આથી તેની કુલ ક્ષમતા 1000 શહેરોની થવા પામી છે.

## BSE 500 કેટેગરીના ઈન્કિવિટી શેરોમાં ફોરેન પોર્ટફોલિયો

ગુજરાત | વંદન

10 જેટલી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર કંપનીઓએ બોમ્બે સ્ટોક એક્ષચેન્જના 500 શ્રેણીના ઈક્વિટી શેરોની મોટાપાયે વેચવાનું કર્યું છે. આમ કરવા માટેનું કારણ રૂપિયાના ચલણના સાપેક્ષ મૂલ્યના ઘટાડો થવાનું કારણ મૂળભૂત છે. આ વેચાણ નીતિ પ્રાપ્ત થતા નાણાકીય સાધનોનો ઉપયોગ અન્ય ઈન્વેસ્ટેડ માટે 10 ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો ઉપયોગમાં લેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો દ્વારા એચ.ડી.એફ.સી. શેરોમાં ભારે વેચવા પામી છે. જેના પરિણામે 255 કરોડનો ઘટાડો જોવા મળ્યો છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો દ્વારા 69.19 ટકાનું ઈક્વિટી શેરોનું વેચાણ કરાયું હતું. છેલ્લા ચોથા ત્રિમાસિક સમયગાળામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોને એચ.ડી.એફ.સી.ની કંપનીના વેચાણ કરતા 359 બેઝીસ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. મોર્ગેઝ લેન્ડર્સ દ્વારા વેચવાની રહેવાથી તેના શેરનો ભાવ 25 નવેમ્બર 2021માં 52 સપ્તાહની ઊંચી સપાટીએ હતો. તેમાં 28 ટકાનો ઘટાડો નોંધાયો છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરે આ ઉપરાંત શ્રી ટ્રાન્સપોર્ટેશનના ઈક્વિટી શેરોમાં વેચાણ કરીને તેનું શેર હોલ્ડીંગ 0.73 બેઝીસ ઘટાડ્યું છે. આના પરિણામે તેનું શેર હોલ્ડીંગ 53.88 થવા પામ્યું છે. આ કંપનીના ઈક્વિટી શેરોનું ભાવ 1659.40થી ઘટીને 1000 સુધીની સપાટીએ ગબડી જવા પામ્યું છે. એપોલો હોસ્પિટલના શેરોમાં વેચાણનો ભાવ 52 સપ્તાહના 39 ટકા ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો છે.

## ગુજરાતમાં સ્થાપાયેલ પ્લાન્ટમાં7.5 લાખ યુનિટ વ્હિક્લનું ઉત્પાદન

# મારૂતિ સુઝુકી હરિયાણામાં 18 હજાર કરોડના ખર્ચે ત્રીજો પ્લાન્ટ સ્થાપશે

ગુજરાત | વંદન

મારૃતિ સુઝુકી હરિયાણાના સોનીપત ખાતેના 18 હજાર કરોડના ખર્ચે 10 લાખ ઓટોમોબાઈલ વ્હીકલના ઉત્પાદન માટેનો નામ સ્થાપશે. મારૃતિ સુઝુકી હાલ સંયુક્ત પણે 22 લાખ વ્હીકલ્સ યુનિટ ઉત્પાદન કરે છે. આ માટે કંપની ગુજરાત અને હરિયાણામાં બે પ્લાન્ટો ધરાવે છે. આ ઉપરાંત હરિયાણાના ગુડગાવ અને માનેશ્વર ખાતે પ્લાન્ટો ધરાવે છે. તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 15.5 લાખ વ્હિકલ યુનિટ છે. સુચીત વિકાસ યોજના હેઠળ કંપની હરિયાણામાં ત્રીજો પ્લાન્ટ સ્થાપશે. જેના પરિણામે વાર્ષિક 20 લાખ યુનિટનું ઉત્પાદન આગામી 8 વર્ષમાં શરૂ થશે. આ પ્લાન્ટ માટે કંપનીએ 800 એકર જમીન સોનીપત જિલ્લાના આઈ.એમ.ટી. ખાર ખોડા ખાતે સ્થાપનાર છે. પ્રથમ તબક્કામાં 11 હજાર કરોડનું નવું મૂડીરોકાણ કરાશે. જેનાથી વાર્ષિક 25 લાખ યુનિટ વ્હિકલ્સનું વાધારાનું ઉત્પાદન પ્રાપ્ત થશે. પ્રથમ તબક્કાનો આ પ્રોજેક્ટ 2025ની સાલમાં ઉત્પાદ કરશે. તેમ મારૃતિ સુઝુકી ઈન્ડિયાના ચેરમેન શ્રી આર. સી. ભાર્ગવે જણાવ્યું હતું. આ પ્લાન્ટમાં ઉત્પાદન થનારા વ્હિકલ્સથી દેશની આંતરિક માંગ તેમજ વિકાસ માટેની માગને સંતોષી શકાશે. આ પ્લાન્ટ 8 વર્ષમાં તેની નિર્ધારિત સ્થાપિત ઉત્પાદન કરતો શરૂ થઈ જશે. હાલ મારૃતિ સુઝુકી કૂલ વાર્ષિક 22 લાખ યુનિટ વ્હિક્લનું ઉત્પાદન કરે છે તેમાં હરિયાણા ખાતેનો પ્લાન્ટ તેમજ ગુજરાત ખાતેના બહુચરાજી નજીકનું પ્લાન્ટનો સમાવેશ થાય છે. જ્યારે હરિયાણામાં ગુડગાવની સંયુક્ત ક્ષમતા 15.5 યુનિટની છે. ગુજરાતમાં સ્થાપાયેલ પ્લાન્ટ 7.5 લાખ યુનિટ વ્હિક્લનું ઉત્પાદન કરે છે. 2022માં ઉત્પાદન પ્લાન્ટની કૂલ ક્ષમતા ગણનાપાત્ર વધવા પામશે. મારૃતિ સુઝુકી ઈન્ડિયા એક્ઝિક્યુટીવ વાઈસ ચેરમેન મિ. કેનીચીના જણાવ્યા અનુસાર મારૃતિ સુઝુકીના વિકાસ યોજનાથી હરિયાણાનો સારો વિકાસ થશે. મારૃતિ સુઝુકી વિશ્વમાં સૌથી મોટો ચોથા ક્ષાનો પ્લાન્ટ ધરાવતી કંપની બનશે.

# મોંઘવારીનો સતત વધતો ગ્રાફ 24 વર્ષ પછી નવી ઊંચી સપાટીએ પહોંચ્યો, ડિસેમ્બર 1998માં એ 15.32 % હતો

ગુજરાત | વંદન

વધતી મોંઘવારીએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું છે. ખાવા-પીવાની ચીજવસ્તુઓ, ઈંધણ અને વીજળીના ભાવમાં વધારાને કારણે જથ્થાબંધ મોંઘવારી દર સતત 13મા મહિને ડબલ ડિજિટમાં રહ્યો છે. એપ્રિલમાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત (WPI) મોંઘવારી દર 15.08% પર પહોંચ્યો છે. ડિસેમ્બર 1998 પછી પહેલીવાર જથ્થાબંધ મોંઘવારી દર 15%ને પાર થઈ ગયો છે. ડિસેમ્બર 1998માં એ 15.32 ટકા હતો. અગાઉ એ માર્ચ 2022માં 14.55 ટકા હતો, જ્યારે ફેબ્રુઆરીમાં 13.11 ટકા હતો. એપ્રિલ 2021થી જથ્થાબંધ ફુગાવો બે આંકડામાં રહ્યો છે. નિષ્ણાતોના મતે ખાદ્યપદાર્થો અને ઈંધણના વધતા ભાવને કારણે મોંઘવારી વધી રહી છે.

### ઈંધણ અને ઊર્જાએ વધારી મોંઘવારી

એપ્રિલ મહિનામાં ખાદ્ય ચીજોનો ફુગાવાનો દર 8.35% રહ્યો છે, જે માર્ચ 2022માં 8.06% હતો. બળતણ અને ઊર્જાનો મોંઘવારી દર વધીને 38.66% થયો છે, જે માર્ચ 2022માં 34.52% હતો, મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનોનો મોંઘવારી દર એપ્રિલમાં 10.85% હતો, જે માર્ચ 2022માં 10.71% હતો.

### છૂટક મોંઘવારી 8 વર્ષની ટોચ પર

અગાઉ ખાદ્ય ચીજવસ્તુઓમાંથી તેલની કિંમતોમાં વધારો થવાને કારણે છૂટક મોંઘવારી 8 વર્ષની ટોચ પર પહોંચી ગઈ છે. સરકારી આંકડા અનુસાર, કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) આધારિત છૂટક મોંઘવારી એપ્રિલમાં વધીને 7.79% થઈ છે. મે 2014માં ફુગાવો 8.32% હતો.



**રેકોર્ડ બ્રેક ફુગાવો**

| મહિનો | મોંઘવારી દર | ઓક્ટોબર | 13.83% |
|---|---|---|---|
| એપ્રિલ | 10.74% | નવેમ્બર | 14.87% |
| મે | 13.11% | ડિસેમ્બર | 14.27% |
| જૂન | 12.07% | જાન્યુઆરી | 13.68% |
| જુલાઈ | 11.16% | ફેબ્રુઆરી | 13.11% |
| ઓગસ્ટ | 11.64% | માર્ચ | 14.55% |
| સપ્ટેમ્બર | 10.66% | એપ્રિલ | 15.08% |

## અદાણી ગ્રુપ ACC અને અંબુજા સિમેન્ટના શેરોનું સ્પેશ્યલ ઓફર

ગુજરાત | વંદન

ગુજરાતના અગ્રગણીય શ્રીમંત શ્રી ગૌતમ અદાણી 82 હજાર કરોડના વિશ્વાવિખ્યાત હોલ એસીસી અને અંબુજા સિમેન્ટ ખરીદી રહ્યા પછી હવે અદાણી ગ્રુપ એસીસીના 48.96 મિલિયન શેર 23 મિલિયનના ભાવે તેમજ અંબુજા સિમેન્ટના 516 ના શેર કંપનીના શેરહોલ્ડર પાસેથી ખરીદી લેશે. અદાણીના આ નિર્ણયની જાહેરાતથી આ કંપનીના ભાવ તાજેતરમાં ઊભા થવાની શક્યતા. અદાણી ગ્રુપ શેર બજારમાં તેનો ડિલિસ્ટીંગ કરવાની કામગીરી હાથ ધરશે. બીજી શક્યતા એવી દર્શાવી રહી છે કે એસીસી અને અંબુજા મર્જર કરાશે. લિસ્ટીંગ અંગેના શેરબજારમાં કંપનીઓનું ડિલીસ્ટ કરવા તેમનું ઈક્વીટી શેર 75%નું ઓછું હોવું અનિવાર્ય છે.

## ઓએનજીસીના નવા ચેરમેન-એમડીની નિમણુંક કયારે?

ગુજરાત | વંદન

ઓએનજીસી જાહેર સાહસની કામગીરી છેલ્લા કેટલાક સમયથી સંતોષકારક રહેવા પામી નથી. આ જાહેર સાહસ 65 ટકા ક્રુડ ઓઈલ અને 60 ટકા ગેસનું ઉત્પાદન તેની નિર્ધારિત ક્ષમતાના પ્રમાણમાં ઉત્પન્ન કરે છે. આ ગંભીર પરિસ્થિતિને અનુલક્ષીને પાંચ વર્ષમાં તેના શેરનો ભાવ 11 ટકા જેટલો ઘટી જવા પામ્યો છે.તાજેતરનાં વર્ષમાં ફ્યુલ ઓઈલના ભાવો વૈશ્વિક સ્તરે વધવાથી તેના શેરના ભાવમાં 36 ટકાનો ઉછાળો એક વર્ષ દરમ્યાન જોવાયો છે. વૈશ્વિક સ્તરે ફુગાવો વધુ વકરવાથી આ કંપની ફ્યુલ અને ગેસનું ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાનો સરકારી સુચના પ્રમાણે અમલ કરી રહી છે. જેથી આયાત પરનું અવલંબન ઘટાડી શાય. સરકાર તેની રાજકોષીય ખાધના વિષમ સંજોગોના સામનો કરવાના હેતુથી અન્ય જાહેર સાહસોની જેમ ઓએનજીસીને પણ પ્રાઈવેટ પાર્ટીને વેચી દેવાનો નિર્ણય વિચારી રહી છે. આ પ્રકારના નિર્ણય ફેબ્રુઆરી 2022 ઓએનજીસી ના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર તરીકે પંસદ કરવા ખાનગી ક્ષેત્રના એક્ઝીક્યુટીવની પસંદગી કરવાનો એકમાત્ર વિકલ્પ રહ્યો છે.

# ગોવા કરતા પણ ગુજરાતના બીચની વધુ ડિમાન્ડ છે, વેકેશન પડતા જ વાટ પકડી

કાળઝાળ ગરમીથી રાહત મેળવવા ગુજરાતીઓનું ફેવરીટ પ્રવાસન સ્થળ બન્યું છે દમણ. ગરમીથી રાહત મેળવવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ દમણ ઉમટી પડ્યા છે. મિની ગોવા તરીકે ઓળખાતા દમણમાં પ્રવાસીઓની ભીડ ઉમટતા 2 વર્ષ બાદ પ્રવાસને વેગ પકડ્યો છે. દમણમાં ઐતિહાસિક કિલ્લા, દેવકા બીચ અને જમપોર બીચ સહિતના સ્થળો પર વોટર રાઈડની પ્રવાસીઓ મજા માણી રહ્યા છે. દમણમાં સમર વેકેશનની મજા માણવા અમદાવાદ, વડોદરા, સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જમપોર અને દેવકાના દરિયા કિનારે પ્રવાસીઓ ઉમટતા રોનક જોવા મળી રહી છે.

હાલ રાજ્યમાં કાળઝાળ ગરમી લોકો ત્રાહિમામ પોકારી રહી છે. ગરમીનો પારો 47 ડિગ્રીને પણ આંબી ગયો છે ત્યારે ફરવાના ખુબ શૌખીન એવા ગુજરાતીઓએ દમણની વાટ પકડી છે. મોકો મળતા ગુજ્જુઓ દીવ દમણ કે ગોઆ ફરવા ઉપડી જાય છે. મિની ગોવા તરીકે જાણીતા દમણમાં હાલ પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. જેના કારણે 2 વર્ષથી ઠપ પડેલા દમણ પ્રવાસનને પણ વેગ મળ્યો છે.

એક તરફ શાંત દરિયો અને બીજી તરફ આથમતો સૂરજ. આ નયનરમ્ય નજારો દમણના દરિયા કિનારાનો છે. રાજ્યના પડોશમાં આવેલો નાનકડો સંઘપ્રદેશ દમણ પર્યટન માટે ખૂબ જ જાણીતું નામ છે. દરિયા કિનારે આવેલો હોવાથી આ નાનકડો સંઘપ્રદેશ પર્યટન માટે દેશભરમાં જાણીતો છે અને દેશભરના પર્યટકો દમણની મુલાકાત લે છે. દમણના દરિયા કિનારાની સુંદરતા જોઈ અને દર વર્ષે પર્યટકોની સંખ્યામાં વધારો થતો રહે છે. આથી દમણ મિની ગોવા તરીકે પણ ઓળખાય છે.






પર્યટકોને આકર્ષવા માટે દમણમાં ઐતિહાસિક કિલ્લો, દેવકા બીચ અને જમપોર બીચ સહિતના સ્થળો પર વોટર રાઈડની સાથે સુંદર અને સ્વચ્છ દરિયાકિનારો હોવાથી મોટી સંખ્યામાં પર્યટકો દમણના દરિયા કિનારે ફરવા આવે છે. સાથે જ પ્રદેશમાં દારૂની પણ છૂટ હોવાથી મોટી સંખ્યામાં શોખીનો દર વર્ષે દમણની મુલાકાત લે છે. ત્યારે દમણમાં સમર વેકેશનમાં હાલ અમદાવાદ, વડોદરા, સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા છે.

હાલે ગુજરાતમાં ગરમીનો પારો 45 થી 47 ડિગ્રીને આંબી ગયો છે. લોકો ગરમીથી રાહત મેળવવા વોટર પાર્ક, સ્નો પાર્ક કે પછી હિલ સ્ટેશનની મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે સંઘ પ્રદેશ દમણના બીચ પર હાલે આહલાદક વાતાવરણ છે. દમણના દરિયા કિનારે લોકો ઠંડા પવનની મોજ માણી રહ્યાં છે. છેલ્લા 2 વર્ષથી સંઘ પ્રદેશ દમણના પર્યટન ઉદ્યોગને ખૂબ જ મોટો ફટકો પડયો હતો. કોરોનાને કારણે સાત મહિનાથી દમણના પર્યટન સ્થળો સૂમસામ ભાસી રહ્યા હતા. આથી મોટેભાગે પર્યટન પર જ નિર્ભર આ પ્રદેશના હોટલ ઉદ્યોગ અને અન્ય સંબંધિત ઉદ્યોગ પણ મુશ્કેલીમાં હતો. જોકે આ વખતે ફરી એક વખત આ નાનકડા પર્યટન સ્થળની રોનક પરત ફરી રહી છે. ફરી એક વખત દમણના દરિયા કિનારા પર્યટકોથી ઉભરાઈ રહ્યા છે. પર્યટકો ફરી એક વખત આ સુંદર નાનકડા પ્રદેશની મુલાકાત લેવાની શરૂઆત થઈ છે. પ્રદેશના જમપોર અને દેવકા દરિયા કિનારે મોટી સંખ્યામાં પર્યટકો આવી રહ્યા છે. સમર વેકેશનના માહોલમાં ફરી વખત દમણની રોનક પરત ફરી રહી છે. પર્યટકો પરિવાર સાથે દમણની મુલાકાત લઈ રહ્યા છે. જેથી નાના વેન્ડરથી લઈને દમણવાસીઓને આર્થિક ફાયદો થઈ રહ્યો છે. હોટલ ઉદ્યોગમાં પણ અત્યારે ઉત્સાહનો માહોલ છે.

મહત્વપૂર્ણ છે કે, સંઘ પ્રદેશ દમણ દરિયા કિનારે આવેલું છે અને દરિયાની સુંદરતાને કારણે દેશભરમાં જાણીતું છે. આથી ગુજરાત અને નજીકના રાજ્યના પર્યટકો દરિયાની મોજ માણવા માટે ગોવાની જગ્યાએ દમણને વધારે પસંદ કરે છે. આથી દમણના દરિયા કિનારા મિની ગોવા જેવો આભાસ કરાવે છે. છેલ્લા 5 વર્ષથી જે રીતે પ્રદેશના દરિયા કિનારાનો ચોમેરથી વિકાસ થયો છે. તેને કારણે હવે દમણના દરિયા કિનારા વિદેશના દરિયાકિનારાને ટક્કર આપે તેવા સુંદર લાગી રહ્યાં છે. આથી પર્યટકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આમ હવે કોરાનાના કપરા કાળ બાદ ફરી એક વખત દમણના પર્યટન ઉદ્યોગની રોનક પરત ફરી છે.



### વાળને સિલ્કી અને મજબૂત બનાવવા માટે

## રાઈના દાણા જેવી આ વસ્તુ બનશે રામબાણ ઈલાજ!

સુંદરતા વધારવા માટે સારા અને સિલ્કી વાળ હોવા ખુબ જ જરૂરી છે. કેમ કે, જો વાળ સારા હશે તો જ લૂક એકદમ પરફેક્ટ લાગશે. એટલા માટે જ લોકો વાળની દેખભાળ માટે વિવિધ રીતો અપનાવે છે. કોઈ બજારમાંથી મોંઘી પ્રોડક્સ લાવે છે તો કોઈ ઘરેલું નુસ્ખાથી વાળની સંભાળ રાખે છે. પણ લાંબા વાળની સંભાળ રાખવી ખુબ જ મુશ્કેલ બની જાય છે. અને એટલા માટે જ લોકો તેની દેખભાળ માટે કેમિકલ પ્રોડક્સનો ઉપયોગ કરવા લાગે છે. પણ ઘણા લોકોને એ વાતની નહીં ખબર હોય કે, વાળને સિલ્કી અને સુંદર બનાવવા માટે કોઈ મોંઘા પ્રોડક્સ નહીં પણ રસોઈઘરમાં રહેલી મેથી શ્રેષ્ઠ ઉપાય છે. મેથીમાં પ્રોટીન અને અને વિટામિન સી હોય છે જે વાળ માટે ફાયદાકારક છે. મેથી વાળને પોષકતત્વ મળે છે. મેથીના બીમાં આર્યન પણ હોય છે. જે બે મોઢાળા વાળને અંદરથી મજબૂત બનાવે છે. આજે આપણે મેથીના ફાયદાઓ વિશે જાણીશું.



### કેવી રીતે મેથીનો વાળમાં કરશો ઉપયોગ

- **નાળિયર તેલ સાથે મેથી:** જો વાળનો વિકાસ કરવો છે તો તેલ નાખવું ખુબ જ જરૂરી છે. ત્યારે મેથીના દાણાને નારિયેળ તેલમાં નાખીને લગાવાથી ફાયદો થશે. તેના માટે તમારે નારિયેળ તેલમાં મેથીના દાણા નાખવાના અને તેલને ત્યાં સુધી ઉકાળવાનું જ્યાં સુધી દાણા લાલ ન થઈ જાય. પછી તે ઠંડુ થયા બાદ તેને વાળની જડો સુધી લગાવવાનું.
- **મેથીનું સિરમ આપે છે પ્રોટીન:** મેથીના દાણા પ્રોટીન આપવાનું કામ કરે છે. તમે મેથીના બીજથી વાળ માટે શ્રેષ્ઠ સિરમ તૈયાર કરી શકો છો. પોતાના વાળને મજબૂત બનાવી શકો છો. સિરમ બનાવવા માટે મેથીના દાણાને પીસી લો અને તેનો પાવડર બનાવી દો. પછી તેમાં ઉપરથી સરસોનું તેલ અથવા જોજોબા ઓયલ મિક્સ કરી લો. એક સિરમ તરીકે તેનો વાળમાં ઉપયોગ કરો.
- **મેથીની પેસ્ટ રામબાણ ઈલાજ:** મેથી દરેકના વાળ માટે એક રામબાણ ઈલાજ તરીકે સાબિત થાય છે. મેથીને ક્રશ કરીને તેની પેસ્ટ બનાવીને વાળમાં લગાવી શકો છો. મેથીના ઉપયોગછી વાળ ઘાટા અને સુંદર થઈ જશે અને વાળનું વોલ્યૂમ પણ વધી જશે. મેથીની પેસ્ટને બનાવવા માટે સૌથી પહેલાં મેથીના દાણા આખી રાત પલાળી રાથો અને સવારે તેને પીસીને વાળમાં લગાવો.

## Star Fruit તરીકે જાણીતું ફળ તમે ખાધું છે? તેના ફાયદા જાણીને અત્યારે જ થશે ખાવાનું મન!



શાળા-કોલેજની બહાર આવતી આંબોડિયાની લારીમાં આ ખાટ્ટા-મીઠા સ્વાદનું કમરક (સ્ટાર) આસાનીથી મળી જાય છે...ખાવામાં ખાટ્ટા છે પરંતુ તેના ફાયદા ખૂબ મીઠા છે..જીં હા કમરક ખાવાથી સ્વાસ્થય સંબંધી ઘણા ફાયદા મળે છે.વિટામીન સી થી ભરપૂર કમરક ખાવાથી રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે.કમરક ખાવાથી શરીરમાં ભરપૂર એનર્જી મળે છે.કમરકનું સેવન સ્કિન ઈન્ફેક્શન, શુષ્કતા, રેશીઝ અને ખંજવાળ જેવી સમસ્યાને ખાસ દૂર કરે છે.

**1**

**હૃદય માટે બેસ્ટ**

કમરખ ફ્રૂટમાં સોડિયમ અને પોટેશિયમ હોય છે. જે બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. તેમાં કેલ્શિયમ હોય છે, જે હાર્ટ માટે પણ ફાયદાકારક છે. સ્ટાર ફ્રૂટ ખાવાથી શરીરને ભરપૂર પોષક તત્વો મળી રહે છે. સાથે જ સ્ટ્રોક અને કાર્ડિયક અરેસ્ટ જેવા હાર્ટ ડિસીઝનો પણ ખતરો રહેતો નથી.

**2**




**ડાયાબિટીસમાં ફાયદારૂપ**

બોડીમાં બ્લડ શુગર લેવલ અને ઈન્સ્યુલિનને કંટ્રોલમાં રાખવા માંગો છો તો સ્ટાર ફ્રૂટ અવશ્ય ખાઓ. ફાયબરથી ભરપૂર આ ફ્રૂટ ખાવાથી બોડીમાં બ્લડ શુગર નિયંત્રિત રહે છે અને સાથે જ ડાયાબિટીસના દર્દીઓ માટે તે ફાયદાકારક છે.

**3**

**પાચન માટે બેસ્ટ**

આ ફળમાં ફાયબર ભરપૂર માત્રામાં હોય છે. જેથી તે પેટ માટે પણ ફાયદાકારક છે. તે પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. આ સિવાય તેના કબજિયાતમાં પણ રાહત મળે છે.



**4**


**વાળ માટે લાભદાયી-**

વિટામિન બી અને સી ની સાથે એન્ટીઓક્સીડેન્ટથી ભરપૂર સ્ટાર ફ્રૂટ ખાવાથી વાળ હેલ્ધી રહે છે. તે સ્કિનને પણ હેલ્ધી રાખવામાં મદદ કરે છે. વાળ ખરતાં રોકે છે અને વાળને મજબૂત બનાવે છે. કમરક ફળ બજારમાં સરળતાથી મળી રહેતું ફળ છે. તે ગળ્યું અને ખાટા એમ બે પ્રકારના હોય છે.આ ફળની તાસીર ગરમ અને ભારે હોય છે.

**5**

**ત્વચા સંબંધી બીમારી**

શિયાળામાં ત્વચા સંબંધી સમસ્યા એક સામાન્ય વાત છે. તેવામાં કમરકનું સેવન સ્કિન ઈન્ફેક્શન, શુષ્કતા, રેશીઝ અને ખંજવાળ જેવી સમસ્યાને દૂર કરે છે.



**6**



**રોગ પ્રરિકારક શક્તિ વધશે**

પોષક તત્વો અને વિટામિન-સી થી ભરપૂર કમરકનું સેવન કરવાથી શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ વધે છે, જેનાથી તમે શિયાળામાં થતી સમસ્યાઓથી બચી શકો છો. તે સિવાય તેનાથી શરીરમાં એનર્જી પણ રહેશે.

**7**

**ભૂખ ના લાગવી**

મોટાભાગનો લોકોને ભૂખ નથી લાગતી હોતી, તેનાથી શરીર કમજોર થઈ જાય છે અને સાથે સાથે કેટલીક બીમારીઓ પણ થાય છે. તેવામાં દરરોજ સવારે કમરકના જ્યૂસમાં ખાંડ નાખીને પીવું. તેનાથી 3-4 દિવસમાં અસર જોવા મળશે.



**8**




**આંખો માટે ફાયદારૂપ-**

મેગ્નેશિયમ અને વિટામિન બી 6 હોવાને કારણે તે આંખો માટે ફાયદાકારક છે. તેનાથી આંખોમાં લાલસ, સોજો, દુઃખાવો પાણી નિકળવું અને ઓછું દેખાતું હોય તેવી સમસ્યા દૂર થાય છે.

### હવે ગરમીઓમાં બિંદાસ વાપરો

## AC! આ ડિવાઈસને ખરીદીને ઘટાડો લાઈટબિલ






ગરમી દરરોજ વધતી જાય છે અને ઘરમાં એક કલાક પણ એસી વિના રહી શકાતું નથી. પરંતુ દિવસભર એસી ચલાવવાનો અર્થ છે કે મહિનાના અંતે મોંઘું લાઈટ બિલ ભરવાની તૈયારી. જો તમે પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છો તો અમારી પાસે આ સમસ્યા માટે એક કમાલનું સમાધાન છે. આજે અમે તમને એક એવા ડિવાઈસ વિશે જણાવીશું જેનાથી તમે દિવસભર એસી ચલાવ્યા બાદ પણ તમે વિજળ બિલને ઓછું કરી શકો છો. આવો જાણીએ અમે કયા ડિવાઈસની વાત કરી રહ્યા છીએ...

### ઘરે લાવો આ ડિવાઇસ અને વિજળીના બિલમાં બચત

તમને જણાવી દઈએ કે અમે અહીં એસી પાવર સેવર ડિવાઈસની વાત કરી રહ્યા છીએ, જેનો ઉપયોગ કરીને તમે તમારા વિજબિલને આરામથી ઓછું કરી શકો છો અને તમારે અટકી અટકીને એસી ચલાવવું નહી પડે. આ એક એવું ડિવાઈસ છે જેને તમે તમારા એસીમાં ફિટ કરી શકો છો અને વિજળી બચાવવામાં મદદ કરશે. સૌથી પહેલાં વાત કરીએ Dynamic AC Power Saver Device ની, તે એક સારો ઓપ્શન છે. આ એક ફૂલ્લી ઓટોમેટિક એસી પાવર સેવર ડિવાઈસ છે, જેને તમે કોઈ એન્જીનિયરની મદદથી તમારા એસીમાં લગાવી શકો છો. તમને જણાવી દઈએ કે આ ડિવાઈસને લગાવીને તમે તમારા ઘરના લાઈટ બિલ પર 10 થી 40% નો ઘટાડો કરી શકો છો. બીજા ડિવાઈસના મુકાબલે ઘણું મોંઘું છે અન તેને 7800 રૂપિયામાં ખરીદી શકાય છે.

### 799 રૂપિયામાં AC Power Saver Device

Proelectra MDP08 એક સારો ઓપ્શન છે, જેને તમે વિજળી બચાવવા માટે ઉપયોગ કરી શકો છો. 1KW ની કેપેસિટીવાળા આ વિજળી બચાવનાર ડિવાઈસને ઘરમાં અથવા ઓફિસ, ક્યાંય પણ ઉપયોગ કરી શકો છો. અમેઝોન પર તેની કિંમત 2200 રૂપિયા છે પરંતુ 64 ટકા ડિસ્કાઉન્ટ બાદ તેને 799 રૂપિયામાં ખરીદી શકો છો. તેને તમે બસ તમારા એસીમાં ફિટ કરાવવું પડશે અને કામ થઈ જશે.

## પરણિત પુરૂષ આ સમયે ચાવી લે 3 લવિંગ, દૂર થશે મોટી સમસ્યા

આજે અમે તમારા માટે લઈને આવ્યા છીએ લવિંગના ફાયદા. જો તમે યૌન સમસ્યા અથવા શીધ્રપતન જેવી સમસ્યાનો શિકાર છો તો આ સમાચાર તમારા માટે કામના છે. લવિંગના આમ તો ઘણા ફાયદા છે, પરંતુ આ મુખ્ય પાચન શક્તિને વધારવાનું કામ કરે છે. આ પુરૂષોમાં સેક્સ સંબંધી સમસ્યામાં પણ ફાયદો પહોંચાડે છે. લવિંગમાં વિટામીન- B1,B2,B4,B6,B9 અને વિટમીન સી તથા બીટા કૈરોટીન જેવા તત્વો સામેલ છે. આ ઉપરાંત વિટામીન K, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ જેવા તત્વો પણ લવિંગમાં મળી આવે છે. આ તમામ પોષક તત્વ એક હેલ્ધી શરીર માટે જરૂરી ગણવામાં આવે છે.

- **દરરોજ 3 લવિંગનું કરો સેવન :** એક રિસર્ચમાં કરવામાં આવેલા દાવા પર નજર કરીએ તો દરરોજ સવારે 3 લવિંગ ભૂખ્યા પેટે ખાવા જોઈએ. તેનાથી સેક્સ લાઈફમાં સુધારો થાય છે.
- **લવિંગ ખાવાનો સમય:** જો તમે દરરોજ રાત્રે સૂતી વખતે 3 લવિંગ ખાઈને એક ગ્લાસ નવસેકું પાણી પીવો છો, તો તેનાથી પેટ સંબંધી ઘણા રોગ દૂર થઈ જાય છે.
- **પુરૂષો માટે કેમ ફાયદાકારક છે લવિંગ:** લવિંગનું નિયમિત સેવન કરવાથી યૌન સંબંધિત સમસ્યામાંથી રાહત મળે છે. એટલા માટે જે પુરૂષોને યૌન સંબંધિત કોઈ સમસ્યા છે, તેમને લવિંગનું સેવન જરૂર કરવું જોઈએ, કારણ કે લવિંગ કેલ્શિયમ, આયરન, મેગ્નેશિયમ, ફોસ્ફોરસ, પોટેશિયમ, સોડિયમ અને જિંક જેવા ખનીઝથી ભરપૂર હોય છે. આ તમામ સ્વાસ્થ માટે જરૂરી તત્વ ગણવામાં આવે છે.
- **આ વાતનું રાખો ધ્યાન :** લવિંગનું સેવન કરવાથી સ્પર્મ કાઉન્ટમાં મદદ મળે છે. જોકે વધુ માત્રામાં સેવન કરવાનું ટાળો, કારણ કે વધુ માત્રામાં સેવન કરવાથી મેલ હોર્મોન ટેસ્ટોસ્ટેરોન બગડે છે. એટલા માટે લવિંગ અને તેના સાથે જોડાયેલી પ્રોડક્ટ્સનો ઉપયોગ કોઈ આર્યુવેદાચાર્યની દેખરેખમાં કરવો જોઈએ.

ડોક્ટર અબરાર મુલ્તાની કહે છે કે લવિંગ પાચન એંજાઈમોના સ્ત્રાવને વધારે છે, જે કબજિયાત અને અપચા જેવી પાચન સંબંધી સમસ્યાને અટકાવે છે. લવિંગ ફાઈબરથી ભરપૂર હોય છે. જે પાચન સ્વાસ્થ્ય માટે સારું હોય છે. આ વજન ઘટાડવા સાથે ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે.



## ઘૂંટણમાં દુખાવાની ફરિયાદ છે? આ 5 વસ્તુઓના સેવનથી થશે સમસ્યાનું સમાધાન



હાલના આધુનિક જમાનામાં કેટલીક બેદરકારીઓને કારણે વૃદ્ધ વય તો ઠીક પરંતુ યુવા વયમાં પણ ઘણા લોકોને પેટમાં, હાથમાં, પગમાં દુખાવો થતો હોય છે. મોટા ભાગે શરીરના અંગોમાં દુખાવાની ફરિયાદ લોકો 40ની ઉંમર બાદ કરતા હોય છે. પરંતુ આજના યુવાઓમાં આજે પહેલાના કરતા વધુ આળસ આવી ગઈ હોય તેવું લાગે છે. લોકો બહારી ગેમ્સ ન રમતા હોવાથી તેમના પગનો ઉપયોગ થતો નથી. મોબાઈલ અને કોમ્પ્યુટરમાં ગેમ્સ રમવાને કારણે યુવાઓનું જીવન એક રીતે બેઠાળું થઈ ગયું છે. બસ આજ કારણે નાનપણમાં પગના ઘુંટણમાં દુખાવો થતો હોય છે. ઘણીવાર પોષણયુક્ત આહાર પણ ન લેવાને કારણે પગના ઘુંટણમાં દુખાવો થતો હોય છે. આવો જાણીએ કે પગના ઘુંટણમાં દુખાવાથી રાહત મેળવવા લોકોએ તેમના આહારમાં શું શું લેવું જોઈએ.

### કેમ થાય છે પગમાં દુખાવો

જો તમારા શરીરમાં કેલ્શિયમ અથવા પ્રોટીનની કમી છે તો તમને ઘુંટણમાં દુખાવાની સંભાવના વધી જાય છે. ઘણીવાર દુખાવાને કારણે સોજો પણ આવી શકે છે. તેવામાં તમારે રોજના આહારમાં આ 5 વસ્તુઓ ઉમેરવી જોઈએ. આવો જાણીએ.

### નટ્સ

આરોગ્ય નિષ્ણાંત મોટા ભાગે નટ્સ ખાવાની સલાહ આપે છે કારણ કે આમાં વિટામીન અને પ્રોટીનની માત્રા વધુ હોય છે. નટ્સ ખાવાથી હાડકા મજબુત બને છે તેમજ ઘુંટણનો દુખાવો રહેતો નથી.

### લીલા પાંદળાવાળા શાક

કોબી અને બ્રોકોલી જેવા પાંદળાવાળા શાક ખાવાથી શરીરમાં સોજો પેદા કરતા એન્ઝાઈમ્સ ઘટે છે. રોજના આહારમાં લીલા શાકભાજીને ઉમેરવાથી હાડકા મજબુત રહે છે.

### દૂધ

દૂધ અને તેના તમામ પ્રોડક્ટ્સમાં વિટામીન-ડી અને કેલ્શિયમની ભરપુર માત્રા હોય છે. જે હાડકાને મજબુત બનાવે છે. દૂધમાં વધુ ફેટ ન હોવું જોઈએ. જો ફેટ વધુ હશે તો શરીરનો વજન પણ વધી શકે છે.

### ફળ

કેટલાક ફળો ઘુંટણના દુખાવાને ઠીક કરવામાં કારગર સાબિત થાય છે. આ ફળોમાં સંતરા, સ્ટ્રોબેરી અને ચેરી સામેલ છે. આ ફળોમાં વિટામીન-સી અને લાઈકોપીન જેવા પોષણ હોય છે જે સોજાને ઓછા કરે છે.

### આદૂ અને હળદર

આદૂ અને હળદરમાં એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. આજ કારણે આ મસાલાનો ઉપયોગ સદીઓથી ઔષધિના રૂપમાં કરવામાં આવે છે. ઘુંટણમાં દુખાવો હોય તો આ 2 વસ્તુને તમારા આહારમાં સામેલ કરો. આદૂ અને હળદરનો ઉકાળો પણ સ્વાસ્થ્ય માટે લાભકારી છે.





રાજસ્થાન સામે જીતીને ગુજરાત ફાઇનલમાં

# આઈપીએલ ફાઇનલમાં ગુજરાત ટાઇટન્સ સામે કોણ ટકરાશે..?

ગુજરાત | વંદન



મીલરની ૩૮ બોલમાં ત્રણ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથેની અણનમ ૬૮ રનની ઈનિંગ તેમજ તેની અને હાર્દિક પંડયા વચ્ચેની ૬૧ બોલમાં ૧૦૬ રનની અણનમ ભાગીદારીને સહારે ગુજરાતે ટાઈટન્સે રાજસ્થાનને સાત વિકેટથી હરાવીને આઈપીએલની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. હવે ગુજરાત ૨૯મી મે ને રવિવારે અમદાવાદ આઈપીએલની ફાઈનલ રમશે. તે અગાઉ રાજસ્થાન રોયલ્સ ૨૭મીએ લખનઉ કે બેંગ્લોર સામે ક્વોલિફાયર ટુ રમશે. જેમાંથી વિજેતા ટીમ ફાઈનલમાં પ્રવેશશે.

ગુજરાતને જીતવા માટે આખરી ઓવરમાં ૧૬ રનની જરુર હતી, ત્યારે પ્રસિધ ક્રિશ્નાની બોલિંગમાં મીલરે શરૃઆતના ત્રણ બોલ પર ત્રણ સિક્સર ફટકારતાં ટીમને ફાઈનલમાં પ્રવેશ અપાવ્યો હતો. ગુજરાતે ૧૮૯ રનના ટાર્ગેટને ૧૯.૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડયો હતો. હાર્દિક પંડયા ૨૭ બોલમાં ૪૦ રને અણનમ રહ્યો હતો.

સહાની વિકેટ ૦ પર ગુમાવ્યા બાદ ગિલ અને વેડની જોડીએ ૭૨ રનની ભાગીદારી કરી હતી. જે પછી હાર્દિક અને મીલરે બાજી સંભાળી હતી.

અગાઉ બટલરની ૫૬ બોલમાં ૮૯ રનની ઈનિંગને સહારે રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઈટન્સને ક્વોલિફાયર વનમાં જીતવા માટે ૧૮૯ રનનો પડકાર આપ્યો હતો. બટલરની આક્રમક ઈનિંગ તેમજ કેપ્ટન સેમસનના ૪૭ રનની મદદથી રાજસ્થાને છ વિકેટે ૧૮૮ રન નોંધાવ્યા હતા. બટલર અને સેમસનની જોડીએ ૪૭ બોલમાં ૬૮ રનની ભાગીદારી કરી હતી. રાશિદે અસરકારક બોલિંગ કરતાં ૪ ઓવરમાં ૧૫ રન જ આપ્યા હતા, પણ તેને એકેય વિકેટ મળી નહતી.

કોલકાતામાં વરસાદી માહોલ વચ્ચે રમાયેલી આઈપીએલની ક્વોલિફાયર વનમાં ગુજરાત ટાઈટન્સના હાર્દિક પંડયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. યશ દયાલે યશસ્વી જયસ્વાલની વિકેટ ઝડપી હતી. જે ત્રણ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો.

બટલરે શરૃઆત ખુબ જ ધીમી કરી હતી. તેણે સેમસનને સપોર્ટ કર્યો હતો. સેમસને ૨૬ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૪૭ રન ફટકાર્યા હતા. સાઈ કિશોરે તેને ત્રણ રન માટે અડધી સદીથી વંચિત રાખ્યો હતો. તેનો કેચ જોસેફે કર્યો હતો. બટલરે પડિક્કલ (૨૮) સાથે મળીને ૩૭ રન જોડયા હતા.

પડિક્કલ આઉટ થયો તે પછી બટલરે આગવી સ્ટાઈલમાં રમવાનું શરૃ કર્યું હતુ. તેણે હેતમાયર સાથે ૨૬ બોલમાં ૪૫ રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારીમાં હેતમાયરના માત્ર ચાર રન હતા. બટલરે ૧૨ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૮૯ રન નોંધાવ્યા હતા.

ગુજરાત તરફથી શમી, દયાલ, સાઈ કિશોર અને હાર્દિક પંડયાએ ૧-૧ વિકેટ ઝડપી હતી.




# લેડેકીએ 2016ના રિયો ઓલિમ્પિકમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયન સ્વિમર ટિટમસે ૪૦૦ મીટર ફ્રિસ્ટાઈલની ઈવેન્ટમાં અમેરિકાની લેજન્ડરી સ્વિમર લેડેકીનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. ટિટમસે લેડેકીના રેકોર્ડમાં ૦.૦૬ સેકન્ડનો સુધારો કર્યો હતો. તેણે ઓસ્ટ્રેલિયન સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ૪૦૦ મીટરની ફ્રિસ્ટાઈલ રેસ ૩ મિનિટ અને ૫૬.૪૦ સેકન્ડમાં પુરી કરી હતી.

અમેરિકન સ્વિમર લેડેકી છેલ્લા છ વર્ષથી આ રેકોર્ડ ધરાવતી હતી. તેણે ૨૦૧૬ના રિયો ઓલિમ્પિકમાં ત્રણ મિનિટ અને ૫૬.૪૬ સેકન્ડ સાથે વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. જેમાં ટિટમસે ૦.૦૬ સેકન્ડનો સુધારો કર્યો હતો. નોંધપાત્ર છે કે, ટિટમસે ગત વર્ષે રમાયેલા ટોક્યો ઓલિમ્પિકમાં પણ લેડેકીને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. અગાઉ યોજાયેલી અમેરિકન ટ્રાયલ્સમાં લેડેકીએ આ જ રેસ પુરી કરવા માટે ત્રણ મિનિટ અને ૫૯.૫૨ સેકન્ડનો સમય લીધો હતો. જુનમાં બુડાપેસ્ટમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ટિટમસ અને લેડેકી વચ્ચે સ્પર્ધા જોવા નહીં મળે, કારણ કે ઓસ્ટ્રેલિયન સ્વિમર કોમનવેલ્થ ગેમ્સની તૈયારી માટે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની નથી.

## IPL ફિનાલેમાં લોન્ચ કરશે આમિર પોતાની ફિલ્મ 'લાલસિંહ ચઢ્ઢા'નું ટ્રેલર




ગુજરાત | વંદન

આમિરખાન અને કરીનાકપુરના ફેન્સ બન્નેને ફરી રૂપેરી પરદે એક સાથે જોવા વ્યાકુળ છે. તેમની ઈંતેજારીનો હવે અંત આવશે. 'થ્રી ઈડીયટસ' માં બન્નેની કેમીસ્ટ્રી દર્શકોને પસંદ આવી હતી, હવે આ બન્ને સુપર સ્ટાર્સ 'લાલસિંહ ચઢ્ઢા'માં સાથે નજરે પડશે. છેલ્લા ઘણા વર્ષોથી આ ફિલ્મનું કામ ચાલુ હતું, કોરોનાના કારણે ફિલ્મનું શુટીંગ પર પણ વારંવાર બ્રેક લાગતી રહી હતી.પરંતુ હવે આ ફિલ્મ બનીને તૈયાર થઈ ગઈ છે ત્યારે સૌ કોઈ તેની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. હવે ખબર છે કે આમિર-કરીના ટુંક સમયમાં જ લાલસિંહ ચઢ્ઢાનું ટ્રેલર લોન્ચ કરનાર છે અને તેના માટે તેમણે ખાસ ઈવેન્ટ પસંદ કરી છે. અહેવાલો મુજબ આમિર અને કરીને આઈપીએલ ફાઈનલ દરમિયાન ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરશે.

## ધોની હજુ IPLમાં રમશે



IPL 2022ની છેલ્લી મેચમાં મહેન્દ્ર સિંહ ધોનીએ પોતાની આગામી કારકિર્દી અંગે ઘટસ્ફોટ કર્યો હતો. તેને ટોસ દરમિયાન પૂછવામાં આવ્યું હતું કે તમે આગળ રમતો રહેશો કે આ છેલ્લી સિઝન છે.

# આગામી સીઝન માટે ફિટનેસ જાળવી રાખીશ, વિવિધ રાજ્યોમાં જઈને ફેન્સની હાજરીમાં રમીશ

### ધોનીએ કહ્યું- 2023ની સીઝન હું રમવાનો છું

ટોસ દરમિયાન ધોનીએ કહ્યું કે હું આગામી સિઝન માટે પોતાને વધારે ફિટ કરી રહ્યો છું. જોકે આગામી 2 વર્ષનું હું ન કહી શકું પરંતુ આવતા વર્ષે કમબેક કરવા હું ઘણી મહેનત કરીશ. મને આશા છે કે હું ચેન્નઈના ગ્રાઉન્ડમાં મારા ફેન્સને ખાસ પ્રદર્શન ગિફ્ટ આપી શકીશ.

### મારા ફેન્સને આવી રીતે વિદાય નહીં આપું

ધોનીએ વધુમાં જણાવ્યું કે મારા દરેક ફેન્સને હું આવી રીતે નિવૃત્ત થઈને ઉદાસ નહીં કરું. આગામી સિઝનમાં ચેન્નઈ સહિત વિવિધ મેચમાં હુ હાજર રહીશ. તેમની સાથે જોડાવવાની આ મારી ઉત્તમ તક હશે તો 2023 માટે હું ફિટ રહેવાની સંપૂર્ણ તૈયારી કરીશ.

### સીઝનની છેલ્લી મેચમાં ધોની બ્રિગેડ હારી, જાણો માહીએ શું કહ્યું...

RRએ આ મેચમાં CSKને 5 વિકેટથી હરાવી દીધું છે, તેવામાં ધોની બ્રિગેડ આ સિઝનની છેલ્લી મેચ હારી ગયું હતું. જોકે ધોનીના જણાવ્યા પ્રમાણે હજુ તે આગામી સિઝનમાં રમતો રહેશે. તેવામાં મેચ હાર્યા પછી ધોનીએ કહ્યું કે અમે પહેલા બેટિંગ કરીને સારો નિર્ણય લીધો હતો પરંતુ અમે ટોટલ સેટ કરવામાં 10-15 રન શોર્ટ રહ્યા હતા.





જોકે બેટિંગ દરમિયાન મોઈને શાનદાર પ્રદર્શન કર્યું પરંતુ બેક ટુ બેક વિકેટ પડતા તેણે ધીમી બેટિંગ કરી હતી. અમારા દરેક ખેલાડીએ આ સિઝનથી ઘણી વસ્તુઓ શીખી છે. અમે જે-જે ખેલાડીનો પ્રયોગ કર્યો છે તે કંઈક નવું એક્સપ્લોર કરી ચૂક્યા છે. તેવામાં આગામી વર્ષે અમે એક સારા ટીમ કોમ્બિનેશન સાથે મેદાનમાં ઉતરીશું.

# ગુજરાતનો ધૈર્ય શ્રોફ બન્યો દેશનો સૌથી નાની વયનો ચેસ ખેલાડી

ગુજરાત | વંદન




પાંચ વર્ષની વયે પૂણેના સાર્થક દેશપાંડેનો રેકોર્ડ તોડ્યો

માત્ર 5 જ વર્ષની ઉંમર ધરાવતો ધૈર્ય અમિત શ્રોફ આટલી નાની ઉંમરે ગુજરાતનું ગૌરવ બન્યો છે. તે દેશનો સૌથી યંગેસ્ટ રેટેડ ચેસ પ્લેયર છે અને વિશ્વનો બીજા નંબરનો યંગેસ્ટ પ્લેયર છે. ધૈર્યએ પોતે 5 વર્ષ 4 મહિના અને 2 દિવસનો હતો એ સમયે આ સિદ્ધિ હાંસલ કરી છે. અગાઉ આ સિદ્ધિ 5 વર્ષ અને 11 માસની ઉંમરે પુણેના સાર્થક દેશપાંડેના નામે હતી.

ચેસની વૈશ્વિક સંસ્થા ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન-FIDEના લોઝેન સ્થિત હેડક્વાર્ટર દ્વારા પણ ધૈર્યની ભારતના સૌથી યુવા રેટેડ ચેસ પ્લેયર તથા વિશ્વના બીજા નંબરના સૌથી યુવા ચેસ પ્લેયર તરીકેની પુષ્ટિ કરવામાં આવી છે. જોકે FIDEના પ્રવક્તાએ યુરોપના ડેટા પ્રાઈવસી રૂલનો હવાલો આપીને વિશ્વના સૌથી યુવા રેટેડ ચેસ પ્લેયરની ઉંમર અંગે વિગતવાર માહિતી આપવાની મનાઈ કરી દીધી હતી.

વિશ્વના સૌથી યુવા રેટેડ ખેલાડીઓમાં FIDE રેટિંગ 1136 સાથે અઝરબૈજાનની અમીરા ઈસ્માઈલોવા, 1074ના રેટિંગ પર ભારતના ધૈર્ય અમિત શ્રોફન, 1013ના રેટિંગ પર ઈરાનના સેમ રમેઝાની, 1310ના રેટિંગ પર સર્બિયાના એન્ડ્રેજ બ્રાજિક તથા 1369ના રેટિંગ પર ફ્રાન્સના લુકા પ્રોટોપોપેસ્કુનો સમાવેશ થાય છે.

ધૈર્યના પિતા અમિત શ્રોફે જણાવ્યું કે, કોરોનાની બીજી લહેર દરમિયાન લોકડાઉન વખતે ધૈર્યને આ રમતમાં રસ પડ્યો હતો. અમિત શ્રોફના કહેવા પ્રમાણે તેઓ જ્યારે ઓનલાઈન ચેસ રમતાં ત્યારે માત્ર 4 વર્ષનો ધૈર્ય તેમનું નિરીક્ષણ કરતો હતો અને ધીમે-ધીમે તેને પણ રમતમાં રસ જાગ્યો હતો. આ કારણે અમિત શ્રોફે તેને રમતના મૂવ્સ વિશે સમજાવ્યું હતું અને તે ખૂબ સરળતાથી સમજી પણ ગયો હતો.

IPL પ્લેઓફ માટે મોદી સ્ટેડિયમ સુસજ્જ

# 2 નિર્ણાયક મેચ માટે ખાસ પિચનું નિર્માણ શરૂ

### ફેન્સની 100% એન્ટ્રી માટે પણ તૈયારીનો આરંભ

ગુજરાત | વંદન



IPL 2022ની તમામ લીગ મેચ પૂર્ણ થઈ ગઈ છે તેવામાં હવે ક્વોલિફાયર-2 અને ફાઈનલ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. તેવામાં 27 અને 29 મે પહેલાં અત્યારથી જ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગ્રાઉન્ડની સાથે સ્ટેન્ડ્સ તથા ફેન્સના પ્રવેશ માટે ખાસ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અહીં લાઈટિંગથી લઈને બેનર્સ પણ લગાવાઈ ગયા છે.

IPL વિશ્વની સૌથી પ્રખ્યાત લીગ ટૂર્નામેન્ટમાંથી એક છે તેવામાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 2022ની સિઝનની ફાઈનલ અને ક્વોલિફાયર મેચ રમાવાની હોવાથી ગ્રાઉન્ડ સ્ટાફથી લઈ અન્ય સહાયક સ્ટાફ એક્ટિવ મોડમાં આવી ગયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અહીં રિંગ ઓફ ફાયર લાઈટિંગથી લઈ અન્ય સુવિધાની ચકાસણી હાથ ધરાઈ રહી છે. ફેન્સના મનોરંજન માટે અહીં સાઉન્ડ સિસ્ટમ અને ગેસ્ટ બોક્સના નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અહીં IPL 2022ની 2 નિર્ણાયક મેચ માટે પિચનું નિર્માણ શરૂ થઈ ગયું છે. તો બીજી બાજુ સ્ટેન્ડ્સની સીટોના સેનિટાઈઝિંગની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે.

# મહિલા બોક્સિંગની દુનિયાની નવી નાયિકા નિખત ઝરીન



ગુજરાત | વંદન

ભારતીય મહિલા બૉક્સર નિખત ઝરીને વિમેન્સ વર્લ્ડ બૉક્સિગં ચેમ્પિયનશિપમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો છે. 25 વર્ષીય નિખતે ફ્લાઈ વેટ કેટેગરી (52 કિ.ગ્રા.)ના ફાઈનલમાં થાઈલેન્ડની જુટામાસ જિતપોંગને હરાવી હતી. ભારતની યુવા બૉક્સરે આ બાઉટ 5-0થી એકતરફી અંદાજમાં પોતાના નામે કર્યો હતો. આ સાથે જ ભારતને મહિલા વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચાર વર્ષ બાદ ગોલ્ડ મેડલ મળ્યો છે. આ પહેલાં 2018માં એમ.સી.મેરિકોમ ચેમ્પિયન બની હતી.

ભારતે વિમેન્સ વર્લ્ડ બોક્સિચં ચેમ્પિયનશિપના ઈતિહાસમાં 10મો ગોલ્ડ મેડલ જીત્યો છે. 6 ગોલ્ડ મેડલ એકલા મેરિકોમે જીત્યા હતા. આ બન્ને ઉપરાંત દેશ માટે સરિતા દેવી, જેની આર.એલ. અને લેખા સીએ ગોલ્ડ મેડલ જીત્યો છે.ભારતે આ વખતે એક ગોલ્ડ અને બે બ્રોન્ઝ જીત્યા છે. અત્યાર સુધી રમાયેલી 12 ટૂર્નામેન્ટમાં ભારતને કુલ 10 ગોલ્ડ, 8 સિલ્વર અને 19 બ્રોન્ઝ મેડલ મળ્યા છે. 37 મેડલ સાથે ભારત આ ટૂર્નામેન્ટનો ત્રીજો સૌથી સફળ દેશ છે. રશિયાએ અત્યાર સુધીમાં સૌથી વધુ 60 અને ચીને 50 મેડલ જીત્યા છે. ભારતે આ ટૂર્નામેન્ટમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 2006માં કર્યું હતું જ્યારે દેશે ચાર ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સહિત આઠ મેડલ જીત્યા હતા. નિખતે બાઉટની શરૂઆત શાનદાર અંદાજમાં કરી પહેલો રાઉન્ડ 5-0ના અંતરથી પોતાના નામે કર્યો હતો. બીજા રાઉન્ડમાં થાઈ પહેલવાને વાપસી કરી અને 3-2થી જીત મેળવી હતી. નિખતે ત્રીજા રાઉન્ડમાં ફરીથી તાકાત બતાવીને જીત હાંસલ કરતાં બાઉટને ઓવરઓવલ 5-0ના અંતરથી જીતી લીધો હતો. અહીં 5-0નો મતલબ એ થાય કે તમામ પાંચ લાઈનમાં જજે નિખતને જ વિજેતા માની હતી.નિખત આખી ટૂર્નામેન્ટમાં શાનદાર ફોર્મમાં જોવા મળી હતી અને એ વાતનો પૂરાવો એ છે કે તેણે તમામ મુકાબલા 5-0થી એકતરફી જીત્યા છે. રાઉન્ડ ઑફ-32માં નિખતે મેક્સિકોની ફાતિમા હરેરાને હરાવી હતી. રાઉન્ડ ઑફ 16માં તેણે મંગોલિયાની હરિફને હરાવી હતી. રાઉન્ડ ઑફ-16માં તેણે મંગોલિયાની હરિફને મ્હાત કરી હતી. ક્વાર્ટર ફાઈનલમાં નિખતે ઈંગ્લેન્ડની ચાર્લી ડેવિસનને પરાજીત કરી હતી. આ પછી સેમિફાઈનલમાં બ્રાઝીલની કૈરાલિન ડી અલ્મેડા અને ફાઈનલમાં થાઈલેન્ડની જુટામાસ જિતપોંને હરાવીને ગોલ્ડ મેડલ દેશના નામે કર્યો છે.


ઉત્સુક્તા 1 લાખ પ્રશંસકો પહોંચશે અમદાવાદના સ્ટેડિયમમાં આવશે, સૌથી મોંઘી ટિકિટ 65 હજાર રૂપિયાની

# IPL ફાઇનલની ટિકિટો એક સપ્તાહ પહેલાં જ વેચાઇ ગઇ

ગુજરાત | વંદન

આઈપીએલ-2022ના ફાઈનલ મુકાબલાની પ્રશંસકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ મુકાબલો 29 મે ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. બીસીસીઆઈ તરફથી દર્શકોની ક્ષમતાને લઈને જે પ્રતિબંધ લગાવ્યા હતા તેને હટાવી દેવામાં આવ્યા છે. એટલે કે 1 લાખ પ્રશંસકો સ્ટેડિયમમાં મેચ જોવા પહોંચશે. આઈપીએલ-2022ની શરૂઆત 26 માર્ચે થઇ હતી. કોરોનાને જોતા બીસીસીઆઈએ લીગ રાઉન્ડની 70 મેચો મહારાષ્ટ્રના 4 સ્થળો પર કરાવવાનો નિર્ણય કર્યો હતો.

ટી-20 લીગના નોકઆઉટ મુકાબલા કોલકાતા અને અમદાવાદમાં રમાશે. ક્વોલિફાયર-1 અને એલિમિનેટર મુકાબલો 24 અને 25 મે ના રોજ કોલકાતાના ઈડન ગાર્ડન્સ પર રમાશે. જ્યારે 27 મે ના રોજ ક્વોલિફાયર-2 અને ફાઈનલ મુકાબલો અમદાવાદમાં રમાશે. ગત દિવસોમાં આ મેચની ટિકિટોનું વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચમાં હજુ થોડા દિવસોની વાર છે પણ ફાઈનલની ટિકિટ વેચાઈ ગઈ છે. બીસીસીઆઈના ઓફિશિયલ ટિકિટ પાર્ટનર બુકમાય શો પર ફાઈનલ મેચની ટિકિટ બુક કરવા જાવ તો તેના પર સોલ્ડ આઉટ લખેલું જોવા મળી રહ્યું છે. જોકે નોકઆઉટની અન્ય મેચોની ટિકિટ હજુ મળી રહી છે.




### સૌથી મોંઘી ટિકિટ 65 હજાર રૂપિયાની


આઈપીએલ ફાઈનલની સૌથી મોંઘી ટિકિટ 65 હજાર રૂપિયાની છે. જ્યારે સૌથી સસ્તી ટિકિટ 800 રૂપિયાની છે. કોરોનાના કારણે લોકો સ્ટેડિયમમાં મેચ જોવા માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. હવે જ્યારે બધા પ્રતિબંધો હટી ગયા છે ત્યારે ફાઈનલમાં મોટી સંખ્યામાં પ્રશંસકો હાજર રહેશે. બે વર્ષ પછી પ્રથમ વખત સ્ટેડિયમ પુરી ક્ષમતા સાથે ભરાશે. છેલ્લી બે સિઝનમાં કોરોના પ્રોટોકોલના કારણે મેચો પ્રશંસકો વગર કે ઓછા દર્શકોને જ સ્ટેડિયમમાં આવવાની મંજૂરી મળી હતી. હવે છૂટછાટ આપવામાં આવી છે.

### પાકિસ્તાન દ્વારા રૂપાળી લલનાઓને આગળ કરી ચાલી રહ્યું છે ષડયંત્ર

# હનીટ્રેપમાં સપડાયો સેનાનો જવાન, ગુપ્ત માહિતી લીક કરી

ગુજરાત | વંદન






રાજસ્થાનના જોધપુરમાં સેનાનો જવાન હની ટ્રેપમાં ફસાયાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પાકિસ્તાનની જાસુસી સંસ્થા ISIની મહિલા એજન્ટે અત્યારસુધીમાં 10 લોકોને ષડયંત્રમાં ફસાવ્યા છે. સૈનિકોને ફસાવતા પહેલા તેને ભાષા અને રીતરિવાજને લગતી તાલીમ આપવામાં આવી હતી. તે એક હિન્દુ મહિલા તરીકે કામ કરે છે. જેથી સેનાના જવાનો સરળતાથી તેની જાળમાં ફસાઈ જાય. તેને મારવાડી અને પંજાબી ભાષામાં બોલવા તાલીમ આપવામાં આવી હતી. જોધપુરમાં ફરજ પર રહેલા ગનર પ્રદીપ કુમાર સાથે પણ આવી ઘટના બની હતી. અત્યારે પ્રદીપ રિમાન્ડ પર છે.

તાજેતરમાં જોધપુરમાંથી હનીટ્રેપને લગતો મોટો ખુલાસો થયો છે. તેમા જાણવા મળ્યું છે કે પાકિસ્તાન આર્મીની મિલિટરી ઈન્ટેલિજન્સ ભારતીય સેનાના કર્મચારીઓ અને નવા અધિકારીઓને ફસાવવા માટે સિંધ હૈદરાબાદમાં ટંડો ઝાનિયા પાસે આર્મી કેન્ટથી એક મોડ્યુલ ચલાવી રહી છે. તેનું નામ હૈદરાબાદ મોડ્યુલ છે. આ મોડ્યુલમાં સ્થાનિક વેશ્યાઓ, ગરીબ છોકરીઓ, કોલેજની છોકરીઓને રાખવામાં આવી છે. તેમને પાકિસ્તાન ઈન્ટેલિજન્સ ઓપરેટિવ (PIO) દ્વારા ટ્રેનિંગ આપવામાં આવે છે. આ મહિલાઓ એટલી હોશિયાર હોય છે કે સ્થાનિક ભાષામાં વાત કરી હિંદુ દેવી-દેવતાઓની તસવીરો બતાવી પોતાને હિંદુ હોવાનું સાબિત કરે છે અને સૈનિકોને પોતાની ચુંગાલમાં ફસાવે છે. લગ્ન કરવાનો ડોળ પણ કરે છે. ત્યાર બાદ સેક્સટોર્નનો શિકાર બનાવે છે. અને પછી શરૂ થાય છે બ્લેકમેઈલિંગનો ખેલ. છેવટે સૈનિકોનું બ્લેકમેઈલિંગ કરી દેશ સાથે ગદ્દારી કરવા તેમને મજબૂર કરે છે.

જોધપુર સૈન્ય ક્ષેત્રમાંથી પાંચ દિવસ અગાઉ ધરપકડ કરાયેલ ગનર પ્રદીપ કુમાર પાકિસ્તાની મહિલા એજન્ટ રિયાની જાળમાં ફસાઈ સંપૂર્ણ માહિતી આપી હતી. ભારતીય સેનાની ગુપ્તચર માહિતી હાંસલ કરવા માટે પાકિસ્તાન સેનાની ઈન્ટલિજન્સ યુનિટ 412 સિંધના હૈદરાબાદથી હનીટ્રેપ મોડ્યુલ લોંચ ક્યું છે. આ મોડ્યુલના નિશાન પર રાજસ્થાન અને ગુજરાત બોર્ડરના સૈન્ય છાવણી પર કામ કરી રહેલા જવાન છે. આ માટે પાકિસ્તાનની મહિલા એજન્ટ્સ લગ્નની લાલચ આપી હિન્દુ દેવી-દેવતાઓની તસવીરો દેખાડી સેનાના જવાનોને પોતાની જાળમાં ફસાવે છે. જાળમાં ફસાવી તે ન્યૂડ કોલિંગથી જવાનનું રેકોર્ડિંગ કરી તે ગુપ્ચતર માહિતી કઢાવવા માટે બ્લેકમેઈલ કરે છે.

PIOPમાં તાલીમ બાદ આ છોકરીઓને હોટેલોમાં રૂમ બુક કરી મેકઅપ કિટ આપવામાં આવે છે. યુવતીઓને રિયા, પૂજા, અવની, અનિકા, હરલીન, મુસ્કાન જેવાં નામ આપી હિંદુ ઓળખ આપવામાં આવે છે. પ્રદીપને હનીટ્રેપમાં ફસાવનારી મિલિટરી નર્સિંગ સર્વિસની નર્સ બની રિયા અત્યારસુધીમાં 10 લોકોને ફસાવી ચૂકી છે.

એજન્ટ બનાવવામાં આવેલી આ યુવતીઓ પાકિસ્તાની સેનાના કેપ્ટન રેન્કના અધિકારીઓને આધીન કામ કરે છે. તે સોશિયલ મીડિયામાં ઓપન સોર્સ ઈન્ટેલિજન્સના માધ્યમથી સોશિયલ મીડિયા પર ભારતીય સેના, પોલીસ, રેલવે, BSF સાથે સંકળાયેલા લોકોની ઓળખ કરી તેમના ID આપે છે. હોટલના રૂમમાં નાનું મંદિર બનાવી શિવ પાર્વતી અથવા અન્ય દેવી-દેવતાઓના ફોટો લગાવી પૂજા ઘર બનાવે છે. ત્યાર બાદ સામાન્ય વીડિયો કોલ અને ત્યાર બાદ ન્યૂડ કોલ કરી બ્લેકમેઈલ કરે છે. મહિલા સામાન્ય રીતે સાડી અને સલવાર કુર્તી પહેરે છે અથવા નર્સિંગ સર્વિસનો યુનિફોર્મમાં જવાન સાથે મારવાડી અથવા પંજાબી ભાષામાં વાતચીત કરે છે.

કેટલીક છોકરીઓ તો ગુજરાતી ભાષામાં પણ વાત કરતી પકડાઈ ગઈ છે. તેમને સ્થાનિક ભાષા શીખવવામાં આવે છે. આ ઉપરાંત ભારતીય મોબાઈલ નંબર +91નો વ્હોટ્સઅપ બનાવવા માટે સામાન્ય નાગરિકો સાથે મિત્રતા કેળવે છે. OTP પ્રાપ્ત કરી લોકલ નંબરનો વ્હોટ્સઅપ શરૂ થઈ જાય છે. ન્યૂડ વિડિયો રેકોર્ડથી ગભરાઈ ગયેલા યુવકે મહિલા એજન્ટ સામે આત્મસમર્પણ કરી લેતા. ત્યાર બાદ તે સેનાના ગુપ્ત દસ્તાવેજો માગવા લાગે છે.

ગુપ્ત દસ્તાવેજો સામે ચુકવણી કરવા માટે ભારતમાં બિટકોઈનમાંથી સ્લીપર સેલમાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવે છે. સ્લીપર સેલ કેશ ડિપોઝિટ મશીનમાં રોકડ મૂકીને અથવા નકલી ID વડે બનાવેલ Paytm દ્વારા જવાનના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરે છે.

# ચૌટાલાને ફરી સજા થતાં ભાજપ-જેપીપીને ફાયદો

### રાજકારણમાં પાછા ફરવાની આશા પર પાણી ફળ્યું

ગુજરાત | વંદન



હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાને ભ્રષ્ટાચારના કેસમાં કોર્ટે દોષિત ઠેરવતાં ચૌટાલાની હરિયાણાના રાજકારણમાં પાછા ફરવાની આશા પર પાણી ફરી વળ્યું છે. આ ચુકાદાને ભાજપ-જેપીપી જોડાણ માટે ફાયદાકારક માનવામાં આવી રહ્યો છે. વિશ્લેષકોના મતે, ચૌટાલાને ફરી જેલભેગા કરીને ભાજપ-જેપીપી માટે રસ્તો સાફ કરી દેવાયો છે કેમ કે હરિયાણામાં કોંગ્રેસ ભાજપને ટક્કર આપી શકે તેવી સ્થિતીમાં નથી. ચૌટાલા જાટ સમાજના મોટા નેતા છે પણ હવે એ જેલભેગા થતાં જાટ સમાજ ભાજપના સાથી દુષ્યંત ચૌટાલા તરફ વળશે તેથી સરવાળે ગઠબંધનને ફાયદો થશે. ચૌટાલાને સજાની જાહેરાત ૨૬ મેએ કરવામાં આવશે. ચૌટાલા ૧૯૯૩થી ૨૦૦૬ વચ્ચે આવકથી વધુ ૬.૦૯ કરોડની સંપત્તિ ભેગી કરવા માટે દોષિત ઠર્યા છે. ચૌટાલાની ૩.૬૮ કરોડ રૂપિયાની સંપત્તિ ઈડીએ ૨૦૧૯માં જપ્ત કરી હતી.

ચૌટાલા ૨૦૧૩માં જેબીટી ભરતી કૌભાંડમાં પણ દોષિત સાબિત ઠરતાં પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ સાત વર્ષ અને ષડયંત્ર માટે દોષિત ઠરતાં ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ગયા વર્ષે ૨ જુલાઈમા જ સજા પૂરી કરી બહાર આવ્યા હતા.

### ગુજરાત અને હિમાચલમાં ફરીથી ભાજપ જીતશે : પ્રશાંત કિશોર

# પીકે બન્યાં જ્યોતિષ, કરી આગાહી: નહીં જીતે કોંગ્રેસ

ગુજરાત | વંદન



જાણીતા ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર હવે જન્મકુંડળી જોનાર જ્યોતિષની ભૂમિકામાં હોય તેમ તેમણે કોંગ્રેસની રાજકીય કુંડળી જોઈને જ્યોતિષની અદાથી આગાહી કરી છે કે, ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ હારી જશે. જો કે તેમણે તેના કોઈ ચોક્કસ કારણો દર્શાવ્યા નથી.

છેલ્લા કેટલાંક સમયથી કોંગ્રેસમાં જવું જવું કરવાર અને પીકેના હુલામણા નામથી જાણિતા પ્રશાંત કિશોર ક્યારેક કોંગ્રેસના વખાણ કરે છે, તો ક્યારેક નકારાત્મક વિચારો દર્શાવે છે. ટૂંક સમયમાં ગુજરાત અને હિમાચલની ચૂંટણીઓ યોજાવવાની છે. તેને લઈને પીકેએ આગાહી કરી છે કે, કોંગ્રેસ બન્ને રાજ્યોમાં જીતી નહીં શકે. તેમણી આ આગાહીમાં કોઈ દમ એટલા માટે નથી કેમકે ગુજરાત વડાપ્રધાન મોદીનું હોમસ્ટેટ છે. ગુજરાતમાં કોંગ્રેસ ન જીતે તેવા પ્રયાસો ભાજપ કરે છે. અને 1995થી આજ દિન સુધી કોંગ્રેસ જીતી શકી નથી. તેથી કોંગ્રેસ નહીં જીતે તેવી પીકેની આગાહી એક સામાન્ય જ કહી શકાય.

# ભારત સહિત 13 રાષ્ટ્રોનું નવું વ્યાપાર નેટવર્ક : બાઈડન

ગુજરાત | વંદન

રશિયા-યુક્રેન વચ્ચેના યુધ્ધ અને અનેકવિધ ભૌગોલિક ટેન્શન વચ્ચે અમેરિકાનાં વડા જો બાઈડને નવું એશિયા પેસીફીક વ્યાપાર નેટવર્ક સ્થાપવાની જાહેરાત કરી છે અને પ્રાથમિક તબક્કે ભારત-જાપાન સહિત વિશ્વનાં 13 રાષ્ટ્રો તેમાં સામેલ થશે. જોકે આ નવા નેટવર્કની અસરકારકતા સામે સવાલ ઉભા થવા લાગ્યા છે.


ક્વાડ સંમેનલમાં હાજરી આપવા ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનની મુલાકાતે ગયા છે. નવા ઈન્ડો પેસીફીક આર્થિક સંબંધો વિશે તેઓ અમેરિકી વડા જો બાઈડનને મળવાના છે. અમેરિકી પ્રમુખ જો બાઈડને ચીન તરફ નિશાન તાંકીને જણાવ્યું હતું કે તાઈવાનમાં શાંતિ અને અખંડીતતા માટે સમર્થન આપવા માટે અમેરિકા કટિબધ્ધ છે. આ માટે જાપાન અને અન્યોને સંપૂર્ણ સહયોગ આપશે. તેઓએ એવું પણ જાહેર કર્યું હતું કે અમેરિકા અને જાપાન અન્ય11 દેશો સાથે ઈન્ડો પેસીફીક ઈકોનોમીક નેટવર્ક સ્થાપશે. આર્થિક પડકારો અને આર્થિક સહયોગમાં સભ્ય દેશો અને સાથી રાષ્ટ્રો સાથે કામ કરશે. આરોગ્ય સુરક્ષા અને મજબૂત આરોગ્ય સિસ્ટમ પણ આ નેટવર્કના ભાગ હશે.

# સાંસદ અર્જુન સિંહ ભાજપ છોડીને ફરીથી તૃણમુલ કોંગ્રેસમાં જોડાયા

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળમાં ભાજપને વધુ એક આંચકો લાગ્યો છે. ભાજપ સાંસદ અર્જુન સિંહ આજે ફરીથી તૃણમુલ કોંગ્રેસમાં જોડાઇ ગયા છે. તેમણે પોતાના આ નિર્ણયને ઘરવાપસી તરીકે દર્શાવ્યો હતો. તૃણમુલ સાથેના તમામ મતભેદો દૂર કરી લેવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ ભાજપના ઉપ પ્રમુખ અર્જુન સિંહનું સ્વાગત તૃણમુલના જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જી દ્વારા દક્ષિણ કોલકાતા સ્થિત તેમની ઓફિસમાં કરવામાં આવ્યું હતું. અર્જુન સિંહ ૧૯૯૮થી તૃણમુલ કોંગ્રેસ સાથે જોડાયેલા હતાં. જો કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી અગાઉ તૃણમુલ સાથે કેટલાક મતભેદ સર્જાતા તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતાં.

# બંને વિશ્વ યુદ્ધ, મહામારીને જોનાર ધરતીનો સૌથી જૂનો જીવિત પ્રાણી જોનાથન કાચબો



ગુજરાત | વંદન

આ દુનિયામાં એક એવુ પ્રાણી હાલ પણ જીવિત છે, જે વિશ્વનું સૌથુ જુનુ જીવિત પ્રાણી છે. જેનુ નામ છે Jonathan (tortoise). જે એક કાચબો છે. આ કાચબાના નામે ગિનિસ વર્લ્ડ રેકોર્ડનું ટાઈટલ પણ છે. જાન્યુઆરી 2022માં આ કાચબાએ પોતાના નામે વધુ એક રેકોર્ડ કર્યો હતો. આ વર્ષે જોનાથન પોતાનો 190મો જન્મદિવસ ઉજવી રહ્યો છે.એટલે કે, હવે જોનાથન દુનિયાનો સૌથી ઉંમરલાયક, વૃદ્ધ કાચબો બની ગયો છે. આ પહેલાં કાચબા પહેલા આ રેકોર્ડ મલીલા કાચબાના નામે હતો. જી હા, આ કાચબાનો જન્મ 1832 માં થયો હતો, એટલે કે 2022 માં તે 190 વર્ષનો થઇ ગયો છે. તમને જાણીને નવાઈ લાગશે, કે જોનાથનના જન્મ બાદ જ દુનિયામાં નવી નવી શોધો થઇ છે, કોમ્પ્યુટર, કમર્શિયલ ફ્લાઇટ્સ,પ્રથમ સ્કાઇ સ્ક્રેપર(1885)મા બન્યુ, આઈફિલ ટાવર, દુનિયાની પ્રથમ હ્યુમન ફોટો લેવામાં આવી(1838),આવી ઘણી શોધો 1832 બાદ થઇ છે.

### જોનાથનની પસંદ



જોનાથનને સૌથી પત્તા ગોબી, ગાજર, કેળા, સફરજન, સલાડ પત્તા પસંદ છે. વધતી ઉંમરના કારણે જોનાથનને થોડુ ઓછુ દેખાય છે. સુંઘવાની શક્તિ પણ ઓછી થઇ ગઇ છે. 1930 માં સેંટ હેલેનાના ગવર્નર સ્પેંસર ડેવિસે જોનાથનને તેનુ નામ આપ્યુ હતુ. જોનાથને પોતાનુ મોટા ભાગનુ જીવન ગવર્નરના ઘરમાં વિતાવ્યુ હતુ.

# કોરોના: સાઉદી સરકારે નાગરિકોના 16 દેશોના પ્રવાસ પર પ્રતિબંધ મૂક્યો

ગુજરાત | વંદન

સાઉદી અરેબિયામાં કોવિડ-19ના કેસની સંખ્યામાં ફરી એક વખત ઉછાળો આવવાના કારણે સરકારે ભારત સહિત 16 દેશોની મુસાફરી પર પ્રતિબંધ જાહેર કર્યો છે. સાઉદી અરેબિયાના નાગરિકો માટે ભારત ઉપરાંત લેબનોન, સીરિયા, તુર્કી, ઈરાન, અફઘાનિસ્તાન, યમન, સોમાલિયા, ઈથિયોપિયા, કોંગો લોકતાંત્રિક ગણતંત્ર, લિબિયા, ઈન્ડોનેશિયા, વિયેતનામ, આર્મેનિયા, બેલારૂસનો પ્રવાસ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

ઉપરાંત સાઉદીના સ્વાસ્થ્ય મંત્રાલયે દેશમાં હજુ સુધી મંકીપોક્સનો એક પણ કેસ સામે ન આવ્યો હોવાની માહિતી આપી હતી. પ્રિવેન્ટિવ હેલ્થ માટેના નાયબ સ્વાસ્થ્ય મંત્રી અબ્દુલ્લા અસિરીએ જણાવ્યું કે, દેશ પાસે મંકીપોક્સના કેસની ઓળખ કરવા માટેની ક્ષમતા છે. જો કોઈ કેસ સામે આવશે તો સરકાર સંક્રમણનો સામનો કરવા માટે પણ તૈયાર છે. આ બધા વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) એ 11 દેશોમાં મંકીપોક્સના 80 કેસની પુષ્ટિ કરી છે અને જણાવ્યું કે, સંગઠન આ રોગના ફેલાવાની શક્યતાને વધુ સારી રીતે સમજવા માટે કામ કરી રહ્યું છે.

# કોરોનામાં દર 30 કલાકે 1 અબજપતિનું સર્જન

■ 3 કલાકે 1 લાખ ગરીબ બનશે

ગુજરાત | વંદન

કોવિડ મહામારીના કારણે વિશ્વમાં દર 30 કલાકે એક નવો અબજપતિ સર્જાયો હતો અને હવે એ જ ગતિએ 10 લાખ લોકો ગરીબી તરફ ધકેલાઈ શકે છે. ઓક્સફેમ દ્વારા સોમવારે દાવોસ સંમેલન દરમિયાન આ પ્રકારનું નિવેદન આપવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય ચેરિટી સંસ્થાએ જણાવ્યું કે, ઓછા ભાગ્યશાળી લોકોનું સમર્થન કરવા માટે ધનિકો પર ટેક્સ લગાવવા માટેનો સમય આવી ગયો છે. વૈશ્વિક કુલીન વર્ગ એટલે કે, સામાજીકરૂપે પ્રતિષ્ઠિત વર્ગ 2 વર્ષના કોવિડ કાળ બાદ વિશ્વ આર્થિક મંચ માટે એકત્રિત થયો છે.

### 24 વર્ષનો છોકરડો 135 વર્ષની કોંગ્રેસને છેતરી ગયો, આનંદીબેનની સરકારને ઉથલાવનારને આવકારાશે..?

# હાર્દિક પટેલ આંબાની ડાળ, પોપટ સરોવરની પાર

ગુજરાત | વંદન

અરરર..બિચારો હાર્દિક પટેલ..3 વર્ષથી કોંગ્રેસમાં રિબાતો હતો..પિડાતો હતો..અટવાતો હતો..મૂંઝાતો હતો..કરવુ ઘણું હતું પણ પ્રજા હિતમાં કોંગ્રેસના સિનિયર નેતાઓ આડા ઉભા રહી જતાં હતા..અને છેવટે 18,મે2022ના રોજ તે આઝાદ થયો. તેની સાથે એ જ દિવસે સુપ્રિમ કોર્ટે રાજીવ ગાંધીની હત્યામાં સાથ આપનાર એ.જી.પેરારીવલન નામના હત્યારાને જેલમાંથી કાયમ મુક્ત કરવાનો ઓર્ડર કર્યો. 31 વર્ષ જેલમાં રહ્યાં પછી કોર્ટે આજીવન કેદના હત્યારાને કહ્યું-જાઓ તમે મુક્ત છો...!પેરારીવલનની જેલમુક્તિનું કારણ જે હોય તે, પણ વાત હાર્દિકવલનની છે... બન્ને એક જ દિવસે મુક્ત થયાં. હત્યારો તો ચેન્નઈમાં પોતાના ઘરે પહોંચી ગયો પણ હાર્દિકનું રાજકીય સરનામુ હજુ જાહેર થયું નથી. મુકામ પોસ્ટ ક્યાં..? કમલમ કે ઝાડુવાળી પાર્ટીની બાટાની પાછળ આવેલી ઓફિસ..?

હાર્દિક પેરારીવલનની જેમ આઝાદ પંખી છે. પોપટ આંબાની ડાળ..પોપટ સરોવરની પાળ..પોપટ કાચી કેરી ખાય.. પોપટ પાકી કેરી ખાય...! હાર્દિક નામનો પોપટ કઇ ડાળીએ બેસશે અને કઇ કેરી ખાશે-કાચી કે પાકી એ જાહેર થશે. કેમ કે કોંગ્રેસમાંથી તે કાંઇ ઘરે બેસી રહેવા કે ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની...જેવુ ભજન ગાવા માટે રાજીવ ગાંધી ભવનના પગથિયા ઉતર્યો નથી. મનમાં વિચાર્યુ તો હશે જ અને મિડિયાને આમંત્રણ પણ મળશે- કાં કમલમમાંથી કાં ઝાડુવાળી પાર્ટીમાંથી કે, સવિનય જણાવવાનું કે હાર્દક અમારે ત્યાં આવી રહ્યો છે...કવરેજ માટે પધારશો.

હાર્દિકે વહેલામાં વહેલી તકે કોઈપણ પાર્ટીમાં જોડાઇ જવુ પડે કેમ કે તે પાટીદાર માટે અનામતની માંગણીનું આંદોલન ચલાવીને રાજકારણમાં



પાટીદાર નેતા “ઝાડુ” પકડે તો કાંઇ મેળ ખાય, જાખડને 50 વર્ષે, હાર્દિકને 3 વર્ષે “બ્રહ્મજ્ઞાન” લાધ્યું..

પ્રવેશ્યો હોવાથી તેણે રીઢા રાજકારણીની જેમ હવે ગુજરાતના રાજકારણામાં અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં જ હરવાનું ને ફરવાનું છે. કાં પોતાની અલગ પાર્ટી બનાવીને નાનીમોટી ચૂંટણીઓ લડ્યા કરવાની. પણ હાર્દિકને સંઘરશે કોણ..?

ભાજપમાં તો હાર્દિક કમલમના પગથિયા ચઢે તે પહેલાં તેનો વિરોધ શરૂ થઇ ગયો છે. વિરોધ એ છે કે 2015માં ભાજપના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સરકારને ઉથલાવનારને કઇ રીતે ભાજપ ખોળે બેસાડશે...આનંદીબેનને ઝુકાવવાનો પ્રયાસ કરનાર અને ભાજપ સરકારની સામે લડનાર..14 પાટીદારો પોલીસ ગોળીબારમાં જેમના આંદોલનમાં ભોગ બન્યા એ હાર્દિકને ભાજપ લેશે તો પક્ષની અંદર ગરબડઝાલા થઇ શકે.

હાર્દિક કેજરીવાલનો ઝાડુ પકડશે તો આપ પાર્ટીમાં ગુજરાતમાં મોટુ માથુ ગણાશે. મોટો હોદ્દો પણ મળી શકે અને કોંગ્રેસ કરતાં વધારે બેઠકો આવે તો આપ પાર્ટીના વિપક્ષના નેતા પણ બની શકે. ભાજપમાં તે કાંઇ સીએમ બની શકે તેમ નથી પણ આપ પાર્ટીમાં (અને હવે તેની પાસે ભાજપ કે આપ પાર્ટી સિવાય બીજો કોઇ વિકલ્પ જ ક્યાં છે..) જોડાઇને વિધાનસભાની અંદર તો પહોંચી શકે તેમ છે...! હાર્દિક એપિસોડ બાદ ગુજરાત કોંગ્રેસમાં સન્નાટો હશે અને ઘણાં સિનિય નેતાઓ ચા પીતાં પીતાં કહી રહ્યાં હશે કે એક 24-25 વર્ષનો છોકરડો 135 વર્ષ જુની કોંગ્રેસને છેતરી ગયો...! ગુજરાતમાં કોંગ્રેસના નશીબમાં છેતરાવવાનું જ લખ્યું છે. 2017માં 14 ધારાસભ્યો એક પછી એક છેતરી ગયા...તાજેતરમાં એક પછી એક મળીને 8 કરતાં વધારે ધારાસભ્યો એક પછી એક છેતરી ગયા...આગેવાનો છોતરી ગયા...રાષ્ટ્રીય સ્તરે પંજાબમાં 50 વર્ષથી કોંગ્રેસમાં રહેનાર સુનીલ જાખડ નામના નેતા ભાજપમાં જોડાઇ ગયા...!

50 વર્ષ એટલે અડધી સદી સુધી પાર્ટીમાં રહેનાર જો છેતરી જાય તો હાર્દિક તો 3 વર્ષ રહ્યો અને તેને 3 વર્ષમાં જ બ્રહ્મજ્ઞાન લાધ્યું કે પંજામાં દમ નથી..નેતાઓમાં દમ નથી..હું કાંઇ કમ નથી...રાહુલ ગુજરાત આવે એટલે નેતાઓ રાહુલ કઇ ચીકન સેન્ડવીચ ખાશે તેની ચિંતા કર્યા કરે..એવો એક મુદ્દો પણ હાર્દિકે કદાજ ઈરાદાપૂર્વક મૂકીને જાહેર કર્યુ અને મેસેજ પણ આપ્યો કે ગુજરાતમાં ચૂંટણીઓ વખતે મંદિર મંદિર ફરનાર રાહુલ તો માંસાહારી છે..ચીકન સેન્ડવીચ ખાય છે..!? કોઇ કોંગ્રેસી હાર્દિકને એવો સવાલ પણ કરી શકે કે ભાઇ તે વખતે તું શું ખાઈ રહ્યો હતો..!?

ગુજરાત કોંગ્રેસમાંથી હવે કોઇ નેતા પક્ષ નહીં છોડે એમ જો કોઈ શરત મૂકે તો હારી જાય.. કેમ કે ખુદ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર પણ કહી શકે તેમ નથી કે હવે પછી રાજીવ ગાંધી ભવનના પગથિયા કોણ ઉતરી જશે..તેઓ તો કહે છે જ કે દરવાજા ખુલ્લા છે જેને જવુ હોય વો જા શકતા હૈ..જેમને આવવુ હોય વો આ શકતા હૈ... જાનેવાલા બેઈમાન..આનેવાલા ઈમાનદાર... પણ કોંગ્રેસમાં આવશે કોણ...? કેબીસીનો એક કરોડનો સવાલ....! એક કરોડ કે સવાલ કે ઓપ્શન ખુદ તય કરે...



# હવે હોલિવૂડમાં પોતાનો જલવો દેખાડશે આલિયા

બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ બોલિવૂડમાં પોતાનો જલવો લહેરાવ્યા બાદ હવે હોલિવૂડમાં પણ પોતાની એક્ટિંગની કુશળતા અજમાવવા જઈ રહી છે. જ્યારે આલિયાના ચાહકોને સમાચાર મળ્યા કે હસીનાને હોલિવૂડ પ્રોજેક્ટ મળ્યો છે, ત્યારે તેમની ખુશીનો કોઈ પાર ન રહ્યો. હવે અભિનેત્રીએ પોતે પુષ્ટિ કરી છે કે તે તેના હોલિવૂડ પ્રોજેક્ટ માટે જઈ રહી છે. આલિયા ભટ્ટે તાજેતરમાં તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેણે પોતાની એક સેલ્ફી શેર કરી છે. આ ફોટો શેર કરતી વખતે અભિનેત્રીએ લખ્યું છે કે હું મારી પહેલી હોલિવૂડ ફિલ્મનું શૂટિંગ કરવા જઈ રહી છું. મને લાગે છે કે હું ફરી નવોદિત બની ગઈ છું. હું ખૂબ જ નર્વસ છું. આલિયાની આ પોસ્ટ પર લોકો તેને કોમેન્ટ કરીને અભિનંદન આપી રહ્યા છે.

આલિયા ભટ્ટ આજકાલ ઘણી ચર્ચામાં છે. ગયા મહિને અભિનેત્રીએ બોલિવૂડના હેન્ડસમ હંક રણબીર કપૂર સાથે લગ્ન કર્યા. અભિનેત્રીએ લગ્નના થોડા દિવસો બાદ જ કામ કરવાનું શરૂ કરી દીધું હતું. તેણે રોકી અને રાનીની લવ સ્ટોરી શૂટ કરી છે અને હવે તે તેની હોલિવૂડ ડેબ્યુ ફિલ્મ માટે વિદેશ ગઈ છે. બીજી તરફ રણબીર કપૂર પણ તેની ફિલ્મ 'એનિમલ'ના શૂટિંગમાં વ્યસ્ત છે. લગ્નની વાત આવે ત્યારે બંનેએ પોતાના કામને મહત્વ આપવું વધુ સારું માન્યું.

રણબીર અને આલિયા ટૂંક સમયમાં અયાન મુખર્જીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં જોવા મળશે. આ પહેલીવાર છે જ્યારે બંને એકસાથે સ્ક્રીન શેર કરતા જોવા મળશે. આ સિવાય અભિનેત્રી રણવીર સિંહ સાથે 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં પણ જોવા મળશે. આલિયા ભટ્ટ તેના પ્રોડક્શન હાઉસની ફિલ્મ 'ડાર્લિંગ'માં પણ પોતાની એક્ટિંગ સ્કિલ બતાવશે.



# તબુ : પશ્ચિમના ફિલ્મોદ્યોગમાં ભારતીય કલાકારોનો ગજ વાગે છે

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને પદ્મશ્રી જેવું સન્માન મેળવનાર કોઈપણ કલાકાર કોઇ ઓળખનો મોહતાજ ન હોય. તબુ પણ આવા કલાકારોમાંની એક છે. મેઈન સ્ટ્રીમ અને પેરેલલ, બંને પ્રકારના સિનેમામાં પોતાના અભિનયના ઓજસ પાથરનારી આ અદાકારાએ કેટલાંક અમેરિકી પ્રોજેક્ટ્સમાં પણ કાબિલે તારીફ કામ કર્યું છે. આવી ફિલ્મોમાં મીરા નાયરની 'નેમસેક'(૨૦૦૬), એન્ગ લીની 'લાઈફ ઓફ પાઈ'(૨૦૧૨)નો સમાવેશ થાય છે. જોકે છેલ્લા ઘણાં સમયથી તેણે કોઇ વિદેશી મૂવી હાથ નથી ધરી. પરંતુ હમણાં તેની પાંચ ફિલ્મો નિર્માણાધીન છે.

તબુ કહે છે કે હમણાં મારા હાથમાં એટલુ બધું કામ છે કે હાલના તબક્કે જો મને કોઈ પ્રોજેક્ટ મળે તો હું તેને માટે તારીખો ફાળવી શકું તેમ નથી. જોકે તે કોઈપણ વિદેશી ઓફર જતી કરવા નથી માગતી. તે કહે છે કે જો મને પશ્ચિમમાંથી કોઈ ઓફર આવશે તો હું ચોક્કસપણે તેના ઉપર વિચાર કરીશ.

અદાકારાએ સાઉથ,બોલીવૂડ અને હોલીવૂડ જેવી વિવિધ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કર્યું હોવાથી તેમાં આવેલા બદલાવ વિશે પણ સારી રીતે વાકેફ છે. તે કહે છે કે હોલીવૂડમાં ભારતીય કલાકારોએ સારો એવો પગપેસારો કર્યો છે. અલબત્ત, તેમના કૌશલ્યને પગલે તેમને વધુને વધુ કામ મળી રહ્યું છે અને બદલાતા સમય સાથે વિશ્વભરના સિનેમા ઉદ્યોગો ખુલ્લા દિલે બહારના કલાકારોનું સ્વાગત કરી રહ્યાં છે. આ સિલસિલાનો આરંભ થયો ત્યાં જ કોરોના મહામારી આવી અને દુનિયાભરના અન્ય ઉદ્યોગોની જેમ જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઓને પણ તેનો ફટકો પડયો. તે વધુમાં કહે છે કે હું આશા રાખું છું કે બધું અગાઉની જેમ થઈ જાય. વિશ્વના વિવિધ ફિલ્મોદ્યોગો પરસ્પર સહયોગ સાધીને કામ કરે. હું સર્વત્ર ભારતીય ફિલ્મો અને કિરદારો વિશે વાત કરતી રહું છું.

તબુને એ વાતની ખુશી છે કે હવે વિશ્વભરના મનોરંજન જગતમાં મહિલાઓને હવે ઘણું મહત્વ આપવામાં આવે છે. ખાસ કરીને તેમના ભાગે પુષ્કળ રસપ્રદ પાત્રો આવી રહ્યાં છે. ચાહે તે ઓટીટી હોય કે ટચૂકડો પડદો, મહિલાઓને મહત્વની અને જટિલ કહી શકાય એવી ભૂમિકાઓ ભજવવા મળી રહી છે. આવો ટ્રેન્ડ ૨૦ વર્ષ પહેલાં પણ શરૂ થયો હતો. તે વખતે પણ અભિનેત્રીઓના ભાગે ઘણી સારી ભૂમિકાઓ આવતી.

# અમિતાભ બચ્ચન પહેલીવાર ગુજરાતી ફિલ્મમાં જોવા મળશે



ગુજરાતી સિનેમા પ્રેમીઓ આશ્ચર્યચકિત છે કારણ કે તેઓ ટૂંક સમયમાં જ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને આગામી ગુજરાતી કોમેડી ફિલ્મ 'ફક્ત મહિલા માટે' માં ગુજરાતી ભૂમિકામાં જોવા મળવાના છે. બિગ બી ઉપરાંત આ ફિલ્મમાં ગુજરાતી સુપરસ્ટાર યશ સોની અને દીક્ષા જોશી પણ જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન જય બોદાસ દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું મુખ્ય આકર્ષણ બીજું કોઈ નહીં પણ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનો કેમિયો હશે. આ ફિલ્મમાં દિક્ષા જોષી, યશ સોની, ભાવીની જાની અને પ્રશાંત બારોટ જેવાં કલાકારો છે. ફિલ્મનાં કલાકારો દ્વારા અમિતાભ બચ્ચન સાથે તસવીર તેમનાં ઈન્સ્ટાગ્રામ પેજ પર શેર કરવામાં આવી છે.


બોલીવુડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન લગભગ 175 હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યા બાદ ગુજરાતી સિનેમામાં પદાર્પણ કરવા માટે તૈયાર છે. અહેવાલ મુજબ, તે 'ફક્ત મહિલા માટે' ફિલ્મમાં એક ગુજરાતી વ્યક્તિની ભૂમિકા ભજવતા જોવા મળશે. તેમની તાજેતરની વાતચીત દરમિયાન આનંદ પંડિતે તે સમયને યાદ કર્યો, જ્યારે તેમણે તેમની સ્ક્રિપ્ટ સાથે સુપરસ્ટારનો સંપર્ક કર્યો, જેના પર બિગ બીએ 'તત્કાલ' હા પાડી.

## આનંદ પંડિતે કર્યો ખુલાસો

આનંદ પંડિતના જણાવ્યા અનુસાર, અમિતાભ બચ્ચન તેમના પ્રિય મિત્ર છે અને જ્યારે તેમણે સુપરસ્ટારને પૂછ્યું કે શું તેઓ તેમની મહિલા-કેન્દ્રિત ફિલ્મમાં ભૂમિકા ભજવશે, તો બિગ બીએ તરત જ તેમને હા પાડી. ANI દ્વારા અહેવાલ મુજબ, આનંદ પંડિતે જણાવ્યું, "મારા માટે વર્ષોથી મારા મિત્ર અને માર્ગદર્શક એવા અમિત જી વિના કોઈપણ પ્રોજેક્ટની કલ્પના કરવી મારા માટે મુશ્કેલ છે. તે જ ક્ષણે મેં તેમણે પુછ્યું કે શું તે 'ફકટ'માં એક ભૂમિકા ભજવશે. તેમણે સ્ક્રિપ્ટ સાંભળવા કે એવું પણ જાણવા માટે કહ્યું નથી કે નિર્દેશક કોણ છે અને સેટ પર કોણ આવશે. આ પહેલીવાર છે જ્યારે અમિત જી કોઈ ગુજરાતી ફિલ્મમાં ગુજરાતીની ભૂમિકા ભજવી રહ્યા છે.

# બાબુમોશાયનું કમબેક :

## સુપરહિટ ફિલ્મ આનંદની રિમેક બનશે




વર્ષ 1971માં રિલીઝ થયેલી બોલિવૂડ ફિલ્મ આનંદ ફરી એકવાર દર્શકોને મનોરંજન આપવા માટે આવી રહી છે. મળતી માહિતી મુજબ હિન્દી સિનેમાના પીઢ અભિનેતા રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન સ્ટારર આનંદ ફિલ્મની રિમેક બનશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ ફિલ્મ સ્ક્રીપ્ટિંગ લેવલ પર છે. પરંતુ હજુ સુધી ફિલ્મમાં ડાયરેક્ટર કોણ છે તે વાતની પુષ્ટિ કરવામાં આવી નહીં. સમીર રાજ સિપ્પિ અને વિક્રમ ખાખર દ્વારા નિર્મિત આ ફિલ્મ વિશેની અન્ય માહિતી અંડરરૈપ છે. 1971માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતાં.




# ડાન્સ દિવાને જુનિયરને રિપ્લેસ કરશે રોહિત શેટ્ટીનો શો

એડવેન્ચર બેસ્ટ રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'ની 12મી સિઝન શરૂ થવાની છે. ખતરોં કે ખેલાડી શોની અગાઉની દરેક સીઝન પણ ઘણી લોકપ્રિય નીવડી છે. નવી સીઝનમાં શું નવું હશે તથા કોણ ભાગ લેશે વગેરે સવાલો ચર્ચાઇ રહ્યા હતા. છેલ્લા કેટલાક દિવસથી તેના કોન્ટેન્ટને લઈને જુદી જુદી અટકળો પણ લગાવવામાં આવી રહી હતી, પણ હવે ફાઈનલ લિસ્ટ આવી ગયું છે. આ વર્ષે પણ આ શો રોહિત શેટ્ટી જ હોસ્ટ કરવાના છે. બીજું કે, આ શો ડાન્સ દિવાને જુનિયરને રિપ્લેસ કરશે. તેમાં રહેલા સેલિબ્રિટીનું લિસ્ટ આ પ્રમાણે છે. શિવાંગી જોશી, રુબીના દિલક, ફૈજુ ઉર્ફે ફૈઝલ શેખ, શ્રીતિ ઝા, મોહિત મલિક, રાજીવ અદલીયા, તુષાર કાલિયા, ચેતના પાંડે, એરિકા પૈકર્ડ, કનિકા માન, પ્રતિક સહજપાલ, નિશાંત ભટ્ટ, અનેરી વજની જેવા કલાકારોએ આ શો માટે હા પાડી દીધી છે. શુટીંગ સાઉથ આફ્રિકામાં થવાનું છે.

# સની દેઓલના પુત્ર અને પૂનમ ધિલ્લોનની પુત્રીની જોડી બનશે

સની દેઓલનો પુત્ર રાજવીર અને પૂનમ ધિલ્લોનની પુત્રી પલોમા રાજશ્રી પ્રોડકશનની ફિલ્મમાં જોવા મળવાના છે. આ ફિલ્મ નિર્માતા સૂરજ બડજાત્યાના પુત્ર અવનીશ એસ બડજાક્યાના દિગ્દર્શનમાં બની રહી છે. આમે બે સ્ટારના કિડઝ એક્ટિંગમાં અને એક સફળ દિગ્દર્શકનો પુત્ર ડિરેક્શનમાં પોતાના પરિવારનો વારસો આગળ વધારશે.

બોલિવુડ પર સગાંવાદના આરોપો હંમેશા લાગતા રહ્યા છે પરંતુ, તેનાથી બોલિવુડ સ્ટાર્સને કોઈ ફરક પડયો નથી. તેઓ પોતાના સંતાનોને ફિલ્મોમાં પ્રમોટ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે.

પુનમ ધિલ્લોને તાજેતરમાં પોતાની દીકરી પલોમાના કેટલાક ફોટા શેર કર્યા હતા અને રાજશ્રીના બેનરથી લોન્ચ થવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. સંખ્યાબંધ બોલિવુડ સેલેબ્સએ પૂનમને અભિનંદન પાઠવ્યાં હતાં.

રાજશ્રી પ્રોડક્શન દ્વારા પણ આ જોડીને લોન્ચ કરવાની સત્તાવાર ઘોષણા કરવામાં આવી છે. ફિલ્મના દિગ્દર્શક અવનીશે જણાવ્યુ ંહતુ કે, પલોમા એક બહેતરીન કલાકાર છે. સ્ક્રીન પર તેની જબરદસ્ત પ્રેઝન્સ છે. તે મારી ફિલ્મના પાત્ર માટે પરફેક્ટ છે. પલોમા અને રાજવીરની જોડીની કેમેસ્ટ્રી રૂપેરી પડદે જામી રહી છે.




# નોરા ફતેહીને રિતિક રોશન પર હતો ક્રશ

નોરા ફતેહી પર આજે લાખો લોકો ફિદા છે પરંતુ શું તમે જાણો છો કે નોરાને બાળપણથી જ કયા બોલિવૂડ એક્ટર પર ક્રશ હતો? અભિનેત્રીએ પોતે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. નોરા ફતેહી આજે ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ છે. તેણે પોતાના ટેલેન્ટથી બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. પરંતુ નોરા બાળપણથી જ બોલિવૂડની દિવાની છે. જી હા.. એક ઈન્ટરવ્યુમાં નોરાએ કહ્યું હતું કે તેને બાળપણથી જ બોલિવૂડ પસંદ છે અને બાળપણમાં તેનો ક્રશ રિતિક રોશન હતો. નોરા ફતેહીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે બાળપણમાં રિતિક રોશન તેનો ક્રશ હતો. તે તેની ફેન હતી. ખાસ કરીને તેનો ડાન્સ. ત્યાં જ નોરા હજી પણ ઈચ્છે છે કે તેણે હૃતિક રોશન સાથે કામ કરવું જોઈએ પરંતુ હજી સુધી તેને આ તક મળી નથી. આજે સ્થિતિ એવી છે કે બોલિવૂડ નોરા ફતેહીનું ફેન બની ગયું છે. 2018માં દિલબર સોંગ રિલીઝ થયા બાદ નોરા ફતેહીએ ક્યારેય પાછળ વળીને જોવું પડ્યું નથી. તે સતત કામ કરી રહી છે. અને ઈન્ડસ્ટ્રીમાં શ્રેષ્ઠ ડાન્સર તરીકે પોતાની ઓળખ બનાવી છે.

ડાન્સર તરીકે પોતાની ઓળખ બનાવ્યા બાદ નોરા ફતેહીએ હવે એક્ટિંગમાં પણ હાથ અજમાવવાનું શરૂ કરી દીધું છે. પહેલા તે સલમાન ખાનની ફિલ્મ ભારતમાં સુનીલ ગ્રોવર સાથે જોવા મળી. તે પછી તે અજય દેવગનની ભુજમાં એક્શન સીન કરતી જોવા મળી હતી.





# પૂજા હેગડેનો ડીપ નેક ઑઉટફિટ બૉલ્ડ સ્વેગ

## કાર્પેટ પર જોવા મળ્યો બ્યૂટીફૂલ અંદાજ

બૉલીવુડ અને સાઉથ એક્ટ્રેસ પૂજા હેગડે છેલ્લા કેટલાય સયમથી પોતાની અપકમિંગ ફિલ્મ કભી ઈદ કભી દિવાલીને લઈને ખુબ ચર્ચામાં છે. આ બધાની વચ્ચે હવે પૂજા હેગડેએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર પણ પોતાનો જલવો બિખેર્યો છે.

પૂજા હેગડેનો કાન્સના રેડ કાર્પેટ પર એકદમ સુંદર અંદાજ જોવા મળ્યો, જેને જોઈને ફેન્સ તેની પ્રસંશા કરતા નથી થાકી રહ્યાં. હવે તાજેતરમાં જ પૂજા હેગડેએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે, પૂજા હેગડે લેટેસ્ટ તસવીરોએ સોશ્યલ મીડિયા પર ધુમ મચાવી હતી. તસવીરોમાં પૂજા હેગડે વ્હાઈટ ઓફ શૉલ્ડર ડીપ નેક ગાઉન પહેરીને દેખાઈ રહી છે, જેમાં તે ખુબજ ગ્લેમરસ લાગી રહી છે. ઉલ્લેખનીય છે કે, એક્ટ્રેસ પૂજા હેગડે કભી ઈદ કભી દિવાલી ફિલ્માં બૉલીવુડના સુપરસ્ટાર એક્ટર સલમાન ખાન સાથે દેખાશે.

## PI, PSI મલાઈદાર પોસ્ટિંગ લેવા માટે ધ્રુમિલ પટેલનો જ સંપર્ક કરતા હોવાની ચાલતી હતી ચર્ચા

# આક્ષેપોના પગલે સીએમના અંગત સચિવને દુર કરાયા

### ધ્રુમિલ પટેલની પ્રવૃત્તિઓ પર દિલ્હીની હતી નજર, અંતે રવાના કરી દેવાયા

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પર્સનલ આસિસ્ટન્ટ ધ્રુમિલ પટેલની તાત્કાલિક અસરથી હકાલપટ્ટી કરવામાં આવી છે. તેમના પર ભ્રષ્ટાચારના કેટલાક ગંભીર કહી શકાય તેવા આક્ષેપ થતાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ધ્રુમિલ પટેલ વિરુદ્ધ છેલ્લા એક મહિનાથી તપાસ ચાલતી હતી. આ તપાસની સૂચના સીધી પીએમ ઓફિસથી આપવામાં આવી હતી. ધ્રુમિલ પટેલ પર પોલીસ ઈન્સ્પેક્ટરો પાસેથી તેમની પસંદગીની જગ્યાએ પોસ્ટિંગ લેવા માટે વહીવટ કરાયાનો આક્ષેપ છે, આ સિવાય બિલ્ડરોની ફાઈલો ક્લિયર કરવા માટે પણ તેમણે કથિત રીતે રુપિયાની લેતી-દેતી કરી હોવાની ચર્ચા છે.

ભૂપેન્દ્ર પટેલ 2017માં પહેલીવાર ઘાટલોડિયાથી ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા ત્યારથી ધ્રુમિલ પટેલ તેમની સાથે કામ કરી રહ્યો છે. કોલેજના દિવસોમાં તે NSUIના સક્રિય કાર્યકર્તા હતા, પરંતુ પાછળથી તે ભાજપમાં જોડાઈ ગયા હતા. ભૂપેન્દ્ર પટેલ અગાઉ તે પૂર્વ સીએમ આનંદીબેન પટેલની પાર્ટી ઓફિસમાં પણ કામ કરી ચૂક્યા છે. પોલીસ અધિકારીઓમાં થતી ચર્ચા મુજબ ધ્રુમિલ પટેલની પીઆઈ અને પીએસઆઈની ટ્રાન્સફર અને પોસ્ટિંગમાં દખલગીરી રહેતી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર તાજેતરમાં એક પીઆઈની IPSના રીડર તરીકે નિમણૂંક થઈ હતી. એવી ચર્ચા છે કે ધ્રુમિલે સિનિયર પોલીસ અધિકારીને ફોન કરી આ પીઆઈની ટ્રાન્સફર કરવા માટે કહ્યું હતું. એટલું જ નહીં, પોલીસ ઈન્સ્પેક્ટરો મલાઈદાર પોસ્ટિંગ માટે ધ્રુમિલનો જ સંપર્ક કરતા હતા.

હાલમાં જ 17 જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની ટ્રાન્સફરનો ઓર્ડર આવ્યો હતો. એવું મનાઈ રહ્યું છે કે ધ્રુમિલે વરિષ્ઠ અધિકારીને ફોન કરીને કેટલીક ટ્રાન્સફર રદ કરવા માટે કહ્યું હતું. થોડા દિવસ પહેલા જ ધ્રુમિલે પોતાના જોડિયા દીકરાના બર્થડે પર જોરદાર પાર્ટી આપી હતી. આ ભપકાદાર પાર્ટીમાં કેટલાક અમલદારો, રાજકારણીઓ તેમજ મોટા વેપારીઓએ પણ હાજરી આપી હતી. આ જ મામલે સ્થાનિક અખબાર નવગુજરાત સમય જણાવે છે કે, ધ્રુમિલ પટેલને હટાવાયા બાદ તેમની કામગીરી સીએમ ઓફિસના OSD પ્રણવ પારેખને સોંપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, સીએમના પીએને ગેરરીતિના આક્ષેપો બાદ તાત્કાલિક અસરથી હટાવાયા હોય તેવી કદાચ આ પહેલી ઘટના છે, જેની સચિવાલયમાં જોરદાર ચર્ચા થઈ રહી છે, એટલું જ નહીં તેનાથી મંત્રીઓના શ્વાસ પણ અદ્ધર થઈ ગયા છે.

## ગુજરાતની ધરતી, મોદી સ્ટેડિયમ, ગુજરાત ટાઇટન્સ અને જય જય ગરવી ગુજરાત...




ક્રિકેટ ક્ષેત્રે ધૂમ મચાવનાર આઈપીએલની 15મી સિઝનની ફાઈનલ અમદાવાદમાં યોજાશે. સાબરમતીના કિનારે આવેલ મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર ફાઈનલ મેચની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વીવીઆઈપી આવવાના હોવાથી પોલીસ બંદોબસ્ત ગોઠવાઈ રહ્યો છે. આમ તો આઈપીએલની બધી મેચો મુંબઈ અને પુણે ખાતે યોજાઇ પણ સેમી ફાઈનલ અને ફાઈનલ તો મોદી સ્ટેડિયમ પર જ યોજવાનું નક્કી કરાયું છે. જેમાં ફાઈનલમાં એક ટીમ ગુજરાત ટાઈટન્સ છે, એટલે ગુજરાતની ધરતી, મોદી સ્ટેડિયમ, ગુજરાત ટાઈટન્સ અને જય જય ગરવી ગુજરાત...સૌથી મોટો સવાલ કોણ જીતશે...? (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

## અમદાવાદના મેયરના નામે મ્યુનિ. અધિકારી ગ્રુપમાં અભદ્ર મેસેજ મોકલાતા ફરિયાદ

**મેયર તરફથી આર્થિક વ્યવહાર ન કરવાની અપીલ સાથે સાયબર સેલમાં ફરિયાદ કરાઈ**

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના મેયરના નામે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીગ્રુપમાં અભદ્ર મેસેજ મોકલવાની ઘટના બનતા મેયર તરફથીઆ પ્રકારના મેસેજને લઈ આર્થિક વ્યવહાર ન કરવાની અપીલ સાથે સાયબર સેલમાં આ મેસેજ સંદર્ભમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.થોડા સમય પહેલા મેયરના નામે ટવીટર એકાઉન્ટ હેન્ડલ કરાતુ હોવા અંગેનો વિવાદ થયો હતો.

મેયર કિરીટ પરમારના નામે મંગળવારે ૦૯૧-૭૫૭૯૩૨૩૪૮૨ નંબર ઉપરથી મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓના બનાવવામાં આવેલા વોટસએપ ગુરૂપમાં મેયરની ગરીમાને અનુરુપ ના હોય એવી ભાષામાં મેસેજ કરવામાં આવતા વહીવટીતંત્ર અને ચૂંટાયેલીપાંખમાં સન્નાટો છવાઈ ગયો હતો.દિવસ દરમ્યાન આ પ્રકારનો મેસેજ કોના દ્વારા મોકલવામાં આવ્યો એ બાબતની ચર્ચાની વચ્ચે મેયર તરફથી એવી સ્પષ્ટતા કરાઈ હતી કે,આ પ્રકારનો મેસેજ મેયર દ્વારા કરવામાં આવ્યો નથી.જે નંબરથી આ મેસેજ કરવામાં આવ્યો હતો એ નંબર સાથે પણ મેયર સંકળાયેલા નથી.

...અનુસંધાન પેજ નં. 6 પર

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### મી પંજાબી મુંડા.. સાડે નાળ રહોંગે તો એશ ભી નહીં..કેશ..ભી નહીં...! બિચ્ચારા સિંગલા..કૂટાઇ ગયા..




**ગુજરાતમાં** જે પાર્ટી સત્તાના સપના જુવે છે એ આપ પાર્ટીના પંજાબના સીએમ ભગવંત માન લાગે છે કે હજુ રાજકિય રીતે પરિપક્વ થયા નથી...સત્તા પર બેઠાને હજુ તો 100 દિવસ પણ થયા નથી અને પોતાની સરકારના એક કેબિનેટ મંત્રી વિજય સિંગલાને ભષ્ચારના મામલે હાંકી કાઢવાની સાથે તેમની સામે કેસ પણ કરીને જેલમાં ધકેલી દીધો...! કરોડપતિ સિંગલાનો વાંક એટલે કે તેમણે એમ માની ટકાવારી લેવાની શરૂઆત કરી કે "આપ"ણી સરકાર છે, Dvs બધા કરે છે તો આપણે પણ કરીએ અને બે ટાક કમિશનની માંગણી કરી અને રંગે હાથે ઓડિયોમાં ઝડપાઇ ગયા...

બિચ્ચારા સિંગલા....પહેલીવાર મંત્રી બન્યા અને પહેલીવાર સીએઅમ બનેલાના હાથે કૂટાઇ ગયા. માન સરકારે મેસેજ આપ્યો-મારે કોઇ કરપ્શન જોઇતો નથી. નહીં ચલાવી લઉં, મી પંજાબી મુંડા સાડે નાળ રહોંગે તો એશ ભી નહીં..કેશ..ભી નહીં...! સિંગલાની સામે કેસ ચાલશે અને દાખલો બેસાડવા જેલમાં પણ મોકલાશે..

કહેનારા કહે છે કે માન હજુ નવાસવા છે. સિંગલાનો મામલો ઉકેલવામાં ઉતાવળ કરી. એ જે હોય તે પણ હવે લોકો માન સરકારની સરખામણી બીજી સરકારો સાથે કરે તો...? ગુજરાતમાં મસાજ માટે લાંચમાં તેલ પણ લેનાર આઇએએસ અધિકારી કે. રાજેશની સામે એક પછી એક પુરાવા અખબારો દ્વારા બહાર આવી રહ્યાં છે અને સીબીઆઇએ તેમની ખરેખર ધરપકડ કરી કે નહીં એ પણ જાહેર થયુ નથી તો સિંગલાની જેમ તો કિંકાપંતી રાજેશની હકાલપતી તો ખબર નહીં ક્યારે થશે..?

### યોગીજીએ એકવાર આંધ્રના અમલાપુરમની મુલાકાત લેવા જેવી ખરી..!



બંધારણના ઘડવૈયા...સૌથી વધુ વિદ્વાન... જેમની પ્રતિમાં ઠેર ઠેર એવા ભારત રત્ન ડો. બી.આર. આંબેડકરના નામ સામે આંધ્રપ્રદેશના અમલાપુરમના લોકોમાં વિરોધ અને તે પણ આટલો બધો વિરોધ હશે એ ત્યાંની સરકારને પણ કદાજ પહેલીવાર સમજાયુ હશે...!

આંધ્ર સરકારે કોનસીમા જિલ્લાનું નામ બદલીને ડો. બી.આર. આંબેડકર કોનસીમા રાખવાની જાહેરાત કરી તો જાણે લોકો રાહ જોઇને બેઠા હોય તે એટલો રોષ ભભૂક્યો કે મંત્રીના ઘરે આગ ચાંપી દેવામાં આવી..! સારૂ છે કે લોકો પાસે બુલડોઝર નહોતુ નહીંતર આંધ્રમાં પણ યુપી-આસામની જેમ બુલડોઝર ચાલી ગયુ હોત...મંત્રીના ઘરને આગચંપી કરવાની પ્રેરણાં એ લોકોને શ્રીલંકાની હિંસામાંથી પણ મળી હશે.. કેમ કે ત્યાંની ભીડે મંત્રીઓને મારવાની સાથે તેમના ઘરોને પણ આગ લગાડીને પોતાનો રોષ વ્યકત કર્યો હતો.

જેઓ આજીવન વિવાદોથી દૂર રહ્યાં.. જેમના સામાજિક અને રાજકિય જીવન પર કોઇ દાગ નથી એવા ભારતના બંધારણના ઘડવૈયાના નામ સામે આટલો બધો વિરોધ કદાજ પહેલીવાર દેશવાસીઓએ જોયો હશે.. અને જો તેમના નામ સામે આટલો બધો વિરોધ બહાર આવ્યો તો એ શહેર..એ જિલ્લામાં..એ જિલ્લાના ગામોમાં રહેતા દલિતોની શી હાલત હશે..?!આંધ્રમાં કડક સીએમ યોગીની જરૂર છે...કેટલાય નામો બદલી નાંખ્યો.. કોઇ વિરોધ નહીં..યોગીજીએ એકવાર અમલાપુરમની મુલાકાત લેવા જેવી ખરી..!

### ભરતસિંહ પણ ઇચ્છતા નથી કે ગુજરાતમાં કોંગ્રેસને સત્તા મળે...! જય શ્રીરામ..

કોંગ્રેસ છોડતી વખતે હાર્દિક પટેલે દાવો કર્યો કે કોંગ્રેસના નેતાઓ હિન્દુવિરોધી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે તેનો જવાબ આપ્યો. પણ પ્રદેશ કોંગ્રેસના એક અન્ય સિનિયર નેતા ભરતસિંહ સોલંકીએ હાર્દિકના દાવાને સમર્થન મળતુ હોય તેમ અયોધ્યામાં રામ મંદિર માટે મોકલાયેલી રામશીલાઓની સ્થિતિ અંગે જે ટીપ્પણી કરી તે હિન્દુ વિરોધી છે, તેઓ એમ કહી શક્યા હોત તે રામશીલાઓ પર ગંદકી જામી છે, યોગ્ય જાળવણી થતી નથી તેના બદલે એમ કહેવુ કે રામશીલાઓને હવે કૂતરા ભીની કરી રહ્યાં છે(આમ તો સોલંકીએ ખરાબ શબ્દ પ્રયોગ કર્યો છે) તો તે હાર્દિકના દાવાને યોગ્ય ઠેરવે છે...



ગુજરાત કોંગ્રેસની એક ખાસિયત રહી છે જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે ત્યારે આવા વિવાદી નિવેદનો થાય છે અને કોંગ્રેસને જે હિન્દુઓ વોટ આપવાનું મન બનાવે છે તેઓના મન પછી ખાટા થઇ જાય છે અને પછી એમ જ કહે કે આ લોકે નહીં સુધરે..એવા ને એવા જ રહેશે...નથી આપવો પંજાને વોટ..ભલે તેલના ભાવ વધે સહન કરી લઇશું પણ તેલ લેવા જાય તારી કોંગ્રેસ....!

સુપ્રિમ કોર્ટના તત્કાલીન સીજે જસ્ટીસ રંજન ગોગોઇના ચુકાદાથી અયોધ્યામાં દિવ્ય ને ભવ્ય રામમંદિર બની રહ્યું છે. ત્યાં પડેલી રામશીલાઓનો તેમાં ઉપયોગ કર્યો જ હશે અને હવે રામમંદિરનો કોઇ વિવાદ નથી ત્યારે રામમંદિરનો વિવાદ છેડવાની ભરતસિંહ જેવા સિનિયર નેતાઓને શું જરૂર પડી હશે...? પંજાને હિન્દુઓના વોટ મળે એવી વાણી ઉચ્ચારવાને બદલે અવળવાણી ઉચ્ચારે તો એમ જ લાગે કે-ભરતસિંહ પણ ઇચ્છતા નથી કે ગુજરાતમાં કોંગ્રેસને સત્તા મળે...!

પ્ર.ઘ.

## એલર્ટ: કચ્છથી પોરબંદર સુધીના દરિયાકાંઠે 60 કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી

**27થી 29 મે સુધી માછીમારોને દરિયો ખેડવા ન જવા હવામાન વિભાગની સૂચના**



ગુજરાત | વંદન

રાજસ્થાનમાં સક્રિય થયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશનનો ટ્રફ દક્ષિણ-પશ્ચિમી રાજસ્થાનથી લઈને ઉત્તર-પૂર્વીય અરબી સમુદ્ર સુધી લંબાયો છે. જેને કારણે આગામી 3 દિવસ દરમિયાન અમદાવાદ સહિત રાજ્યમાં પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. એવામાં દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને 25થી 29 મે દરમિયાન દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગ મુજબ, ગુજરાતના જખૌ, માંડવી, મુંદ્રા, નવા કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખા તથા પોરબંદરના દરિયાકાંઠે 27થી 29 મે 2022 દરમિયાન 40થી 50 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જે 60 કિલોમીટર સુધી પણ પહોંચી શકે છે. એવામાં માછીમારોને આ સમય દરમિયાન દરિયો ખેડવા ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે.

## પથરીની બીમારીથી કંટાળી આશાસ્પદ યુવાનનો નદીમાં પડતું મૂકી આપઘાત

ગુજરાત | વંદન

આસ્ટોડિયાના 25 વર્ષીય યુવકે પથરીની બીમારીથી કંટાળી સાબરમતી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હતી. બનાવ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આસ્ટોડિયાની શંભુ ચકાની ખડકીમાં રહેતા સૌમિલ દિનેશભાઈ ઠાકર (ઉં,25)એ સાબરમતી નદીમાં જમાલપુર ફૂલ બજાર વોક વે તરફથી પાણીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હતી. પોલીસ તપાસમાં પરિવારજનોએ જણાવ્યું હતું કે, સૌમિલ પથરીની બીમારીથી પરેશાન હતો.

અસહ્ય દુખાવાથી કંટાળી સૌમિલે આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે બનાવ અંગે પરિવારની નિવેદન લઈ આગળની કાર્યવાહી પુરી કરવા તજવીજ હાથ ધરી હતી.

## અમદાવાદમાં IPLની બે મેચ : વડાપ્રધાન પણ મેચ જોવા સ્ટેડિયમમાં આવે તેવી શક્યતાઓ

# PM મોદી અને અમિત શાહનો ગુજરાત પ્રવાસ, બોલિવૂડ સેલિબ્રિટી પણ આવશે

**1 લાખની ક્ષમતા હોવા છતાં સ્ટેડીયમ હાઉસફૂલ બની તેવી શક્યતા**

ગુજરાત | વંદન

ગુજરાત માટે ચાલુ સપ્તાહનાં અંતિમ દિવસોમાં ક્રિકેટથી માંડીને રાજકીય મહાનુભાવોની હાજરીથી પોલીસ સહિત તમામ સરકારી વિભાગોને સતત દોડતું રહેવું પડે તેવી સ્થિતિ ઉદ્દભવવાની છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમમાં IPL ટુર્નામેન્ટની અંતિમ બે મેચો રમાવાની છે.શુક્રવારે ક્વોલીફાયર-2 અને રવિવારે ફાઈનલ રમાશે. 1 લાખની ક્ષમતા હોવા છતાં સ્ટેડીયમ હાઉસફૂલ બની તેવી શક્યતાઓ છે.આ સંદર્ભમાં સુરક્ષાની સમીક્ષા કરવા અમદાવાદ પોલીસ કમિશનર સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમ સોમવારે સ્ટેડિયમ ખાતે પહોંચી હતી. જ્યાં એક કલાક સુધી મિટિંગ પણ યોજાઇ હતી.

અમદાવાદના પોલીસ સુત્રો તરફથી જણાવ્યું હતું કે સુરક્ષા માટે પણ ખાસ એકશન પ્લાન ઘડવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાતમાં હોવાના કારણે રાજ્યવ્યાપી સુરક્ષા પ્લાન અને સુરક્ષા રિસર્હલ કરવામાં આવશે. IPLની મેચો માટે પાર્કિંગથી માંડીને ટ્રાફીક વ્યવસ્થા માટે ખાસ તૈયારી કરવામાં આવી છે.ટ્રાફીક વ્યવસ્થા માટે જ 5 DCP, 7 ACP, 10 PI, 15 PSIને રોકવામાં આવ્યા છે. જ્યારે સુરક્ષા વ્યવસ્થા માટે 5000 જવાનોને તૈનાત કરવામાં આવશે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વડાપ્રધાન મોદી પણ મેચ જોવા સ્ટેડિયમમાં જાય તેવી શક્યતાઓ છે.



### આટકોટમાં વડાપ્રધાન મોદી હોસ્પિટલનું લોકાર્પણ કરશે

અગાઉ વડાપ્રધાન ગુજરાતમાં 29 તારીખે આવવાના હતાં પણ તેમના પ્રવાસમાં ફેરફાર થવાથી તેઓ હવે 28મીએ ગુજરાત આવશે. ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરાએ નિવેદન આપ્યું હતું કે, આટકોટ ગામે 28મેના રોજ 40 કરોડના ખર્ચે બનેલી કે.ડી. પરવાડિયા મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થનાર છે.

### અમિત શાહ નારણપુરામાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું ભૂમિ પૂજન કરશે

કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી તથા સહકારીતા મંત્રી અમિત શાહ આગામી 28 અને 29 મેના રોજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ બે દિવસના પ્રવાસ દરમિયાન તેઓ સહકાર સંમેલન તથા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના ભૂમિ પૂજન કાર્યક્રમમાં ભાગ લેવાના છે.અમદાવાદના નારણપુરા વિસ્તારમાં વરદાન ટાવર પાસે આવેલી 20.39 એકર જમીનમાં રૂ.631.77 કરોડના ખર્ચે બનનારા ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું 29મી મેના રોજ સાંજે 4 વાગ્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવશે.

**ભ્રષ્ટાચાર** એક આઇએએસ સામે 100 ફરિયાદો..અનેકને ગેરકાયદે હથિયાર લાયસન્સના આરોપ અને માથે ચૂંટણી...!

# તેરા ક્યા હોગા કિંકાપતીજી..રાજેશજી..? જેલમાં જશે..? લાગતુ તો નથી પણ પછી કહેવાય નહીં....?!

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના વર્ષમાં સત્તાપક્ષ કોઇ ઉચ્ચ અધિકારીની ભષ્ટ્રાચારના કથિત આરોપ હેઠળ સીબીઆઇ દ્વારા કાર્યવાહી કરવા દે એવુ ભાગ્યે જ બને અથવા તો બને જ નહી. કેમ કે તેનાથી સીધા છાંટા સરકાર ઉપર પણ ઉડી શકે અને વિરોધપક્ષને સરકાર સામે આરોપ કરવાનું ભાવતુ મળી જાય. તેમ છતાં જ્યારે કે. રાજેશ નામના 2011ની કેડરના આઈએએસની સામે સીબીઆઈએ કરોડોના ભ્રષ્ટ્રાચારના મામલે કાર્યવાહી શરૂ કરી ત્યારે રાજકીય ક્ષેત્રે ઘણાંને નવાઇ લાગી. કેટલાકને લાગ્યું કે ચૂંટણીઓ નજીકમાં છે અને સરકારના કલેકટર કક્ષાના એક એવા ઉચ્ચ અધિકારીની ધરપકડ કે જેમને છેલ્લાં એક વર્ષથી બચાવવામાં આવતા હતા અને કોઈ મોટા નેતાની સાથે ઘરોબો ધરાવતા હોય તેવા વગદાર અધિકારી સામે પગલાં, રિમાન્ડ, તેમના વચેટિયાની સુરતથી ધરપકડ



અને રિમાન્ડ તથા અધિકારી સામે હવે રહી રહીને 100 કરતાં વધુ ફરિયાદોનો મારો...વગેરે. જોતા ઘણાંને માથુ ખંજવાળવાનું મન થાય કે ચૂંટણી ટાણે આવુ કેમ થયું..?!

કહેવત છેને કે પડે ત્યારે બધુ જ એક સાથે પડે..તેમ કિંકાપતી રાજેશ નામના આ સનદી અધિકારીની સામે સીબીઆઈએ નોંધેલી ફરિયાદમાં જે વિગતો બહાર આવી રહી છે તે જોતાં અત્યાંત બુધ્ધીજીવી ગણાંતા આઈએએસ સ્તરના અધિકારીએ શક્ય છે કે કોઈના આશિર્વાદથી કલેકટર ફંડ બનાવ્યું, હથિયાર લાયસન્સ માટે પાંચ લાખ ચેકથી લેવા સુજલામ સુફલામ જેવા નામે વિકાસ ફંડ બનાવવાની હિંમત કરી હશે. આટલુ ઓછુ હોય તેમ હથિયાર લાયસન્સ માટેની રકમની સાથે 3 કિલો તલનું તેલ મસાજ માટે લીધુ અને તેના ફોટા પણ પડાવ્યાં...જે ફોટો કહેવાય છે કે સીબીઆઈએ તેમની સામેની ફરિયાદમાં બિડાણ કર્યો છે..!

થોડાક સમય પહેલાં છત્તીસગઢમાં પૂજા સિંઘલ નામના મહિલા આઈએએસ 25 કરોડની રોકડના મામલામાં અખબારોના પાને ચમક્યા હતા. ગરીબો માટેની મનરેગા યોજનાના કરોડો રૂપિયા આ મહિલા લઈ લેતી હતી એવો આરોપ છે. તેના સીએને ત્યાંથી 17 કરોડની રોકડ મળી અને પૂજાના ઘરેથી ઘણુબધુ મળ્યું અને આ મહિલા સનદી અધિકારી હવે જેલમાં છે અને બેઠા બેઠા હિસાબ કરતી હશે કે હજુ કોની પાસેથી બાકી છે...? નોટોના જથ્થા, પૂજાના ફોટા વગેરે. લોકોને અખબારો અને ટીવી મિડિયા મારફતે જોવા મળ્યા ત્યારે કોઈએ

...અનુસંધાન પેજ નં. 6 પર

## અમદાવાદમાં 1 જુલાઈથી પ્લાસ્ટિક પર પ્રતિબંધ

### આ પ્રકારના પ્લાસ્ટિક વાપરવાથી દૂર રહેજો

અમદાવાદમાં હવે હેલ્થને હાનિકારક એવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામા આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે આ મામલે મહત્વનો પરિપત્ર કર્યો છે. જે મુજબ, હવે અમદાવાદમાં 120 માઈક્રોનથી ઓછા અને રિસાઈકલ ન થઈ શકે એવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકાયો છે.

કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેઈન્જ મંત્રાલયના પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેના આધારે હવે અમદાવાદમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ આવી રહ્યો છે. કેટલાક પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ પર 1 જુલાઈ 2022 થી સંપૂર્ણ બંધ કરવાનો પરિપત્ર જાહેર કરાયો છે. 1 જુલાઈથી પ્લાસ્ટિકની પ્લેટ, ઝંડા, કપ, સ્ટ્રો, ટ્રે, ફોર્ક, આઈસ્ક્રીમની ચમચી જેવા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં થઈ શકે છે. એક વિશેષ પરિપત્ર દ્વારા આ પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. આ વસ્તુઓ પર પ્રતિબંધ રહેશે

પરિપત્ર મુજબ, 100 માઈક્રોનથી ઓછી જાડાઈના કપ, પ્લેટ્સ, ચમચી, નાઈફ સહિત

...અનુસંધાન પેજ નં. 6 પર